ગૂજરાતી પાંચમી ચોપડીના અર્થ.

કવિતાની સમજુતી, વ્યાકરણ, તથા ભરતખં-
ડનું વર્ણન
બનાવનાર,

ફકીરભાઇ કાસીદાસ,

સુરતની નામદાર સર જમસેદજી જીજીભાઇવાળી નંબર
1 વાળી છોકરાની નિશાળના વડા માજી માસ્તર
તેના છોકરા નગીનદાસ ફકીરભાઇ કાસીદા-
સની નવી છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઇ જગજીવનદાસ.

(સુધારો તથા વધારો કરેલી આવૃત્તિ ૨૦ મી.)

કીમત ૫ આના.

મુંબઈ,
"તત્વવિવેચક" છાપખાનામાં છાપ્યું

સન ૧૮૯૯.

६८७५१

भरतखंडनुं वर्णन.

१—भरतखंडनुं स्वरूप.

१—हिंदुस्तान देश એશિઆ ખંડની દક્ષિણ દિશા તરફ છે.

२—એનો આકાર ત્રિકોણાકારને મળતો દ્વીપકલ્પના જેવો છે.

३—हिंदुस्तान દેશનાં પાંચ નામ (૧) લું નામ आर्यवृत्त (२) जुं भरतखंड (३) जुं हिंदुस्तान (४) थुं हिंदीद्वीपकल्प અને (૫) મુ इन्डीआ.

२—भरतखंडनी सीमा.

१—ઉત્તરે હિમાલય પર્વત તેની પેલીમેર તિબેટ છે, તથા હિંદુકુશ અને કારાકોરમ પર્વત તેની પેલી બાજુએ તાતાર છે.

२—પશ્ચિમે સુલેમાન પર્વતોની પેલીમેર અફગાનિસ્તાન છે અને હાલા પર્વતની પેલી બાજૂએ બલૂચિસ્તાન છે.

३—નૈરૂત્ય કોણમાં અરબી સમુદ્ર છે.

४—દક્ષિણે હિંદી મહાસાગર છે;

५—અગ્નિ કોણમાં હિંદી મહાસાગર અને બંગાળી ઉપસાગર છે.

६—પૂર્વ સિમાએ જંગલ અને ડુંગરા છે તેની પેલી બાજૂએ બ્રહ્મદેશ છે.

૩—ભરતખંડનું ક્ષેત્રફળ તથા વસ્તી.

१—ક્ષેત્રફળ ૧૫,૮૩,૨૭૬ ચોરસ મૈલ જેટલો વિસ્તાર છે.

२—ભરતખંડની વસ્તી. (૨૮,૬૦,૦૦,૦૦૦) અઠ્ઠાવીશ કરોડ સાઠ લાખ માણસની વસ્તી છે.

४—ભરતખંડની લંબાઈ તથા પાહોળાઈ.

१—કાશ્મીરની ઉત્તરથી તે કન્યાકુમારી સૂધી ભરતખંડની લંબાઈ ૧૯૦૦ મૈલ થાય છે. અને સિંધથી આસામ સૂધી પહોળાઈ ૧૮૦૦ મૈલ થાય છે.

૫—હિંદુસ્તાનના મોટા બે ભાગ.

ગૂજરાતની પશ્ચિમથી તે ગંગા નદીની પાસેના બુંદેલખંડ સુધી પ્રસરેલા વિંધ્યાચળે એ ત્રિકોણના બે ભાગ કર્યા છે.

૬—એમાંના ઉત્તરના ભાગનું નામ (૧) **हिंदुस्तान** છે, અને દક્ષિણના ભાગનું નામ (૨) **दक्षिण** (દખણ) છે.

૭—**हिंदुस्तानना** ૭ પ્રાંત કરી શકાય છે.

१—हिमालयनी तळेटीनो ढळतो प्रदेश (२) सिंधुनदीनो प्रदेश. (३) रेतीनुं रण (४) मध्य हिंदुस्ताननो अने थोडो रजपुतानानो ऊंचो प्रदेश. (५) गंगानो प्रदेश (६) ब्रह्मपुत्रनो प्रदेश.

૮— ૧—કચ્છનો સાંકડો મૂલક મોટા રણુ અને સમુદ્રની વચ્ચે આવેલો છે.

૯— **२—दक्षिण देश.**

૧—વિંધ્યા પર્વતની દક્ષિણે આવેલા મૂલકને દક્ષિણ દેશ કહે છે.

૨—દક્ષિણ દેશમાં મદ્રાસ ઇલાકો, મધ્ય પ્રાંતો, મુંબઈ ઇલાકાનો ઘણો ખરો ભાગ, તથા હૈદરાબાદ, મ્હેસુર, અને બીજાં નાનાં રાજ્યો છે.

૩—દક્ષિણ દેશના ચાર સ્વાભાવિક ભાગ થઈ શકે છે.

१—नर्मदानो प्रदेश (२) शुद्ध दक्षिण (३) पूर्व कांठानो नीचाणनो प्रदेश અને **(४) पश्चिम किनारानो नीचाणनो प्रदेश.**

૧૦—**द्वीपो तथा (बेटो).**

૧—ભરતખંડની છેક થડમાં **सिंहलद्वीप.**

૨—મલબાર કાંઠાપર **लक्षद्वीप.**

૩—કન્યા કુમારીની દક્ષિણે **मालदीव.**

૪—મલાયા તથા બ્રહ્મદેશના કાંઠા ભણી **आंदामान** અને **निकोबार** છે

૫—**हिंदुस्ताननी** પશ્ચિમે અરબી સમુદ્રમાં મુંબઈ બેટ છે તથા **साष्टी** અથવા એને અંગ્રેજીમાં સાલસિટ કહે છે.

૧૧—पेदाश.

૧—ભરતખંડની જમીનમાં લોઢું અને ત્રાંબું મસ નીકળે છે. બંગાળા અને મધ્યપ્રાંતમાંથી કોયલા નીકળેછે. તેમાં ઘણીજ અગત્યની કોયલાની ખાણ ચંદાની સમીપ છે. પંજાબ અને રજપૂત સંસ્થાનોમાંથી મીઠું નીકળેછે; બુદેલખંડ, પંજાબ, અને બીજી કેટલીક જગ્યા એથી સોનું ને હીરા મળે છે. લંકાની આસપાસ દરિયામાંથી મોતી નીકળેછે. તે આખી દુનિયામાં સર્વોતમ ગણાયછે. તથા ઘણે ઠેકાણેથી સુરોખાર જડેછે. તેમજ ખેતીની નીપજ પણ ઘણી છે. ઘણી જાતનાં અનાજ નીપજેછે. તથા ઘણાંક ઉપયોગી અને કીમતી વૃક્ષો એ દેશમાં ઉત્પન્ન થાયછે.

૧૨—हिंदुस्तानना मुख्य द्वीपकल्पो.

૧—**काठीआवाडनो द्वीपकल्प हिंदुस्ताननी पश्चिमे** કચ્છ અને ખંભાયતના અખાતની વચ્ચે છે.

૧૩—हिंदुस्ताननी મુખ્ય ભૂશિરો.

૧—**दीव**-કાઠીઆવાડ દ્વીપકલ્પની દક્ષિણે.

૨—**कोमोरीन-हिंदुस्ताननी** દક્ષિણે.

૩—**केलीमीयर-हिंदुस्तानना** અગ્નિકોણમાં.

૪—**पालमाईरास**-હિંદુસ્તાનની પૂર્વે બ્રાહ્મણી અને વૈતરણીના મૂખ આગળ.

૫—**निग्रेस**-બરમાની પશ્ચિમે અથવા બ્રહ્મદેશની પશ્ચિમે.

૧૪—हिंदुस्तानना मुख्य किनारा.

૧—**मलबारकांठो**-પશ્ચિમ કાંઠાના દક્ષિણ ભાગને કહેછે.

૨—**कोरोमांडल**-પૂર્વ કાંઠાના દક્ષિણ ભાગને કહેછે.

૧૫—हिंदुस्तानना मुख्य पर्वतो.

૧—**हिंदुकुश**-હિંદુસ્તાનની વાયવ્ય કોણમાં છે.

૨—**काराकोरम**-કાશ્મીરની ઉત્તરે.

૩—**हिमालय**-હિંદુસ્તાનની ઉત્તરે હિમાલય પર્વતનાં ઊંચામાં ઊંચા શિખરો જેવાકે (૧) **अवरेस्ट के गौरीशंकर** (૨) **धवलगीरी** વગેરે છે.

૪—**शिवालीक**–સતલજ અને જમનાની વચ્ચેછે.

૫—**सुलेमान**–પંજાબની પશ્ચિમે.

૬—**हाला**–સિંધ પ્રાંતની પશ્ચિમે.

૭—**अरवली**–રજપૂત સંસ્થાનમાં. અરવલી પર્વતના દક્ષિણ ભાગમાં રહેલો આબુ પર્વતનું શિખર વધારે ઊંચુંછે.

૮—**विंध्याचळ**–મધ્ય હિંદુસ્તાનમાં નર્મદાની ઉત્તરે.

૯—**सातपुडा**–મધ્ય હિંદુસ્તાનમાં નર્મદા અને તાપીની વચ્ચે.

૧૦—**सह्याद्रि** અથવા **पश्चिम घाट**–હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાની સમાંતર તાપી નદીથી તે કન્યાકુમારીની ભૂશિર સુધીછે.

૧૧—**पूर्वघाट**–હિંદુસ્તાનના પૂર્વ કિનારાની સમાંતર મહાનદીથી કન્યાકુમારી ભૂશિર સુધીછે.

૧૨—**निलगिरी**–મ્હેસુર પ્રાંતની દક્ષિણેછે.

१६—ऊंच प्रदेश.

૧—**माळवा**–મધ્ય હિંદુસ્તાનમાં વિંધ્યા પર્વતની ઉત્તરે.

૨—**शुद्धदाक्षिण**–દક્ષિણ હિંદુસ્તાનમાં પૂર્વ ઘાટ અને પશ્ચિમ ઘાટની વચ્ચેછે.

१७—हिंदुस्तानना मुख्य समुद्र.

૧—**अरबी समुद्र**–હિંદુસ્તાનની પશ્ચિમે.

૨—**हिंदीमहासागर**–હિંદુસ્તાનની દક્ષિણે.

१८—हिंदुस्तानना मुख्य अखात तथा उपसागर.

૧—**कच्छीअखात**–કાઠીઆવાડ તથા કચ્છની વચ્ચે

૨—**खंबातीअखात**–કાઠીઆવાડ દ્વીપકલ્પની પૂર્વે.

૩—**मनारनुंअखात**–હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

૪—**बंगाळानोउपसागर**–હિંદુસ્તાનની પૂર્વે.

૫—**मार्ताबाननुं अखात**–બ્રહ્માની પશ્ચિમે.

१९—सामुद्रधुनी.

૧—**पाकनी सामुद्रधुनी**–હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

२०—मुख्य सरोवर.

१—वलर सरोवर-કાશ્મીરમાં.

२—मंचर सरोवर-સિંધપ્રાંતમાં.

३—सांम्भर सरोवर-રજપૂત સંસ્થાનમાં અજમેરની ઉત્તરે.

४—सर सरोवर—રજપૂત સંસ્થાનમાં જસલમેરની ઉત્તરે.

५—चिलका सरोवर—હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર મહાનદીના મૂખની દક્ષિણે.

६—पुलीकत सरोवर-હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર મદ્રાસની ઉત્તરે.

७—कोलर सरोवर—હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર ગોદાવરી અને કૃષ્ણાની વચ્ચેછે.

२१—मुख्यनदीओ.

१—सिंधुनदी-તિબેટમાંથી નીકળી કાશ્મીરમાં થઇએ નદી હિંદુકુશ અને હિમાલયની વચ્ચે વહેતી પંજાબમાં પેસેછે અટક આગળ કાબુલ નદીએને મળે છે અને પંજાબની દક્ષિણમાં ત પંચનદને ભેગી થાયછે ત્યાંથી આગળ સિંધપ્રાંતમાં વહે છે ને અરબી સમુદ્રને મળેછે.

२—सिंधुने मळनारी नदीओना नाम.

१—काबुल (पंचनद) (१) जेलम (२) चिनाब (३) रावी (४) बिआ અને **(५) सतलज** છે.

३—लूणीनदी-અરવલી પર્વતમાંથી નીકળી મારવાડ, (જોધપુર) ના થોડાક ભાગમાં વહે છે અને કચ્છનારણને મળે છે.

४—साबरमती नदी-અરવલી પર્વતમાંથી નીકળી ગુજરાતમાં વહેછે ને ખંભાતના અખાતને મળે છે.

५—महीनदी-માળવાના ઊંચ્ચ પ્રદેશમાંથી નીકળી ગુજરાતમાં વહે છે ને ખંભાતના અખાતને મળે છે.

६—नर्मदानदी-મધ્ય હિંદુસ્તાનના પર્વતમાંથી નીકળી મધ્યપ્રાંત, માળવા, અને ગુજરાતમાં વહે છે ને ખંભાતના અખાતને મળે છે.

૭—**તાપીનદી**-સાતપુડા પર્વતમાંથી નીકળીને મધ્યપ્રાંત ખાનદેશ અને ગુજરાતમાં વહે છે ને ખંભાતના અખાતને મળે છે.

૮—**ગંગાનદી**-હિમાલય પર્વતમાંથી નીકળી, વાયવ્ય પ્રાંત અને બંગાળામાં વહે છે ને બંગાળી ઉપસાગરને મળે છે.

૯—**ભાગીરથીનદી**-ગંગામાંથી નીકળીને જુદે મુખે બંગાળી ઉપસાગરને મળે છે તેનું નામ હુગલી પાડયું છે.

૧૦—હુગલી નદીને મળનારી નદીઓ.

૧—**દામોદા (૨) રૂપ નારાયણ (૩) કુશી** એ ત્રણ નદીઓ છોટા નાગપુરમાં ઉત્પન્ન થાયછે ને હુગળી નદીને મળે છે.

૧૧—ગંગાને મળનારી નદીઓના નામ.

૧—જમણે કાંઠે અલાહબાદ પાસે જમના અને પટણા આગળ સોન નદીઓને મળે છે.

૨—ડાબે કાંઠે **રામગંગા, ગોમતી, ગોગરા, ગંડકી** અને **કાશિકી** એને મળે છે.

૧૨—જમના નદીને મળનારી નદીઓના નામ.

૧—**ચંબલ, સિંધ**, અને **બતવા** એ ત્રણ નદીઓનો સંગમ જમના જોડે થાય છે (બનાસ ચંબલને મળે છે.)

૧૩—**બ્રહ્મપુત્રા નદીની ઉત્પત્તિ**-તિબેટમાં છે હિમાલયને પૂર્વ છેડેથી ઉતરી આસામ અને બંગાળામાં વહે છે બ્રહ્મપુત્રની પશ્ચિમમાં આવેલી શાખાનો સંગમ ગંગાની પૂર્વ શાખા જોડે થાયછે.

૧૪—**ઇરાવદીનદી**-બ્રહ્મદેશમાં વહે છે અને મારતાબાનના અખાતને મળે છે.

૧૫—**સુરમા**-એ નદી કાચરડુંગરમાંથી નીકળી સીલહટની પશ્ચિમે વહેછે ને પછી દક્ષિણમાં વહી બ્રહ્મપુત્ર નદના એક ફાંટાને મળે છે.

૧૬—**સુવર્ણરેખા વૈતરણી**-અને **બ્રાહ્મણી** એ ત્રણ નદીઓ છોટા નાગપુરમાં ઉત્પન્ન થાયછે અને ઓઢિઆમાં થઇને બંગાળાના ઉપસાગરને મળે છે.

૧૭—**મહાનદી**–મધ્ય પ્રાંતમાં ઉત્પન્ન થાય છે અને ઓઢીઆમાં થઇને કટક આગળ બંગાળાના ઉપસાગરને મળે છે.

૧૮—**ગોદાવરી**–નાશકની સાડે ગોદાવરીનું મૂળછે ત્યાંથી **मुंबई ईलाको, हैद्राबाद,** અને **मद्रास ईलाकामां** વહેછે અને બંગાળી ઉપસાગરને મળે છે.

૧૯—**गोदावरी नदीने मळनारी नदीओनां नाम.**

૧–દક્ષિણે દિશાએથી આવનારી **मंजिरानो** સંગમ ગોદાવરી જોડે થાય છે.

૨–**मध्यप्रांत, खानदेश,** અને **वराडना** ઉત્તર દેશો તરફથી **वहेनार पेनगंगा, वरधा,** અને **वेनगंगाना** એકઠાં થએલાં જળ ગોદાવરીને મળેછે.

૨૦—**कृष्णा, मुंबई ईलाकामां सताराची** પાસે **महाबळेश्वर आगळ कृष्णानदीनुं मूळ** છે ત્યાંથી **मुंबई ईलाको, हैद्राबाद** અને **मद्रास ईलाकामां** વહી તે બંગાળી ઉપસાગરને મળે છે.

૨૧—**कृष्णा नदीने मळनारी नदीओनां नाम.**

(१) वारणा (२) भीमा, (३) तुंगभद्रा, અને બીજી ઘણી નદીઓ મળે છે.

૨૨—**कावेरी कुर्गमां** ઉત્પન્ન થઈ **म्हैसुर** તથા **मद्रास ईलाकामां** વહી તે બંગાળી ઉપસાગરને મળે છે.

२२—भरतखंड के हिंदना राज्य विभाग.

१—मुंबई इलाको.

२—मद्रास इलाको.

३—म्हैसुर अने कुर्गनां संस्थानो.

४—वराड सहित हैदराबाद संस्थान.

५—मध्य प्रांतो.

६—मध्यहिंद एजन्सिनां संस्थानो.

७—रजपूत संस्थानो.

८—पंजाब प्रांत.

९—वायव्य प्रांतो.

१०—अयोध्या प्रांत.

११—बंगाळा प्रांत.

१२—आसामनो मूलक.

१३—नेपाळ,भूतान, અને बीजां स्वतंत्र पहाडी संस्थानो.

१४—भरतखंड मांहेला पोर्तुगीझ અને फ्रेंच लोकनां संस्थानो.

२३—हिंदुस्ताનના મોટા शहेरो तथा ते विषे जाणवा लायक हकीकत.

१—**मुंबई**–એ મુંબઈ ઈલાકાની રાજધાનીછે એ બંદર પશ્ચિમ કાંઠે આખા હિંદુસ્તાનમાં સર્વથી મ્હોટું છે એવેપારનું મુખ્ય મથક છે ઈ૦ સ૦ ૧૬૬૧ માં પોર્તુગાલના રાજાએ ઈંગ્લાંડના બીજા ચાર્લસ રાજાને એ શહેર કન્યાદાન જોડે આપ્યું હતું ત્યારથી તે અંગ્રેજ સરકારના તાબામા છે તેમાં હાલ ૮૨૫૦૦૦ માણસ વસેછે.

२—**थाणा** } એ હિંદુસ્તાનની પશ્ચિમે અરબી સમુદ્રને કાંઠે
३—**वांद्रा** } સાષ્ટી બેટમાં છે, અને રેલ્વે સ્ટેશન છે.

४—**कल्याणी**–એ રેલ્વે સ્ટેશન છે ત્યાંથી રેલ્વેની સડકના બે ફાંટા થાય છે એક પૂણે જાયછે અને બીજો નાશક જાયછે.

५—**वसई**–એ શહેર અગાઉ ફીરંગી લોકને તાબે હતું ત્યાં ફીરંગી લોકે બાંધેલો (કોટ) પડી ગયેલો જોવામાં આવે છે.

६—**रत्नागिरी** } મુંબઈની દક્ષિણે અરબી સમુદ્રના કિનારા
७—**विंगोर्ला** } પર બંદર છે ત્યાં હમેશ મુંબઈથી આગબોટ ઉતારૂને લઈ જાય છે ને લાવેછે.

८—**खडकी**–એ પુણાની નજીક છે તેમાં લશ્કરની મોટી છાવણી છે.

९—**पुणा**–એ શહેર મૂળમીઠા નદી પર છેને રેલ્વે સ્ટેશન છે એ અસલ પેશ્વા સરકારની રાજધાનીનું શહેર હતું હાલમાં ચોમાસામાં મુંબઈનો ગર્વનર ત્યાં રહેછે.

૧૦—**सतारा**-એ શહેર મહાબળેશ્વરની પાસે કૃષ્ણાની પશ્ચિમેછે આ શહેરમાં શીવાજીના વંશ જે આગળ રાજ્ય કરતા હતા.

૧૧—**महाबळेश्वर**-કૃષ્ણા નદીના મૂળની પાસે આવેલું છે મહાબળેશ્વરપાસે માથેરાનના ડુંગર ઉપર મુંબઈ ઇલાકાના લોકોનું હવા ખાવાનું ઠેકાણું છે જ્યાં ગરમીના દહાડામાં મુંબઇનો ગવર્નર જઈ રહેછે.

૧૨—**सोलापुर**-દક્ષિણ પ્રાંતમા વેપારનું મુખ્ય મથક છે અને તે રેલવે સ્ટેશનછે પુણેથી-સોલાપુર રેલ્વે જાયછે.

૧૩—**नाशक**-ગોદાવરી નદીને તીરે હિંદુ લોકનું મોટું તીર્થછે.

૧૪—**अहमदनगर**-દક્ષિણમાં અગાઉ એ શહેરમાં ચાંદબીબી નામની લડાયક સ્ત્રી ત્યાં રાજ કરતી હતી તેને ઇ. સ. ૧૫૯૯ માં તેના સીપાઇઓએ દગાથી મારી નંખાવી એ શહેરને કેટલાક ચાંદબીબીનું નગર કહેછે.

૧૫—**धुळीआ**-ખાનદેશ જીલ્લાનું મુખ્ય શહેરછે.

૧૬—**धारवाड**-એ દક્ષિણમાં ધારવાડ જીલ્લાનું મુખ્ય શહેરછે.

૧૭—**हुबली**
૧૮—**बेलगाम**
૧૯—**कलादगी**
} એ ધારવાડ જીલ્લામાં મોટા ગામછે.

૨૦—**बीजापुर**-એ શહેર મુસલમાન રાજાઓના વખતમાં ઘણું પ્રખ્યાત હતું પણ હાલમાં ત્યાં ઘણી સુંદર ઇમારતો જોવામાં આવેછે સોલાપુરથી બીજાપુર રેલ્વે જાયછે.

૨૧—**तलीकोट**-કૃષ્ણા નદીની ઉત્તરેછે ત્યાં ઇ૦ સ૦ ૧૫૬૫ માં લડાઈ થઈ તેમાં દખણના સુલતાનો એ સાથે મળી વીજય નગરના રાજ્યનો અંત આણ્યો.

૨૨—**कारवाड**-એ ઉત્તર કાનડા જીલ્લાનું મુખ્ય શહેર અને મોટું બંદર છે તથા મુંબઈને કરાંચીની પેઠે ચોમાસામાં વહાણોનું રક્ષણ થઈ શકે એવું તેનું બારૂં છે.

२३—**कुंपटा** } એ કારવાડની દક્ષિણે અરબી સમુદ્રને કાંઠે
२४—**हांनावळ** } મોટા બંદર છે.

२५—**कोल्हापुर**-આ શહેરમાં શીવાજીના વંશનો રાજા રાજ કરેછે એ દેશી સંસ્થાનનું મુખ્ય શહેરછે.

२६—**जुन्नर**-એ શહેરમાં ઇ. સ. ૧૬૨૭ માં શિવાજીનો જન્મ થયો હતો.

२७—**अमदावाद**-ગૂજરાત પ્રાંતનું મુખ્ય શહેર સાબરમતી નદીના કાંઠાપર છે સુલતાન અહમદશાહે ઇ० स० ૧૪૧૨ માં વસાવ્યું.

२८—**खेडा** એ ખેડા જીલ્લાનું મોટું શહેરછે

२९—**नडीआद** ખેડાજીલ્લાનું મોટું ગામછે.

३०—**भरूच**-નર્મદા નદીને કાંઠેછે.

३१—**सुरत**-તાપી નદીને કાંઠેછે એ પહેલાં પશ્ચિમ હિંદુસ્તાનમાં ઘણું નામીચું ગણાતું હતું સને ૧૬૧૨ માં અંગ્રેજ લોકે વેપારને માટે એ શહેરમાં કોઠી કરી હતી.

३२—**भूज**-કચ્છ રાજ્યનું મુખ્ય શહેર ઇ० स० ૧૬૦૫ માં રાવશ્રી ખેંગારજીએ વસાવ્યું.

३३—**मांडवी**-કચ્છમાં મોટું બંદરછે.

३४—**वडोदरा**-ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર વીશ્વામિત્રી નદીના કાંઠાપર છે.

३५—**खंभात**-મહી નદીને કાંઠેછે એ શહેરમાં એક મુસલમાન નવાબ રાજા રાજ કરેછે ઇ० स० ૧૨૯૭ માં અલાઉદીનની ફોજે જીતી લીધું તે શહેરમાંથી કેટલાક ગુલામો પકડ્યા હતા તેમાં મલેક કાફુર કરીને હતો તેણે આગળ જતાં મોટું નામ કાઢ્યું.

३६—**राजकोट**-કાઠીઆવાડ પ્રાંતનું મુખ્ય શહેર આજી નદીને કાંઠે છે ત્યાં પોલીટીકલ એજંટ રહેછે.

३७—**भावनगर** }
३८—**जुनागढ** } એ કાઠીઆવાડના દેશી રાજાઓના મુખ્ય શહેરોછે.
३९—**नवानगर** }

૪૦—**पोरबंदर**-કાઠીઆવાડની પશ્ચિમે અરબી સમુદ્રને કિનારે બંદર છે અને તે પોરબંદરના રાણાને તાબે છે.

૪૧—**वेरावळ**-કાઠીઆવાડની નૈરૂત્યે અરબી સમુદ્રને કિનારે બંદર છે અને તે જુનાગઢના નવાબને તાબે છે.

૪૨—**प्रभासपाटणनगर**-કાઠીઆવાડની નૈરૂત્ય દીશાએ દરિઆ કિનારે છે ત્યાં સોમનાથનું દેહેરૂં હાલ પડી ગયેલું જોવામાં આવે છે ત્યાં ઈ૦સ ૧૦૨૪ માં મહમદ ધીઝનીએ સ્વારી કરી હતી.

૪૩—**अणहिलपुर**-એ ગૂજરાતની અસલી રાજધાનીનું શહેર ઈ૦ સ૦ ૭૪૬ માં વનરાજ ચાવડાએ વસાવ્યું હતું તે સિધપુરથી બારગાઉઉપર છે તેને પાટણ કહે છે એ ગાયકવાડને તાબેછે.

૪૪—**द्वारका**-એ હિંદુસ્તાનની પશ્ચિમે હિંદુલોકના તીર્થનું મોટું ધામ છે તથા બંદર છે તે ગાયકવાડ સરકારને તાબે છે

૪૫—**शिकारपुर**-એ શિકારપુર જીલ્લાનું મુખ્ય શહેર સિંધુ-નદીની પશ્ચિમે છે એમાં વેપાર રોજગાર સારો ચાલે છે શિકાર-પુરને આગળ ખોરાસાનની ભાગોળ કહેતા.

૪૬—**हैदराबाद**-એ સિંધ પ્રાંતનું મુખ્ય શહેર સિંધુનદીને પૂર્વ કાંઠે છે.

૪૭—**करांची**-મુંબઈ ઈલાકાનું બીજું મોટું બંદર ગણાયછે એ સિંધ પ્રાંતમાં મુખ્ય વેપારનું મથક છે.

૪૮—**सक्कर**-એ સિંધુનદીને કાંઠે બોઝન ધાટના વેપારનું મુખ્ય સ્થળ છે.

૪૯—**लारखाना** }
૫૦—**रोहरी** } એ બે મોટા કસ્બા છે લારખાના સિંધુનદીની પશ્ચિમે રેલ્વે સ્ટેશન છે અને રોહરી સિંધુનદીની પૂર્વે ખૈરપુર પાસે છે.

૫૧—**उमरकोट**-એ થરપારકર પ્રગણાનું મુખ્ય શહેર છે એ શહેરમાં ઈ૦ સ૦ ૧૫૪૩ માં અકબરનો જન્મ થયો હતો.

૫૨—**खैरपुर**-એ ખૈરપુર સંસ્થાનનુ મુખ્ય શહેર ખૈરપુર સંસ્થાન સિંધપ્રાંતમાં ઈશાન કોણમાં છે તે મીરઅલ્લી મુરાદના તાબામાં છે.

५३—कोटी–એ રેલ્વેસ્ટેશન સિંધુનદીની પશ્ચિમે છે. હૈદરાબાદ ને રસ્તે કરાંચીથી કોટ્રી સુધી રેલ્વે છે ત્યાંથી આગળ એ સડક સક્કર થઈને પંજાબ પ્રાંતમાં જાયછે.

૫૪—ठठ्ठा–સિંધુ નદીના મુખ આગળ પશ્ચિમે છે બળવા ખોરોની પછવાડે જતાં ઈ० સ० ૧૩૫૧ માં એ શાહેરમાં મહમદ તઘલખ મરણ પામ્યો.

२४—मद्रास इलाको.

१—मद्रास–ઈ० સ० ૧૬૩૯ માં અંગ્રેજે ફોર્તસેંત જયોર્જ બાંધ્યો તેની આસપાસ વસ્તી વધીને હાલ એ ઈલાકાની રાજધાની મદ્રાસ શહેર બન્યું છે એમાં હાલ ૪, ૪૯, ૯૫૦ લોક વસે છે એ કોરોમાંડલના કિનારાપર એક મોટું બંદર છે અને રેલ્વેસ્ટેશન છે તથા મદ્રાસ ઈલાકાનો ગવર્નર એ શહેરમાં રહેછે.

२—गंजाम–ઉત્તર સિરકાર પ્રાંતની ઉત્તરે બંગાળાના ઉપસાગરને કિનારે બંદર છે.

३—विशागपट्टण–એ ઉત્તર સિરકાર પ્રાંતમાં બંગાળાના ઉપસાગરને કિનારે બંદર છે.

४—कोकणद्द–એ ઉત્તર સિરકાર પ્રાંતની દક્ષિણે ગોદાવરી નદીના મુખ આગળ બંદર છે.

५—नेगापट्टण–એ કોરોમાંડલને કિનારે બંદર છે તથા રેલ્વે સ્ટેશન છે એ અગાઉ વલંદાલોકોનું સંસ્થાન હતું.

६—तुतिकोरिन–મનારના અખાતને કિનારે બંદર છે.

७—कोची–મલબાર કાંઠે ત્રાવણકોરની પશ્ચિમ એક બંદરછે આ શહેરમાં મોટા વહાણો બંધાય છે.

८—कालिकट–મલબાર પ્રાંતનું મુખ્ય શહેર અરબી સમુદ્રને કાંઠે બંદર છે. એ બંદરે થી સાગનું લાકડું, મરી, અને નાળિએર દેશાવર ખાને ચઢે છે, એ રેલ્વે સ્ટેશન છે મદ્રાસથી એક સડક કાલીકટ જાયછે.

९—तलिचेरी }
१०—कानानुर } અરબી સમુદ્રના કિનારાપર બંદર છે.

૧૧—**मंगलोर**–આરબી સમુદ્રના કિનારાપર બંદર છે તથા દક્ષિણ કાનડાનું મુખ્ય શહેર છે.

૧૨—**मच्छलीपट्टण**–બંગાળાના ઉપસાગરને કાંઠે કૃષ્ણા નદીના મૂખ આગળ બંદર છે તથા ઉત્તર સિરકારનું મૂખ્ય શહેર છે એ બંદર બંગાળાના ઉપસાગરને કાંઠે કૃષ્ણા નદીના મુખ આગળ ઉત્તર સિરકારનું મુખ્ય શહેર છે.

૧૩—**राजमंद्रि**–એ ગોદાવરી નદીને તીરે ઉત્તર સિરકાર પ્રાંતનું મુખ્ય શહેર છે.

૧૪—**कर्णाटक**–કર્ણાટક પ્રાંતની અસલની રાજધાની ઈ૦ સ૦ ૧૭૫૧ માં લાર્ડકલાઇવે જીતી લીધું.

૧૫—**कौंजेवरम (कांची)** એ પાલર નદીને કાંઠે છે.

૧૬—**त्रिचिनोपोली**–કર્ણાટકમાં મદ્રાસથી ઉત્તરેનું, મોટામાં મોટું શહેર ત્રિચિનોપોલી કાવેરી નદીને કાંઠેછે પહેલાં એ હિંદુ-રાજ્યની રાજધાની હતી.

૧૭—**मुंद्राकल**–એ રેલ્વેસ્ટેશન છે ત્યાંથી એક સડક મદ્રાસ તરફ તથા બીજી બલ્લારી જાયછે.

૧૮—**बल्लारी** } બલ્લારી એ રેલ્વેસ્ટેશન તુંગભદ્રાની દક્ષિણે
૧૯—**कडपा** } છે કડપા પનારની દક્ષિણે રેલ્વેસ્ટેશનછે આ બે શહેરો કર્ણાટકનો વાયવ્ય ભાગ સને ૧૮૦૦ માં નિઝામે અંગ્રેજોને આપ્યો તેમાં એ મુખ્ય શહેરો છે.

૨૦—**बाईपुर**–મલબાર કાંઠે રેલ્વેસ્ટેશન છે ત્યા થઈને કાલીકટ સુધી રેલ્વે જાયછે.

૨૧—**सेलम** } એ કર્ણાટકમાં મોટા કસ્બા છે એ બે શહેર
૨૨—**मदुरा** } ઈ૦ સ૦ ૧૭૯૨ માં ટીપુ પાસેથી લીધા.

૨૩—**कोइंबटुर**–એ કર્ણાટકમાં છે સને ૧૭૯૯ ટીપુ મુઆ પછી લીધું.

૨૪—**उत्ताकामंड**–નિલગીરી પાસે એક હવાવાળી ઊંચી ટેકરી છે જ્યાં ગરમીના દહાડામાં મદ્રાસનો ગવર્નર જઈ રહેછે.

२५—**त्रिवानद्रम**–એ ત્રાવણુકોર રાજ્યનું મુખ્ય શહેર છે એ રાજ્ય ઉપર હિંદુ મહારાજાનો અમલ છે.

२६—**त्रिचुर**–એ મલબાર અને ત્રાવણુકોરની વચ્ચે કોચીનનું મુખ્ય શહેર છે તે પર હિંદુ મહારાજાનો અમલ છે.

२७—**म्हैसुर**–એ મ્હૈસુર પ્રાંતની રાજધાની કાવેરીના દક્ષિણ તીરે છે તથા એનાપર ટીપુ સુલતાનના વંશનાં રાજ કરેછે.

२८—**शेरिंगापटण**–એનો કિલ્લો કાવેરી નદીમાંના ટાપુ ઉપર બાંધેલો છે એ શહેર સને ૧૭૯૯ માં અંગ્રેજો એ હુમલો કરીને લીધું જે વખતે ટીપુ માર્યો ગયો.

२९—**बंगलोर**–મ્હૈસુરની પૂર્વે છે એમાં મુખ્ય કમિશ્નર રહેછે.

३०—**मर्कारा**–એ કુર્ગનું મુખ્ય શહેર છે કુર્ગપ્રાંત ૧૮૩૪ માં અંગ્રેજો એ ત્યાંના લીંગાયત રાજાને પદભ્રષ્ટ કરી તાબે કર્યો.

३१—**हैद्राबाद**–એ નિઝામની રાજધાની કૃષ્ણાને મળનારી મુશીનદીના કાંઠાપર છે તેમાં અંગ્રેજી રેસીડેન્ટ રહે છે.

३२—**औरंगाबाद**–આગલા વખતની સુંદર ઈમારતો માટે પ્રખ્યાત છે.

३३—**दौलताबाद (देवगड)**–નો કિલ્લો વખણાય છે ઈ૦ સ૦ ૧૩૪૭ માં મહમદ તઘલખે પોતાની રાજધાની દીલ્લીમાંથી ફેરવી દક્ષિણે દોલતાબાદમા કરી હતી.

३४—**पैठण**–એ ગોદાવરી નદીને કાંઠે આવેલું છે ત્યાં શાલીવાહન નામે પ્રખ્યાત રાજા રાજ્ય કરતો હતો તેના વરસને શક કહે છે તે હજી ચાલે છે.

३५—**जालना**–ઓરંગાબાદની પૂર્વેછે એમાં રેસમી કાપડ થાય છે અને એ શહેરમાં અંગ્રેજના લશ્કરની છાવણી છે.

३६—**बेदर**–એ મંજીરા નદી ઉપર છે ત્યાં સોનાં રૂપાની કારીગારી વાળા પીતળનાં વાસણ વખણાય છે.

३७—**रैचुर**–એ રેલ્વેસ્ટેશન કૃષ્ણા નદીની દક્ષિણે છે મુંબઈથી રેચુર થઈને મદ્રાસ તરફ રેલ્વે જાય છે.

૩૮—**ईलोरा**-પર્વતમાંથી કોતરી કાઢેલા દહેરાંને માટે પ્રખ્યાત છે એ શહેર કર્ણાટક પ્રાંતની ઉત્તરમાં ગોદાવરીને કૃષ્ણા નદીની વચ્ચે છે.

૩૯—**वारंगुळ**-એ હૈદરાબાદની પૂર્વે ગોદાવરી નદીની દક્ષિણે છે એ અસલ તૈલંગણની રાજધાની હતી.

૪૦—**गोळकुंडा**-એ હૈદરાબાદની પાસે છે ને તે હિરાની ખાણોને માટે પ્રખ્યાત છે.

૪૧—**शिकंद्राबाद**-એ હૈદરાબાદની ઉત્તરે છે એ શહેરમાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

૪૨—**उमरावती**-એ વરાડ પ્રાંતની રાજધાની છે અને રૂના વેપારને માટે પ્રખ્યાત છે ને એ રેલ્વેસ્ટેશન છે નાગપુર રેલ્વેની એક શાખા ઉમરાવતી જાય છે.

૪૩—**खामगाम**-એ વરાડ પ્રાંતનું મુખ્ય શહેર છે અને રૂના વેપારનું મુખ્ય મથક છે ને એ રેલ્વેસ્ટેશન છે નાગપુર રેલ્વેની એક શાખા ત્યાં જાયછે.

૪૪—**इलिचपुर**-એ વરાડ પ્રાંતમાં તાપી નદીના મૂળ આગળ છે એ અસલ વરાડ પ્રાંતની રાજધાની હતી.

૪૫—**अकोला**-મુંબઇથી નાગપુરજતી રેલ્વેના સડક ઉપર સ્ટેશન છે.

૪૬—**कारिंगा**-વરાડ પ્રાંતમાં દક્ષિણે છે.

૪૭—**तांजोर**-એ શહેર કર્ણાટકમાં રેલ્વે સ્ટેશન છે ત્યાંથી નેગાપટણ બંદર સુધી રેલ્વેની સડક જાય છે.

૨૫—**मध्यप्रांतो.**

૧—**नागपुर**-એ મધ્ય પ્રાંતની રાજધાની છે અને તેમાં ધોતી જોડા વખણાય છે મુંબઇથી નાગપુર સુધી રેલ્વે જાયછે.

૨—**सितावलर्दी**-એ નાગપુરની ઉત્તરે ડુંગરી કિલ્લો છે.

૩—**काम्पटी**-એ નાગપુરની ઉત્તરે બાર મેલને અંતરે છે એમાં લશ્કરની છાવણી છે.

૪—**સાગર**–એ મધ્ય પ્રાંતમાં ઉત્તરે છે અને એ શહેરમાં અંગ્રેજી છાવણી છે સને ૧૮૧૮ ભોસલા સાથે લડાઇમાં અંગ્રેજને એ મુલક મળ્યો.

૫—**જબલપુર**–એ નર્મદાની ખીણમાં રેલ્વે સ્ટેશન છે અને તેની પાસે પ્રસિદ્ધ આરસના ડુંગર છે ત્યાં થઈ તે અલાહાબાદ સુધી રેલ્વે જાય છે.

૬—**રાયપુર**–મધ્યપ્રાંતમાં પૂર્વે છત્તીસ ગઢમાં છે તથા મુંબાઈ થી રાયપુર સુધી રેલ્વેની સડક છે.

૭—**વિલાસપુર**–એ શહેર મધ્યપ્રાંતની પૂર્વે છે ને વિલાસપુર જીલ્લાનું મુખ્ય શહેર છે.

૮—**ચંદા**–એ મધ્ય પ્રાંતની દક્ષિણે ને પેનગંગાની ઉત્તરે છે અને તેની પાસે કોયલાની ખાણો છે.

૯—**નરસિંગપુર** } એ નર્મદાની ખીણમાં મોટા ગામ છે
૧૦—**હશંગાબાદ** } ને રેલ્વે સ્ટેશન છે.

૧૧—**બૈતુલ**–સાતપુડાના ઉંચા પ્રદેશમાં બેતુલ પ્રાંતનું મુખ્ય શહેર બેતુલ છે.

૧૨—**આશિરગઢ**–મધ્યપ્રાંતમાં સાતપુડા પર્વતની દક્ષિણે બરાડપુરની પાસે પ્રખ્યાત ડુંગરી કિલ્લો છે એ શહેરને મુગલાઈ રાજ્યોમાં દક્ષિણની ભાગોળ કહેતા એ શહેર તાપી નદીની ઉત્તરમાં છે.

૧૩—**બરાનપુર**–આશિરગઢની થોડેક છેટે એ નામનું પ્રખ્યાત મુસલમાની શહેર છે અને તેમાં કસબી વણાટ સારો થાય છે.

૧૪—**વરધા** } એ મધ્ય પ્રાંતમાં વર્ધા જીલ્લાનું મુખ્ય શહેર
૧૫—**મંડોરા** } રેલ્વે સ્ટેશન છે ત્યાંથી રેલ્વેની એક સડક નાગપુર જાય છે અને બીજી હીંગણઘાટ જાયછે એ મધ્ય પ્રાંતમાં ભડોરા જીલ્લાનું મુખ્ય શહેર છે એમાં ભરત કામ વખણાય છે.

૧૬—**સિરોંચા**–એ શહેરની પાસે પ્રાણહિતા અને ગોદાવરીનો સંગમ થાય છે.

૧૭—**संबळपुर**–એ છત્તીસ ગઢમાં તેની પૂર્વે સંબળપુર પ્રાંતનું મુખ્ય શહેર છે સને ૧૮૦૩ માં મરાઠા ભોસલા પાસેથી અંગ્રેજે લીધું.

૧૮—**बस्तर**–છત્તીસગઢ પ્રાંતની દક્ષિણે એક દેશી રાજ્યનું મુખ્ય શહેર છે.

૧૯—**हिंगणघाट**–રૂના વેપારને માટે પ્રખ્યાત છે અને રેલ્વે સ્ટેશન છે વર્ધાથી તે હિંગણઘાટ સુધી રેલ્વેની સડક બાંધી છે.

૨૬—**मध्यहिंद एजन्सि.**

૧—**ग्वालियर**–એ સિંધીઆના રાજની રાજધાની છે સન ૧૮૦૪ થી એ કિલ્લાની તળેટીએ જુનુ શહેર છે.

૨—**लश्कर**–ગ્વાલિયરની પાસે નવું શહેર વસ્યું છે તેમાં અંગ્રેજી છાવણી છે.

૩—**देवास**
૪—**धार**
૫—**रतलाम** } એ દેશી રાજાઓના મુખ્ય શહેરો છે.
૬—**जावडा**
૭—**जबूवा**

૮—**मोरार**–ગ્વાલિયરની પાસે અંગ્રેજી શહેર છે

૯—**भोपाळ**–એ ભોપાળના રાજ્યનું મુખ્ય શહેર છે તે પર મુસલમાની બેગમ રાજ કરેછે.

૧૦—**इंदोर**–હોલકરની રાજધાની માળવામાં દક્ષિણે છે.

૧૧—**म्हौ**–ઇંદોરની દાક્ષણે બાર મેલને અંતરે અંગ્રેજી લશ્કરની છાવણી છે.

૧૨—**उज्जन**–સિંધીઆના રાજ્યોમાં ઈંદોરની ઉત્તરે ઉજ્જન નગરી પ્રાચીન માળવાની પ્રસિદ્ધ રાજધાની છે તેમાં વિક્રમાજીત રાજા થઈ ગયો તેનો સવંત હાલ ચાલે છે અલત્તમસે ઉજ્જન સર કરીને ત્યાંનું મહાકાળેશ્વરનુ મોટું દહેરૂં ખોદીનાખ્યું અને વિક્રમ રાજાનું પુતળું ભાંગીનાંખ્યું.

૧૩—**निमच**–એ શહેરમાં અંગ્રેજી લશ્કર રહે છે.

૧૪—**रेवा**–એ બુંદેલ ખંડમાં રેવા સંસ્થાનું મુખ્ય શહેર છે.

૧૫—**अर्चा**–એ બુંદેલ ખંડમાં બતવા નદી પાસે દેશી સંસ્થાનોનું મુખ્ય શહેર છે એ પણ હીરા અને અમુલ્ય ખાણોને માટે પ્રખ્યાત છે.

૧૬—**तेहरी** } બુંદેલ ખંડમાં દેશી સંસ્થાનોનું મુખ્ય
૧૭—**पन्ना** } શહેર છે એ હીરા અને બીજા અમુલ્ય ખનીજો ને માટે પ્રખ્યાત છે

૧૮—**चंदेरी**–એ શહેર બતવા નદીના કાંઠાપર છે. ઈ૦ સ૦ ૧૫૨૮ માં બાબરે એ શહેરપર ઘેરો ઘાલ્યો ને મેદનીરાયને હરાવ્યો.

૧૯—**चितोड**–ઈ૦ સ૦ ૧૩૦૩ માં અલાઉદ્દીને હાથ કર્યું.

૨૦—**मंदेश्वर**–રજપૂત સંસ્થાનમાં રતલામની ઉત્તરે છે ઇબ્રાહીમ લોદીનો કાકો અલાઉદ્દીન હતો તેણે બળવો ઉઠાવ્યો હતો તેને ગુજરાતના બાદશાહ બાહદુરશાહે આશરો આપ્યો હતો હુમાયુંએ ૧૫૩૫ માં મંદેશ્વર આગળ તેને હરાવ્યો.

૨૭—**रजपूतसंस्थान.**

૧—**अजमेर**–અંગ્રેજના તાબાના મુલકનું મુખ્ય શહેર છે એના ઉપર વાયવ્ય પ્રાંતનો લેફ્ટેનેન્ટ ગવર્નર દેખરેખ રાખે છે.

૨—**उद्देपूर**–એ દેશી રાજ્યનું મુખ્ય શહેર છે ઉદેપૂરના રાજા ભરતખંડમાં સૌથી પ્રાચીન કુળના છે.

૩—**जेपूर**–એ દેશી રાજ્યનું મુખ્ય શહેર છે તેની આસપાસ મુલ્યવાન ખાણો છે.

૪—**शिरोही**–અરવલી પર્વતની દક્ષિણે આબુ પર્વત ઉપર છે તેમાં ગર્વનર જનરલનો એજંટ રહેછે તે રજપૂત સંસ્થાન ઉપર દેખરેખ રાખે છે તથા તેમાં તલવારના પાના સારા બને છે.

५—**जोधपूर**
६—**बुंदी**
७—**बीकानेर**
८—**कोटा**
९—**किरोली**
१०—**किशनगढ**
११—**जसलमेर** — એ દેશી રાજાઓના મુખ્ય શહેર છે.
१२—**अलवड**
१३—**डुंगरपूर**
१४—**वांसवाडा**
१५—**प्रतापगढ**
१६—**झालावाड**

१७—**भरतपुर**
१८—**धोळपुर** — એ જાટ સંસ્થાનોના મુખ્ય શહેર છે.

१९—**टोंक**-એ મુસલમાનના સંસ્થાનનું મુખ્ય શહેર છે.

२०—**नशिराबाद**-અજમેરની દક્ષિણે છે તેમા અંગ્રેજી લસ્કરની છાવણી છે.

२१—**शिक्री**-ઈ૦ સ૦ ૧૫૨૭ માં બાબરે મેવાડના રાજા સંગને એ શહેર પાસે હરાવ્યો એ શહેર આગ્રાની પશ્ચિમે છે.

२८—पंजाबप्रांत.

१—**लाहोर**-પંજાબની રાજધાની રાવી નદીને કાંઠે છે ને એ રેલ્વે સ્ટેશન છે એમાં શીખ લોકની વસ્તી વધારે છે.

२—**अम्रतसर**-શીખ લોકનું પવિત્ર ધામ રાવી અને બિયાસ ની વચ્ચે છે ને રેલ્વે સ્ટેશન છે.

३—**मुलतान**-ચિનાબ નદીની દક્ષિણે છે એમાં શીખ લોકની વસ્તી ઘણી છે અને રેલ્વે સ્ટેશન છે.

४—**जालंदर**-બિયાસ અને સતલજની વચ્ચે છે અને તેમાં શિખ લોકની વસ્તી ઘણી છે.

૫—**अंबाला**-એ પતીઆળાની પૂર્વે છે એમાં શીખ લોકની વસ્તી ઘણી છે ને રેલ્વે સ્ટેશન છે.

૬—**फिरोजपूर**-તઘલખવંશનો ત્રીજો બાદશાહ ફીરોજશાહે સતલજ નદીને કિનારે એ શહેર વસાવ્યું.

૭—**लुद्दीयाणा**-સતલજ નદીને દક્ષિણે છે.

૮—**दील्ली**-એ જમના નદીને પશ્ચિમ કાંઠે છે ઈ૦ સ૦ પૂર્વે ૫૦૦૦ ની પણ પહેલાં પાંડવો એ વસાવ્યું એનું બીજું નામ ઈંદ્રપ્રસ્થ છે એમાં શૂરો પૃથુરાજ રાજા રાજ કરતો હતો તેને ઈ૦ સ૦ ૧૧૯૩ માં મહમદ ઘોરી એ માર્યો ત્યારથી તે મુસલમાન રાજાઓનું મુખ્ય રાજધાનીનું શહેર હતું.

૯—**पाणीपत**-દિલ્લી શહેરની ઉત્તરે પ્રસિદ્ધ રણ ક્ષેત્ર છે તેમાં મોટી મોટી લડાઈઓ થઈ છે તે ઈતિહાસમાં પ્રસિદ્ધ છે.

૧૦—**पेशावर**-કાબુલ નદીની દક્ષિણે છે અગાઉ અફઘાન લોકની રાજધાની હતી હાલમાં ત્યાં અંગ્રેજી લશ્કરનું મથક છે અને રેલ્વે સ્ટેશન છે.

૧૧—**रावळपींडी**-એ પંજાબમાં ઉત્તરે સિંધુ અને જેલમ વચ્ચે રેલ્વે સ્ટેશન છે.

૧૨—**अटक**-એની પાસે કાબુલ નદી સિંધુ નદીને મળે છે તથા રેલ્વે સ્ટેશન છે

૧૩—**मिटनकोट**-પંચનદ અથવા પાંચ નદી એકઠી થઈને એ શહેર આગળ સિંધુ નદીને મળે છે.

૧૪—**सोब्राओन**-સતલજની દક્ષિણે છે આ શહેરની પાસે ઈ૦ સ૦ ૧૭૪૬ માં સર હ્યું ગોફે શીખ લશ્કરને હરાવ્યું.

૧૫—**गुजरात**-ચીનાબની ઉત્તરે છે ઈ૦ સ૦ પૂર્વ ૩૨૭ માં પૌરવ અને સિકંદરની વચ્ચે એ શહેરની પાસે લડાઈ થઈ તેમાં પૌરવ હાર્યો તથા ૧૮૪૯ માં અંગ્રેજી લશ્કરે શીખ લોકને હરાવ્યા ત્યારથી પંજાબ પ્રાંત અંગ્રેજીરાજ સાથે જોડી નાંખ્યું.

१६—झेलम–ઝેલમ નદીને કાંઠે શહેર છે.

१७—मरी–પંજાબની ઉત્તરમાં ઝેલમ નદીની પશ્ચિમે હવાવાળી ઊંચી ટેકરી છે

१८—सिमला–સતલજ નદીની દક્ષિણે ઊંચી હવા વાળી ટેકરી છે જ્યાં હિંદુસ્તાનનો ગવર્નર જનરલ ગરમીના દહાડામાં જઈ રહેછે.

देशीराज्यो.

१९—काश्मीर (श्रीनगर) એ જેલમ નદીના કાંઠાપર છે.

२०—जाम–કાશ્મીરમાં ચીનાબની દક્ષિણે બીજું મોટું શહેરછે.

२१—ले–કાશ્મીરના લાડક પ્રાંતની રાજધાની સિંધુ નદીના કાંઠા પર છે.

२२—ईस्काडा–કાશ્મીરનાં બલીસ્થાન પ્રાંતની રાજધાની સિંધુનદીના કાઠા પરછે.

२३—भावळपूर–એ સતલજ અને સિંધુ નદીના ડાબા કાંઠાપર ભાવળપુર દેશી રાજ્યનું મુખ્ય શહેર છે.

२४—पटीआला
२५—कपरथला
२६—झींद
२७—फरीदकोट
२८—कळशीया

(२४–२८) એ શીખ લોકના સંસ્થાનોનાં મુખ્ય શહેરછે.

२९—वायव्य प्रांत.

१—आग्रा–વાયવ્ય પ્રાંતની જૂની રાજધાનીનું શહેર જમના નદીના જમણા કાંઠાપર આવેલું છે એ પ્રથમ મોગલ પાદશાહની રાજધાની હતી એમાં શાહજહા એ પોતાની બેગમનું નામ કાયમ રાખવા માટે તાજમહાલનામે સુંદર આરસપાણની ઈમારત કરાવીછે એ ઇમારત પાછળ ૭૫ લાખ રૂપીઆ ખરચ્યા હતા તથા સાડા ૭ કરોડ રૂપીઆ ખરચીએકતખ્ત બનાવ્યું હતું આગ્રાથી ૭ મૈલ દુર સિંકદ્રા નામે ગામમાં અકબર બાદશાહની કબર છે.

૨—**अलाहबाद**–(**प्रयाग**)એ વાયવ્ય પ્રાંતની રાજધાની ગંગા અને જમના નદીના સંગમ પરછે હાલમાં ત્યાં લેફ્ટેનન્ટ ગવર્નર રહે છે અને એ મોટું રેલ્વે સ્ટેશન છે ત્યાંથી એક સડક કલકત્તા તરફ અને બીજી વાયવ્ય પ્રાંત તથા પંજાબ પ્રાંત તરફ જાય છે.

૩—**मथुरा** એ શહેર જમના નદીના જમણા કાંઠાપર હિંદુ-લોકના દેવ કૃષ્ણને જન્મભૂમીનું પવિત્ર ધામ છે. ઇ. સ. ૧૦૧૯ માં દુષ્ટ પાપી મહમદ ગોઝનીએ એ શહેર લૂટીબાળી પાયમાલ કર્યું હતું.

૪—**कालपी**–જમના નદીને જમણે કાંઠે મોટું શહેર છે.

૫—**इटावा**–જમના નદીના ડાબા કાંઠાપર મોટું શહેર છે.

૬—**कनोज**–એ શહેરની પાસે રામગંગાનો સંગમ ગંગા જોડે થાય છે એ હીંદુલોકનુ જુનું શહેર છે.

૭—**कानपुर**–એ ગંગાનદીને કિનારે મોટું શહેર એમાં ચામડાની વસ્તુઓ બનેછે આ જગાએ ૧૮૫૭ માં દુષ્ટ નાનાસાહેબે અંગ્રેજ લોકની કતલ કરી હતી.

૮—**काशी**–(**बनारस**)એ ગંગાનદીને કાંઠે હિંદુ લોકનું મોટું પવિત્ર ધામ છે એમાં કિનખાબના વણાટ કામ સારા થાયછે ઈ૦ સ૦ ૧૧૯૪ માં પાપી મહમદ ઘોરીએ એ શહેરમાં દેહરાં ભાંગી તથા શિવલીંગો તથા મૂર્તીઓ તોડી નાંખી હતી.

૯—**झांसी**–એ જમના નદીને દક્ષિણે બતવાનદીપર શહેર છે.

૧૦—**फत्तेगढ**–ગંગા નદીના કાંઠાપર મોટું શેહેર છે.

૧૧—**मीरजापुर**–એ રેલ્વે સ્ટેશન ગંગાનદીને જમણે કાંઠે આવેલું છે રૂના બહોળા વેપારને માટે તથા ગાલીચાની બનાવટને માટે પ્રખ્યાત છે.

૧૨—**चुनारगढ**–મીરજાપુરની પૂર્વે ગંગા ને જમણે કાંઠે રેલ્વે સ્ટેશન છે શીરખા ચુનાર ગઢથી દુર ગયો હતો ત્યારે હુમાયું એ ચુનાર ગઢને ઘેરો ઘાલ્યો.

૧૩—**बक्सर**-ગંગાનદીને જમણે કાંઠે રેલ્વે સ્ટેશન છે હુમાયુંએ અહીં પોતાની ફોજનો પડાવ નાખ્યો હતો શીરખાંએ તેની ફોજપર છાપો માર્યો તેમાં હુમાંયું મુશ્કેલીથી બચ્યો.

૧૪—**गाजीपुर**
૧૫—**जोनपुर**
૧૬—**आझिमपुर**

એ વાયવ્ય પ્રાંતના પૂર્વ ભાગમાં મોટાં શહેરો છે.

૧૭—**मिरत**-એ ગંગા અને જમના વચ્ચે રેલ્વે સ્ટેશન છે એ શહેર મોટું લશ્કરનું મથક છે દેશી રેજીમીટોએ ૧૭૫૭ માં પહેલો બળવો ત્યાં કર્યો હતો.

૧૮—**शाहारणपुर**
૧૯—**अलीगढ**
૨૦—**बरेली**
૨૧—**मुरादाबाद**
૨૨—**शाहाजानपुर**

એ વાયવ્ય પ્રાંતમાં મોટાં શહેરો તથા રેલ્વે સ્ટેશન છે.

वायव्य प्रांतना देशी राज्यो.

૨૩—**रामपुर**-એ રોહીલ ખંડમાં રામપુર સંસ્થાનનું મુખ્ય શહેર છે તેના ઉપર નવાબનો અમલ છે.

૨૪—**तेहरी**-એ ગઢવાલના ડુંગરોમાં તેહરી સંસ્થાનનું મુખ્ય શહેર છે તે રજપૂત રાજાના તાબામાં છે.

૨૫—**रूडकी**-શહારણપુરની પાસે છે તેમાં ઇજનેરનું કામ શીખવાને એક મોટી કોલેજ છે.

૨૬—**कर्नाल**-એ શહેર પાનીપતની ઉત્તરે છે ૧૭૩૮ માં મુગલાઇ ફોજને ઈરાની નાદીરશાહે કર્નાલની લડાઇમાં હરાવી અને અને દિલ્લી જઈ સઘળો ખજાનો લૂટી લીધો.

૨૭—**स्थानेश्वर**-એ શહેર સતલજ અને જમનાની વચ્ચે છે ઇ૦ સ૦ ૧૧૯૩ માં પૃથુરાજ અને મહમદ ઘોરી વચ્ચે બીજી વાર લડાઈ થઇ તેમાં પૃથુરાજ હાર્યો અને માર્યો ગયો.

૩૦—अयोध्याप्रांत.

૧—**लकनौ**—એ શહેર ગોમતી નદીના કાંઠાપર અયોધ્યાપ્રાંતની રાજધાની છે.

૨—**फैजाबाद**—એ લકનોની પૂર્વે મોટું શહેર રેલ્વે સ્ટેશનછે.

૩—**अयोध्या**—એ ફૈજાબાદની પાસે ઉત્તરદિશા એ છે એ શહેરમાં રામનો જન્મ થયો હતો એ શહેર મનુએ વસાવેલું એવું રામાયણમાં કહ્યું છે આશરે ઇ. સ. પૂર્વે ૧૪૨૬ માં મહાભારતના મોટા યુદ્ધના રામનું અયાદ્ધા શહેર નાશ પામ્યું તે ઇ. સ. ૭૮ માં વિક્રમાદીતે ફરી વસાવ્યું એવું કહેવાય છે.

૪—**रायबरेली**—અયોધ્યાપ્રાંતમાં ગોમતી નદીની દક્ષિણે જીલ્લાનું મુખ્ય શહેર છે.

૩૧—बंगाळा इलाको

૧—**कलकत्ता** એ શહેર હુગળી નદીના કાંઠાપર બંગાળા ઈલાકાની રાજધાની છે મુંબઇથી કલકત્તાસુધી રેલ્વે જાય છે અને એ મોટું રેલ્વે સ્ટેશન છે. કલકત્તાના કિલ્લાને ફોર્ટવિલ્યમ કહે છે. ઇ૦ સ૦ ૧૬૯૬ માં બાંધવામાં આવ્યો હતો અને તે ઘણો મજબૂત છે વળી ભરતખંડની રાજધાની કલકત્તા છે તેમાં હિંદુસ્તાનનો ગવરનર જનરલ રહે છે પરંતુ ઉનાળામાં પંજાબમાં સિમલા નામે સ્થળમાં ઘણું કરીને રહે છે.

૨—**बराकपुर** એ શહેર કલકત્તાની ઉત્તરે છે ત્યાં લશ્કરનું મોટું મથક છે અહીં ગવર્નર જનરલ કોઈ કોઈવાર જઈ રહે છે.

૩—**श्रीरामपुर** એ શહેર હુગલી નદીનીપશ્ચિમે રેલ્વેસ્ટેશન છે એ આગળ ડચ લોકનું સંસ્થાન હતું.

૪—**चीनसुरा** એ શહેર હુગલી નદીના કાંઠાપર છે એ પહેલાં વલંદાલોકોનું સંસ્થાન હતું.

૫—**हुगली** એ શહેર હુગલીનદીના કાંઠાપર છે.

૬—**प्लासी** એ શહેર ભાગીરથીનદીની પૂર્વકાંઠે આવેલું છે

એ જગાએ ૧૭૫૭ માં લડાઈ થઈ હતી જેમાં કર્નેલકલાઇવે બંગાળાના નવાબસુરાજાઉદ્દદૌલાને હરાવ્યો અને બ્રીટીસરાજ્યની સ્થાપના કરી.

૭—**गया** એ શહેર બૌદ્ધ ધર્મનું પવિત્ર ધામ છે અને તે સોન નદીની પૂર્વે છે.

૮—**बहार** એ પ્રાંતનું મુખ્ય શહેર છે તે ગંગાનદીની દક્ષિણેછે.

૯—**पाटणा** એ શહેરની પાસે દક્ષિણેથી સોન અને ઉત્તરથી આવનાર ગંડકીનદી ગંગાને મળે છે.

૧૦—**भागलपुर** એ શહેરની પાસે ઉત્તરેથી આવવનાર કુશી-નદી ગંગાને મળે છે.

૧૧—**गोवलंदो** એ શહેરપાસેથી ગંગાનદીનો મુખ્યપ્રવાહ અગ્નિકોણ તરફ વહે છે.

૧૨—**सिलहट्ट** એ શહેર બ્રહ્મપુત્રનદને મળનારી સૂરમાનદી-પર છે.

૧૩—**दार्जिलिंग** એ એક હવાવાળી ઊંચી ટેકરી છે જ્યાં ગર-મીના દહાડામાં બંગાળાનો લેફ્ટેનન્ટ ગવર્નર જઇ રહે છે. દાર્જિ-લિંગનું રેલ્વેસ્ટેશન સિકિમની દક્ષિણે છે. તેની આસપાસના ડુંગ-રોમા સ્લેટ લોઢું અને ત્રાંબાની ખાણો છે.

૧૪—**बर्दवान** }
૧૫—**राणीगंज** } એ શહેર દમોદાનદીની ઉત્તરે રેલ્વે સ્ટેશનછે.

૧૬—**मुर्शीदाबाद** એ શહેર ભાગીરથીનદીની પશ્ચિમે રેલવે સ્ટેશન છે. તેમાં રેશમી કાપડ હાથીદાંતનો સામાન અને સોના-રૂપાનો ઘાટ સારો બને છે.

૧૭—**धाका** એ શહેર બ્રહ્મપુત્ર અને ગંગાનદીના મુખ્યપ્રવાહ આગળ આવેલું છે ધાકાની મલમલ, કાપડ, અને સાબુ વખણાય છે.

૧૮—**चितागौंग चित्तगोम** એ શહેર બ્રહ્મપુત્રનદના મુખની પૂર્વે મોટું બંદર છે. અને ત્યાં વહાણ બાંધવાનુ કામ અને સુતારનું કામ સારૂં થાય છે.

१९—**मोंगीर**–એ શહેર ગંગાનદીની દક્ષિણે રેલ્વે સ્ટેશન છે મોંગીરમાં સુતાર અને લુહારનું કામ સારૂં થાયછે.

२०—**मतलाह**–એ શહેર કલકત્તાની પેલીમેર મોટું બંદર અને રેલ્વે સ્ટેશન છે.

२१—**कटक**–એ શહેર ઓઢીઆ પ્રાંતમાં મહાનદીના મુખ આગળ બંદર છે.

२२—**जगन्नाथ**–એ શહેર ઓઢીઆ પ્રાંતમાં બંગાળાના ઉપ-સાગરને કીનારે હિંદુલોકનું તિર્થનું મોટું ધામ છે. અને તેને જગન્નાથપુરી કહેછે.

२३—**कार्ची**–એ શહેર છોટા નાગપુરમાં છે અને તે સુવર્ણ રેખા નદીના મૂળ આગળ છે.

२४—**सिकिम**–એ સંસ્થાન નેપાળ અને ભુતાનની વચ્ચ હિંમાલયમાં છે એ ઉપર રાજાનો અમલ છે.

२५—**कूचबहार**–એ સંસ્થાન સિકિમની દક્ષિણે છે.

१—बंगाळी उपसागरने मळनारी नदीओ.

ગંગા, ભાગીરથી, સુવર્ણરેખા, વૈતરણી, બ્રાહ્મણી, બ્રહ્મપુત્રા, મહા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી.

२—खंभाती अखातने मळनारी नदीओ.

સાબરમતી, મહી, નર્મદા, તાપી.

३—मारता बानना अखातने मळनारी नदी.

ઇરાવદી.

४—अरबी समुद्रने मळनारी नदी.

સિંધુ.

५—कच्छना रणने मळनारी नदी.

લુણી.

गूजराती पांचमी चोपडीना अर्थ.

આ ચોપડીમાં છોકરાઓને વ્યાકરણનું જ્ઞાન સારી પેઠે થાય તેને માટે પાઠમાં આવેલો દરએક શબ્દ વ્યાકરણમાં કયા વર્ગનો ગણાય છે તે શબ્દની સાથે લખી જણાવ્યું છે, અને તેની સમજવાની નિશાની ટુંકામાં નીચે મુજબ કરી છે તે પ્રમાણે વાંચીને સમજવું.

(ના) નામ.	(વિ) વિશેષણ.	(અ) અવ્યય.
(સ) સર્વનામ.	(ક્રિ) ક્રિયાપદ.	(કૃ) કૃદંત.

પાઠ ૧ લો.

ખરૂં (વિ) સાચુ
છાતી (ના) હિમ્મત.
તોબરો (ના) ઠોબરો.
દફતર (ના) જેસ્તાન (પાકીટમાં ચોપડીઓ વગેરે ઘાલેલું તે).
બડબડતો (કૃ) બકતો
મિજાજ (ના) તોર.
છેડતી (કૃ) અડકતી.
ચૂપ (વિ) મુગા.
ગુસ્સો (ના) રીસ.
બનતું (કૃ) હળીમળીને રેહેવાતું.
હિસાબ (ના) દાખલા.
સ્લેટ (ના) પથ્થરપાટી.
વાજબી (વિ) બરાબર.
ગેરવાજબી (વિ) ખોટું.
સમજણ (ના) અક્કલ.
કારણ (ના) સબબ.
જવાબ (ના) ઉત્તર.

પાઠ ૨ જો.

વાળુ (ના) રાતનું ભોજન.
રોષ (ના) ગુસ્સો.
ઉતર્યો (ક્રિ) નરમ પડ્યો.
મીઠાં (વિ) નરમાસ ભરેલા.
વચન (ના) શબ્દ.
લેહ (ના) ધ્યાન.
વખતસર (અ) બરાબર વખતે.
ખોટું (વિ) ખરાબ.
છેતર્યા (ક્રિ) ઉડાવ્યા.
ભુંડું (વિ) માઠું.
પાડ (ના) ઉપકાર.
વાંક (ના) તકસીર.
અટકાવ્યો (ક્રિ) ખાળ્યો.
વર્ગ (ના) કલાસ.
પક્કી (વિ) ખરેખરી.
ખાતરી (ના) પતીજ.
પરીક્ષા (ના) તપાસ.
ઠરાવ્યું (ક્રિ) નક્કી કીધું.
મદદ (ના) સહાય.
માઠું (ના) ખરાબ.
ભૂલ (ના) ચુક.
ભલા (વિ) સારા.
હમેશા (અ) રોજ.

પાઠ ૩ જો.

યત્ન (ના) મેહેનત.
સુધારો (ના) સારી હા-

લતમાં આવવું તે.
હાંસી (ના) મજાક.
દુર્ગુણ (ના)નઠારા આ-
ચરણ, ખરાબ ગુણ.
ચાલ (ના) રીતભાત.
ગમતી(કૃ) પસંદ પડતી.
જલદી (અ)તરત.
ફાયદો (ના) નફો.
છૂટી (ના) રજા.
કેડે (અ) પછી.
ડાહ્યો (વિ) શાણો.
દુનિયા (ના) પૃથ્વી.
ભોળો (વિ) કપટી નહીં
તે.
મશ્કરી (ના) મજાક.
ખીજવતાં (ક્રિ) ચીડવ-
તાં.
વહાલો (વિ) પ્યારો.
ગુણ (ના) ફાયદો.
કદાપિ (અ) કદાચ.
આખરે (અ) છેલ્લે
ચાહે (ક્રિ) પસંદ કરે
કંકાસ (ના) કજીઓ.
ટેવ (ના) આદત, ખો.

પાઠ ૪ થો.

પક્ષી (ના) પાંખવાળા
પશુ.
પશુ (ના) ચોપગાં જા-
નવર.
વાળ (ના) બાલ.
રૂવાં(ના)ઝીણા ઝીણા
બાલ.
બરડો (ના) પીઠ.
કરોડ (ના)બરડાની વ-
ચમાંનું હાડકું.[પશુ.
પ્રાણી (ના) જીવવાળા
અવતરે (ક્રિ) જન્મે.
સેવે (ક્રિ) હુંફાળા રાખે.
ગર (ના) માવો.
પોલાં (વિ) પોકળ.
શ્વાસ (ના) દમ.
છિદ્રો (ના) કાણાં.
ફેર (ના) તફાવત.
અણીઆળી (વિ) અ-
ણી વાળી.
કઠણ (વિ) મજબૂત.
ગીધ (ના) લોહી માસ
ખાનારૂં મોટું પક્ષી.
લક્કડખોદ (ના) એક
જાતનું પક્ષી.
સંધાઇ (કૃ) જોડાઇ.
મથાળે (ના) ઉપલા-
ભાગ ઉપર.
ચિત્ર(ના)નમુનો, છબી.

પાઠ ૫ મો.

સિંધવ (ના) એક જા-
તનો ખાર.
ડોલચી(ના) ચામડાનો
કે ધાતુનો મોટો ડોલ.
ઝુમ્મર (ના) કાચના
પ્યાલાનું ઝાડ.
અછત(ના)તાણ, ખોટ.
ઉત્પન્ન (વિ) પેદા.
સુરંગ (ના) પથ્થરમાં
લાંબા ખાડા ખોદી
માંહે દારૂ ભરી ફો-
ડેછે તે.
ચોસલાં (ના) ચોડા
કકડા.
છૂટાં (વિ) જૂદાં, નોખાં.
ઠેકાણે (અ) બદલે.
ઓગાળીને (કૃ) રસ-
કરીને.
મૂર્તિઓ (ના) નાનાં
પૂતળાં.
ઉપયોગી(વિ) કામની.
ઉપકાર (ના) પાડ.
ફીકું (વિ) તુરૂં, બે-
સ્વાદ.
અથાણાં(ના) આથણાં.
દુર્બળ (વિ) ખરાબ.

પાઠ ૬ ઠ્ઠો.

ડીશીઓ (ના) અણી-
વાળા ફણગા.
પાનખર (ના) ઝાડના
પાંતરાં ખરી જાય
તે મોસમ.

ઋતુ (ના) મોસમ, રત્ત.
પાંદડાં (ના) પાંતરાં.
તપાશ (ના) તજવીજ.
કુંપળ (ના) ફણગો.
ત્યારકેડે (અ)ત્યારપછી.
ચાકુ (ના) ચપ્પુ, છરી.
ભાગ (ના) કકડા.

પાઠ ૭ મો.

હુંફાળી (વિ) ગરમ.
ચોંટી (કૃ) વળગી.
ટાઢ (ના) ઠંડ.
જાળવે (ક્રિ) સાચવે.
હુંફ (ના) ગરમી.
ધાબળી (ના) ઊનનું લૂગડું.
અસલ (અ) આગળ.
ઓળખે (ક્રિ) જાણે.
આકાર (ના) ઘાટ.
સુંદર (વિ) સારાં.
કરમાઇને (કૃ) ચીમળાઇને.
જગતકર્ત્તા (ના) જગતનો બનાવર ઇશ્વર.

પાઠ ૮ મો.

સૂરત (ના) ગૂજરાતમાં તાપી નદીઊપર મોટું શેહેર છે.
સબબ (ના) કારણ.
લાતી (ના) વખાર, કોઠી.
માજી (વિ) આગલો, આગળ થઇ ગયેલો.
મુખ (ના) મોઢું.
મૈલ (ના) પોણો ગાઊ.
અંતરે (અ) છેટે.
પહેલાં (અ) આગળ.
નામીચું (વિ) પંકાયલું.
વેપાર (ના) રોજગાર.
આફતો (ના) અડચણો.
હાલત (ના) સ્થિતિ.
સરખી (વિ) જેવી.
મથક (ના) મુખ્ય ઠેકાણું.
નબળો (વિ) લુલો.
કોટવાલ (ના) મોટો ફોજદાર.
બહાદુર (વિ) જોરાવર
સરકાર (ના) હાકેમ.
રજા (ના) પરવાનગી.
અડચણો (ના) હરકતો.
મટાડવાને (કૃ) દુર કરવાને.
કિલ્લો (ના) સરકારી લશ્કર વગેરે રાખવાનો મુકામ
આસપાસ (અ) ચોતરફ.
ખાઇ (ના) ઊંડી ખાડી.
ઉપાડી (કૃ) ઊંચકી.
કલેકટર (ના) જીલ્લાની જમાબંધી તપાસીને એકઠી કરનાર.
માજિસ્ટ્રેટ (ના) ફોજદારી કામ કરનાર અધિકારી.
આસિસ્ટંટો (ના) મદદગારો. [કરનારા.
કામદારો (ના) કામના-
કચેરી (ના) દરબાર.
કોઠી (ના) લાતી, વખાર.
વલંદા (ના) ડચ લોકો.
બંદર (ના) નદી કે દરીઆ કાંઠે આવેલું શેહેર.
વલંદાવાડ (ના) ડચ લોક રહે તે શેરી.
ફિરંગી (ના) પોરટુગાલ દેશના લોકો.

પાઠ ૯ મો.

અમલદાર (ના) હકુમત કરનાર. [નામ છે.
દરિયામહેલ ના) મેહેલનું
રેલવે (ના) લોઢાની સડકનો બાંધેલો રસ્તો.
યૂરોપીઅન (ના) અંગ્રેજ; યુરોપના રેહેવાસી.
ડક્કો (ના) માલઉતારવા ચહડાવવાસારૂ બાંધેલો ઘાટ.

ફુરજો (ના) માડવી, વાહાણમાં આવતા માલ વગેરેપર જકાત લેવાનું ઠેકાણું.
મુગલાઇ (વિ) મોગલ લોકોની.
ઇમારતો (ના) સારી ઉંચી બાંધણીના મકાનો.
મુખ્ય (વિ) મોટું.
મરામત (ના) સમારવું.
દેખાવ (ના) શોભા.
શરિયામ (વિ) ધોરી.
સીધા (વિ) પાધરા.
મ્યુનિસિપાલ (વિ) શેહેર સુધારવાનું ખાતું.
ખાતું (ના) કારખાનું, કમિટી.
સ્ટેશન (ના) આગગાડીએ ચઢવાનું કે ત્યાંથી ઉતારવાનું ઠેકાણું.
સડક (ના) બાંધેલો સીધો રસ્તો.
ખરેખર (અ) ખચિત.
વખાણવા (કૃ) તારીફ કરવા.
લાયક (વિ) ઘટારત.
મકાન (ના) ઘર, મુકામ.
ઊંચ (વિ) ઊંચીજાત (વાણીઆ બ્રાહ્મણ).
વર્ણ (ના) જાત.
વહોરા (ના) હોરાલોક.
સરસ (વિ) સારા.
લક્કડ (ના) લાકડા.
દેશાવર (ના) પરદેશ.
કમી (વિ) ઓછું.
નિરૂપયોગી (વિ) નકામો.
બારકસો (ના) મોટા વાહાણો.
આગગાડી (ના) દેવતા ને પાણીના જોરથી ચાલતી ગાડી.
વાસો (ના) મુકામ.
રેશમ (ના) હીર.
ભારે (વિ) કિમતી.
મૂલ (ના) કિંમત.
માર્ફત (અ) હસ્તક.

પાઠ ૧૦ મો.

અખો (ના) એક સોની કરીને મોટો કવિ થઇ ગયો.
છપ્પા (ના) છ લીટીની કવિતા.
સ્વપ્ન (ના) ઊંઘમાં આવતો ખોટો વિચાર.
માયા (ના) હેત
રિધસિધ (ના) સઘળી વસ્તુ; (પૈસા વગેરેથી મનની ઇચ્છા પૂરી થાયછે તે).
માલવું (ક્રિ) સુખે ફરવું.
પાત્ર (વિ) લાયક.
કૂખ (ના) પેટની બાજુની જગ્યા.
પલક (ના) પલ લેહેજો.
વના (ના) સાએલા.
મદિરા (ના) દારૂ.
નિરધાર (અ) નક્કી.
વીટીજવું (ક્રિ) જતા રેહેવું.
ફના (વિ) નાશ.
રંક (વિ) ગરીબ.
મિથ્યા (વિ) ફોકટ.
મહિમા (ના) લીલા.
મર્કટ (ના) વાંદરો.
અહાર (ના) ભક્ષ.
આળસ (ના) સુસ્ત.
રસ (ના) ચરસ, મજા.
અધિકું (વિ) વધારે.
અંગે (ના) શરીરે.
અકલે (ના) બુદ્ધિએ.
હીણો (વિ) નબળો.
કારજ (ના) કામ.
સરે (ક્રિ) થાય.
જન (ના) માણસ.

વશ (વિ) આધીન.
ભક્ષ (ના) શિકાર.
ઠાલી (વિ) ખાલી.
ભણતર(ના) ભણવાનું
સુખીઆં (વિ) સુખી-આરાં.
દુખીઆં(વિ) દુખીઆરાં
દીસે (ક્રિ) જણાય.
ધન (ના) પૈસો.
તન (ના) શરીર.
લજ્જા (ના) આબરૂ, શરમ.
રાય (ના) રાજા.
ધણી (ના) માલિક.
ફજેત (વિ) બેહુરમત.
ઓછું પાત્ર (વિ) હલકુ માણસ.
અદકું (વિ) વધારે.
વઢકણી (વિ) લડકણી.
મારકણો (વિ) મરતાનો.
સાંઢ (ના) ગોધો.
ચોમાસું (ના) વરસાદની મોસમ.
કરડકણો (વિ) કરડી ખાનારો.
હડકવા (ના) હડકાયું.
બીએ=ડરે.

(કવિતાની સમજુતી). (૧).

એક અફીણ ને બીજી **સુસ્તી** એ બેમાં એવો ચરસ છે, કે જેમ જેમ માણસના ખપમાં તે વધારે આવેછે તેમ તેમ શરીરે ને બુદ્ધિએ તે નબળો થતો જાયછે; માટે જો એ બંને વાના તે છોડી દે તો તેનું કામ થાય, નહીં તો અખો ભગત (સ્વામી) કહેછે કે કોઈ દિવસ એથી તેના જાનને નુકસાન પોહોંચે છે. (૧).

જેમ કોઈ માણસ ઊંઘી ગયો, તે સ્વપ્નમાં વશ થઇને એમ જાણે કે હું બહુ ખાઉંછું; પણ ખાય શું, ખાય ખાયને પેટમાં ભૂખ, ને કૂખ તો ખાલીની ખાલીજ રહે એમજ **અખો સ્વામી** નક્કી કહેછે કે ભણીને તેને ઉપયોગમાં નહિ લાવવું અથવા સમજ વગરનું ભણવું તેવુંજ નકામુંછે. (૨) આ પૃથ્વીપર સુખીઆરાં દુખીઆરાં ઘણાં માલમ પડેછે, પણ જોશો તો તે બધા માયામાંજ લપટાયલા છે; હવે સુખી હોય તે જરા વારમાં દુ:ખી થઈ જાયછે, અને માયાપુંજી ઇજત આબરૂ જતી રહેછે; તેમ જે ગરીબ હોયછે તે પૈસાદાર બનેછે. તેથી **અખો સ્વામી** કહેછે કે એ બધી માયાનીજ લીલા સમજવી. (૩). પલક

વારમાં પૈસો ટકો (જે જોઇએ તે) આવી મળેછે, ને જીવ જાણે કે એ બધાનો માલીક હુંજ છું (હું ભોગવીશ) જેમ વરઘોડામાં ઘણાં સાબેલા મળેછે, તે જરા વારમાં સૌ સૌને ઠેકાણે થઈ જાયછે; ખાતા જેમ ખાંડ અને ચાલતાં રેત ફજેત કરે છે તે માફક માયા પણ ફજેત કરે છે એમ અખો **ભગત** કહેછે. (ખાંડ બહુ ખાધી હોય હોય તો તેથી લોહી બગડીને ગરમી ફૂટેછે) અને રેતાળ જમીન ઉપર ચાલવાથી એટલો થાક લાગે છે કે અધવચ બેસી જવું પડેછે. (૪).

હલકું માણસ તે વધારે ભણ્યો, ને લડકણી બઇરીને છોકરો અવતર્યો; મસ્તાનો ગોધો ને ચોમાસામાં નફકરો ફર્યો (લીલું ઘાસ ખાઇને મતબાલો બન્યો); ને કરકડણા કૂતરાને હડખાયું લાગ્યું તેમજ વાંદરો એ જ્યારે દારૂ પીએ, ત્યારે અખો **સ્વામી** કહેછે કે એ પાંચોથી નહીં બીહીતાં હોય તો બમણા બીએ (૫).

પાઠ ૧૧ મો.

મગર (ના) નદી કે દરીઆમાં રેહેનારૂં મોટું જાનવર.
અદભુત(વિ) અજાએબ.
તાપ (ના) ગરમી.
ગરોળી (ના) ઘીલોડી
વેંત (ના) બીલ્લસ.
ભીંગડાં (ના) જાડાપડ.
ફાડ (ના) ચીરો.
તીણા (વિ) અણીવાળા.
મગરી (ના) મગરની માદા.
સેવાય (ક્રિ) હુંફાળા થાય
મિસર (ના) આફ્રિકાખંડમાં શેહેર છે.
ઇક્ન્યૂમન (ના) ઝીણાં જીવડાં.
ખોળી (કૃ) શોધી.
ખબરદાર (વિ) હોંશીઆર.
પૂજા (ના) સેવા.
માર્ગ (ના) રસ્તો.
સેંકડો (વિ) હજારો, સો.

પાઠ ૧૨ મો.

ભગત (ના) ભક્તિ કરનારો માણસ.
વ્યાધિ (ના) રોગ.
સ્થિર(વિ) હાલે ચાલે નહીં તે.
સડેલા (વિ) કોહેલા.
તલપ (ના) ડાપું.
ધસડી (કૃ) તાણી.
મુડદાં(ના) મરી ગયેલા માણસ.
દુર્ગંધ(ના)ખરાબ વાસ.
મરકી (ના)મરવાનો રોગ.
મૂર્ખ (વિ) બેવકુફ.

ખુશબોદાર(વિ) સુગંધ વાળા.
ભાતભાતના(વિ) તરેહ તરેહના.
પ્રસાદ (ના) ચોખ્ખુ ખાવાનું, નઇવેદ.
ધરાવતા (ક્રિ) ખાવાને- મુક્તા.
ભોજન (ના) જંબાનું.
મસ્ત (વિ) જબરા.
પાળ (ના) કોરણ.
જાળવવા(ક્રિ) સાચવી રાખવા.
ભરણપોષણ (ના) ગુજરાન.

પાઠ ૧૩ મો.

બરછી (ના) ભાલા- જેવું હથિઆર.
રંદો (ના) લાકડાં સાફ કરવાનું હથિઆર.
આરી (ના) વેહેરવાનું દાંતાવાળું હથિઆર.
ઓજાર(ના)હથિઆર
સખ્ત (વિ) મજબૂત.
સાધારણ (વિ) રોજ વપરાતા.
ગજવેલ (ના) પોલાદ,
પોલાદ(ના)ખરૂં લોઢું.
મેર (ના) બાજુ.
ભઠ્ઠી (ના) દેવતાનો મોટો ચુલો.
ટાઢી (વિ) ઠંડી.
ઉઘાડેછે (ક્રિ) ખુલ્લી કરેછે.

પાઠ ૧૪ મો.

સ્થિતિસ્થાપક(વિ) કંઇ ચીજને વાળીએ કે મરડીએ તો પણ તે પાછી હતી તેવી થઇ જાય એવો પદાર્થમાં જે ગુણ તે.
તપાવીને (કૃ) ગરમ કરીને.
ઘેરો આસમાની(વિ) ભૂરો.
શામળો (વિ) કાળો.
ઓપ (ના) ચળકાટ.
ટીપીને (કૃ) લાંબુ કરીને
બરડ (વિ) સેહેલથી ભાંગી જાય તે.
પદાર્થ(ના)ચીજ,વસ્તુ.

પાઠ ૧૫ મો.

બંદીવાન (ના) કેદી.
ઈતરાજી (ના) ગેર મેહેરબાની
ઓસાર(ના) પોહોળાઈ
વિશ્વાસ (ના)ભરોસો.
સમાગમ (ના) સોબત.
દારોગો (ના) કેદ- ખાનાનો ઉપરી.
બાકું (ના) મોટું કાણું.
પારિસ (ના) ફ્રાન્સનું મોટું શેહેર.
બંદીખાનુ (ના) કેદ- ખાનું.
કેદ (વિ) પરેજ.
કેદી (ના) બંધીવાન.
કોટડી(ના) નાની ઓ- રડો.
સોબત (ના) સંગત.
અકળાયો (કૃ) ગભરાયો.
ફાટ(ના) ચીરો. [તથી.
બાપજી કરીને=ધણાહે-

પાઠ ૧૬ મો.

ડોળ (ના) ભપકો.
હિમાયતી (ના) વાલી, હિમ્મત આપનાર.
સ્વાદ (વિ) લેહેજતદાર.
હળી (કૃ) મળી.
દેખાયો (ક્રિ) જણાયો.
જુક્તિ (ના) તદબીર.
મોકળે મને=બીક વગર; ખુલે દીલ્લે.
ધશીને (કૃ) દોડીને.
પાધરી (અ) તુરતજ.
ખેંચાખેંચ (ના) તાણા- તાણ.

શાવ(ના) ફરીઆદ, દાદ.
ટેકીને (કૃ)ટેકો દેઇને
મનસુબો (ના)વિચાર.
બાઘા (ના) બઘરી.
લાજ (ના) શરમ.
કૂદકો (ના) છલંગ.
રમુજ (ના) ગમત.
વીસરી (કૃ) ભૂલી.

પાઠ ૧૭ મો.

સૂગ (ના) ઓકારી.
એકાંત (વિ) એકલા.
સારાંશ (ના) ટુકી મતલબ, ટુંકસાર.
નર્યા (વિ) બીલકુલ.
રીઝવવું (કૃ) ખુશ કરવું.
હાડછેડ (ના) તિરસ્કાર.
વિજોગ (ના) જૂદા પડવું.
હીજરાવું (ક્રિ) દુભાવું, દલગીર રેહેવું.
રહેતે રહેતે (અ) ધીમે ધીમે.
અઠવાડીઊં (ના) સાત દહાડા.
પખવાડીઊં (ના) પંદર દહાડા.
રકાબી (ના) નાની થાળી.
ગંદી (વિ) ગોજી.
પીરશીને (કૃ) મૂકીને.
ગમત (ના) રમૂજ.
ટાઢક (ના) ઠંડક.
મરજી (ના) ઇચ્છા.
સંસાર (ના) દુનિઆ.
નિરાંત (ના) ચેન.
મોજ (ના) મઝા.
ઝાઝા (વિ) ઘણા.
વેગળેની(અ) આઘેની.
પોકે પોક(વિ)મોટેસાદે.
રોયો (ક્રિ) રડયો.
સોબતી (ના) સાથી.
વાસ (ના) રેહેઠાણ.

પાઠ ૧૮ મો.

સામાન (ના) ચીજો.
હથિઆર (ના) ઓજાર.
વર્ણન (ના) વિસ્તાર.
પાસું (ના) બાજુ.
લાલચોળ (વિ) રાતું રાતું.
લાટો (ના)ધાતુનો દાબવાને સીકંજો.
કારખાનાં(ના)જૂદાં જૂદાં હુન્નરનાં ઠેકાણાં.
ગાળે (ક્રિ) રસ કરે.
સંભાળ (ના) ખબરદારી.
જરૂર (ના) અગત્ય.
મૂલ (ના) કિંમત.
ઓપદાર (વિ) ચળકતી.

પાઠ ૧૯ મો.

સરાણ (ના) હથિઆરો ને ધાર કાઢવાનું ગોળ ચક્કર.
છીણી(ના)ધાતુ કાપવાનું હથિઆર.
રેતરડી (ના) કાનસ.
કરવત(ના)વેહેરી કાઢવાનું હથિઆર.
કટારી(ના) કટાર, ઘોચીને મારવાનું હથિઆર.
પાળીઓ(ના) ચપ્પુઓ.
ગણતરી (ના) હિસાબ.
કારીગરી (ના) કીસબ.
ચળકતું(વિ) તેજ કરતું.
કોશ (ના) નરાજ.

પાઠ ૨૦ મો.

ભરૂચ (ના) ગૂજરાતમાં નર્મદા નદીઉપર શેહેર છે.
મરામત (ના) સમારવું.
પનો (ના) પોહોળાઇ.
નર્મદા (ના) રેવા નદી.
આજુ બાજૂ (અ)આસેપાસે.
કોશ (ના) ગાઊ.

રળિયામણું (વિ) શોભાવંતું.
મજબૂત (વિ) જોરાવર.
પાઘડીપને (ના) પાઘડીના પના જેવું, એટલે પાઘડી લંબાણુમાં ઘણી ને પોહોળાણુમાં ટુંકી તેવું.
ઘેરાવો (ના) ફરતો ઘેર.
શુમારે (અ) આસરે
મુશ્કેલી (ના) અડચણ.
ઢોળાવ (ના) ઢોળાવો, ઊંચો ઢળતો ટેકરો.
સાહુકાર (ના) પૈસાવાળો, આબરૂદાર ગૃહસ્થ.
હવેલી (ના) ઊંચી બાંધણીનું ઘર.
જાસ્તી (વિ) વધારે.
પ્રથમ (અ) પેહેલાં.
દાંડા (ના) તળીઆં.

પાઠ ૨૧ મો.

લોઢવું (ક્રિ) કપાસમાંથી કપાસીઆ તથા રૂ જુદું પાડવું તે.
અદાલત (ના) ઇનસાફ કરવાનું ઠેકાણું.
અવસ્થા (ના) હાલત.
મ્યુનિસિપાલ (વિ) શેહેર સુધારવાનું ખાતું.
કમિટી (ના) ખાતું, મંડળી.
સૂતરાઉ (વિ) સૂતરનું.
કાપડ (ના) કપડ.
રોજી (ના) રોજગાર.
વિલાયતી (વિ) વિલાયતમાં બનેલું.
વણકર (ના) સાળવી.
લાચાર (વિ) ગરીબ.
વરાળના (ના) બાફના.
કંપની (ના) ભાગીદારોની મંડળી.
ઠામઠામ (ના) બધે ઠેકાણે.
સસ્તાં (વિ) સોંઘાં.
ઘટારત (વિ) લાયક.
એકીવારે (વિ) ઘણાં, જથાબંધ.

પાઠ ૨૨ મો.

રમુજી (વિ) ખુશ લાગે એવી.
વિદ્વાન (ના) ભણેલો-માણસ, પંડિત.
પેઢું (ના) પેટઆગળની જગો.
અચરજ (ના) નવાઈ
વાળવું (ક્રિ) મરડવું.
પોત (ના) કુમાસ.
નાજુક (વિ) કોમળ.
ઘટ્ટ (વિ) જબરી.
પતંગીઉં (ના) ઉડતું જીવડું
ચકચકીત (વિ) ચળકતી.
પોષણ (ના) ગૂજરાન.
રેશમ (ના) હીર.
કોહેલી (વિ) સળેલી.

પાઠ ૨૩ મો.

દયા (ના) મેહેર.
મદાંધ (વિ) અહંકારમાં આંધળા.
ઈશ (ના) પ્રભુ.
અવયવ (ના) શરીરના ભાગો.
ઉદાર (વિ) સખી.
ચર્ણ (ના) પગ.
પ્રયત્ન (ના) મેહેનત.
પીડા (ના) દુઃખ.
પીડાય (ના) દુઃખી થાય.
પિંડ (ના) આત્મા.
બાપડો (ના) બિચારો.
જીવ (ના) પ્રાણી.
રચ્યા (ક્રિ) બનાવ્યા.
લગીર (વિ) જરાક.
અધિક (વિ) વધારે.
બીક (ના) ડર.
ઉર (ના) દિલ.
ધરો (ક્રિ) મુકો.
ધોબ (અ) ધબદઈને.

ધારીને (કૃ) તાકીને.
ખુશી (વિ) મગન.
મિત્ર (ના) દોસ્તદાર.
ઘાત (ના) હત્યા, મારવું.
વિશેષ (વિ) વધારે.
વર્ણવો (ક્રિ) વિસ્તારો.
વખાણીને (કૃ) સારૂ કહીને, તારીફ કરીને.
બનાવનાર (ના) પેદા કરનાર.
મળેલ (કૃ) મળેલો.
પ્યાર (ના) હેત.
દીધેલ (કૃ) દીધેલા.
ગજુ (ના) શક્તિ.
ભાર (ના) બોજો.
વેદના (ના) દુઃખ.
ક્રૂર (વિ) ઘાતકી.
કર્મ (ના) કામ.
પિછાણીને (કૃ) જાણીને.
અધર્મ (વિ) ખોટું.
જંતુ (ના) જીવડા.
પાય (ના) પગ.
પરોવી (કૃ) ઘોચી.
ખેલ (ના) રમત.
ખોડીને(કૃ) ખોડો કરીને.
નિશાન (ના) એંધાણી.
વિનાશ (ના) નાશ.

(કવિતાની સમજુતી). (૨).

જુઓ કે દુઃખે કરીને જેમ આપણા શરીરનો આત્મા દુઃખી થાય છે; તેમજ બિચારા પ્રાણી (પશુ) ને દુઃખી કર્યાથી તે પણ દુઃખી થાય છે. તમે અહંકારથી આંધળા (છાકેલો) થઇને જરૂર તે પશુ જાણીને તેને મારતા નહીં; અરે ભાઇઓ મનમાં જરા મેહેર લાવો ને પ્રાણીને દુઃખ ના દેઓ૦ (૧).

જુઓ કે ઈશ્વરે આપણા શરીરના સઘળા ભાગો બનાવ્યા છે; અને તમો હજારો ઉપાય કરશો પણ તેમાંનો એક પણ ભાગ તમારાથી બનવાનો નથી:—તે માટે વિચાર કરી મનમાં જરા વધારે ડર લાવીને અરે ભાઇઓ મનમાં જરા૦ (૨).

બિચારાં પશુને અનાથ જાણીને ધબડઇને તેનાઉપર પગ ના મુકો ને કોઈ જીવ કે પશુને મારીને ખચિત તમે મનમાં ખુશી થશો નહીં; મારવાની વાત વખાણીને તેને ઘણી લાંબી ચરચાવો નહીં; અરે ભાઇઓ મનમાં જરા૦ (૩).

આપણો ને તેનો (પશુ) નો બનાવનાર એકજ ઈશ્વર છે; તેમ તેની ઉદારતાનો પ્યાર તેને પણ મળેલો છે; પરમેશ્વરનું

આપેલું સુખ ભોગવીને મજેથી તે ફર્યા હર્યા કરેછે;—અરે ભાઇઓ મનમાં જરા૦ (૪).

પશુના બળ ઉપરાંત બોજો ભરીને તેને કેમ માર મારીએ ને તે બિચારાને જે દુઃખ થાયછે તેનો મનમાં જરા વિચાર કરીએ;—કંઇ પણ ઘાતકી કામ પાપનું જાણીને તે કરો નહીં; અરે ભાઇઓ મનમાં જરા૦ (૫).

જીવડાના પગ પાંખ તોડી જે ખોટું અધર્મ કામ કરે; ને તેનો પગ ખોડો કરી શૂળમાં ઘોચી ખરાબ કામ બનાવે, પછી નિશાન મૂકી તીર મારીને તેનો નાશ કરે; અરે ભાઇઓ મનમાં જરા મેહેર લાવો૦ (૬).

પાઠ ૨૪ મો.

હિંદુસ્તાન (ના) એશિયા ખંડની દક્ષિણે દેશ છે.
ત્રણ ખૂણીઆ (વિ) ત્રણ ખુણા જેવો.
અગ્નિ (ના) દક્ષિણ ને પૂર્વ વચ્ચેની દિશા.
નૈરૂત્ય (ના) દક્ષિણ ને પશ્ચિમ વચ્ચેની દિશા
કોણ (ના) ખૂણો.
હદ (ના) મર્યાદા.
મુસાફરો (ના) દેશે દેશ ફરનારા.
વિકટ (વિ) ભયંકર.
ડુંગરા (ના) મોટા ઊંચા ટેકરા.
પહાડી (વિ) ડુંગરા ડુંગરીવાળા.
લડવૈયા(વિ)લડાઇખોર.
સદા (અ) રોજ.
બરફ (ના) ટાઢથી ઠરી ગયલું પાણી.
ઝાડી (ના) ઝાડ એક બીજા સાથે આવીને ગુફા જેવું બનેલું તે
ઝાંખરાં (ના) કાંટાંવાળી શૂળો.
રસાળ (ના) ફળદ્રુપ.
મેદાન (ના) મોટી ખુલ્લી જગો.
ફળાદિ=ફળ વગેરે.
પૂર (ના) પાણીનું ચઢવું.
જળ (ના) પાણી.
ડાંગર (ના) ભાત.
ક્યારડા (ના) ખાડા.
નાવડાં (ના) હોડકાં.
સીમાડો (ના) હદ.
અસલી (વિ) જુના.

પાઠ ૨૫ મો.

કરિઆણું (ના) વસાણું.
કાચું (વિ) સરસ.
કસ (ના) રસ.
ભાલોડું (ના) ભાલો.
તળેટી (ના) તળીઉં.
નીપજ (ના) પાક,પેદાશ.
લલચાઇ (કૃ) લોભાઈ.
પર મૂલક (ના) પારકો

દેશ.
ચિત્તા (ના) વાઘ જેવું જાનવર.
નીપજેછે (ક્રિ) પાકેછે.
વનસ્પતિ(ના)લીલોતરી.
જીવે છે=ગુજારો કરે છે.
નાતો (ના) જાતો.
તડ (ના) કકડા; ભાગ.
બાઇડીઓ (ના) બઇરીઓ.
ચાલ (ના) ધારો.

પાઠ ૨૬ મો.

ઇતિહાસ (ના) તવારીખ, આગલારાજાઓની વારતા.
પદવી (ના) ઓદ્ધો.
હકૂમત (ના) હાકમી.
વહીવટદાર (ના) વહીવટ કરનાર.
વજે (ના) કર.
જકાત (ના) દાણ.
વસવાયાં (ના) આવીને વસેલા (સુથાર, દરજી ધોબી વગેરે).
વેઠ (ના) વૈતરૂં, મજુરી.
કુળ (ના) વંશ.
કાયદા (ના) ધારા.
જથા (ના) ટોળા.
વ્યવહાર (ના) આપલેનો શંબંધ.
બળવાન (ના) જોરાવર.
શૂરા (વિ) બાહાદુર.
શૂર (ના) બાહાદુરી.
સંબંધી (અ) વીશે.
સલાહ (ના) વિચાર,
બંદોબસ્ત (ના) ગોઠવણ.
ઉતરતા (વિ) હલકા.
અધિકારી (ના) ઓહ્દેદાર.
વસૂલ (વિ) જમે.
પ્રજા (ના) રૈયત.
ઇન્સાફ (ના) ચુકાદો.
ખૂન (ના) હથિઆરવતી કે ઝેર દીધાથી કોઇને મારી નાંખવું તે.
શૂળી (ના) ફાંશી.
કાંડાં (ના) હાથના પોંહોચાં.
ગુન્હો (ના) તકસીર.
માલમિલકત (ના) માલમત્તા.
ધર્મદાન (ના) ખેરાત
નરકે (ના) જાહનમ.
ઇન્સાફી (વિ) વાજબી રાહે ચાલનારા.
વિદ્યાવાન (વિ) ભણેલા.

પાઠ ૨૭ મો.

સાજવાળા (ના) સામાન વાળા.
પડાવ (ના) મુકામ.
હાકેમ (ના) સરદાર.
દોલત (ના) પૈસો.
વારતહેવારે (ના) સારે ટાણે.
કસબી (વિ) હુંનરવાળા.
રાજદરબાર (ના) રાજસભાએ.
સોનેરી (વિ) સોનાના.
ડોલી (કૃ) ઝુલી.
રથ (ના) પૈડાં વાળી ગાડી.
પીછાળાં (વિ) પીછાંવાળાં.
મોહ (ના) મોહિણી.
ફોજ (ના) લશ્કર.
આથમણા (વિ) પશ્ચિમ તરફના.
હુમલો (ના) ચઢાઇ.
એકદમ (અ) તરત.
શાણી (વિ) ડાહી.
મોટાઇ(ના)માન,શોભા.
કળા (ના) યુક્તિ.
રાજ્યનીતિ (ના) બરાબર રીતસર રાજ્ય ચલાવવું તે.

પાઠ ૨૮ મો.

ફેલાવો (ના) પથરાઇ જવું તે.

છેવાડે (અ) આધે.
ખેતી (ના) જમીન ખેડવાનું કામ.
ગુજરાન(ના) ગુજારો.
ઝટ (અ) તરત.
બળ (ના) જોર.
કેડો (ના) પીછો, પુઠ.
ગ્રંથો (ના) ચોપડીઓ.
કૃષ્ણ (ના) ભગવાન.
દ્વારિકા (ના) ગૂજરાતની પશ્ચિમે જાત્રાનું ધામ છે.
રાજધાની (ના) રાજ ગાદીનું શેહેર.
બુદ્ધ (ના) એક જાતનો ધર્મ.
મહિમાં (ના) મોટાઇ, પ્રતાપ.

પાઠ ૨૯ મો.

પરાક્રમી (વિ) ભારે કામના કરનારા.
અજીત (વિ) કોઇથી જીતાય નહીં તે.
ગાંજ્યો (કૃ) હાર્યો.
સંવત્ (ના) વિક્રમનો સન.
દૈવગતિ (ના) ઇશ્વરી શક્તિ.
શાક (ના) વરસ, સન
વિક્રમાજીત=વિક્રમ કોઇથી જીતાય નહીં તે.
ખંડિયેર (ના) ઘર અમલા પડીગયલા તેની ખુલી જમીન.
લગોલગ (અ) પાસેજ.
ધરતી (ના) જમીન.
વસ્યા (કૃ) રહ્યા.
સંસ્થાનો(ના) રાજાઓનાં વસાવેલા નાના ખંડિઆ મુલક.
ફટાયો (ના) રાજ્યની ગાદી પર બેઠેલો મોટો ભાઇ.
કન્યા (ના) કુવારી છોકરી.
સમયે (ના) વખતે.
જંગલી (વિ) વગર સુધરેલો.
ગણુતી (ના) લેખું; હિસાબ.
દૈવયોગ (ના) ઇશ્વરી બનાવ.

પાઠ ૩૦ મો.

વૈભવ (ના) સુખ.
કવિતારૂપ(ના) પદ્યમાં.
નાટક (ના) નાચવા વગેરેના ખેલનો તમાશો
દેવસ્થાન (ના) દેહેરાં, મંદીર.
બંધન (ના) અટકાવ, કાયદો.
નાચ (ના) નૃત્ય.
કીર્તિ (ના) આબરૂ, પંકાવવું તે.
દેશોદેશ(ના) બધેમુલક.
ફેલાઈ (ક્રિ) પથરાઇ.
ડહાપણ (ના) ચતુરાઇ.
કસબી(વિ) હુનરવાળા.
મનુ(ના) હિંદુ શાસ્ત્રનો કાયદા બાંધનારો.
મહાભારત (ના)જેમાં ભારતની કથા છે તે ચોપડી.
રામાયણ (ના) જેમાં રામની કથા છે તે ચોપડી.
પુસ્તક (ના) ચોપડી.
પૈસાદાર (વિ) તાલેવંત.
સદ્દગુણ (ના) સારા આચરણ.
શોભા(ના) દેખાવ.
પાડાપડોશી(ના) પાસેના ઘરના રેહેનારા.
દાનત(ના)નજર, નિષ્ટા.
સાફ(વિ)પાક,ચોખ્ખી.
વાસવાની (કૃ)દેવાની.

લેખપત્ર (ના) કાગળ-પર દસ્તાવજ.
પરાયો (વિ) પારકો.
નકાવતું (ક્રિ) ધારી રહેતું.
કરજ (ના) દેવું.
જમણવાર (ના) વરો, ખરચ.
વાવરી (કૃ) ખરચી.
સ્ત્રીઓ (ના) બાયડીઓ.
છૂટ (ના) રજા.

પાઠ ૩૧ મો.

નુકસાન (ના) હાણી.
નાતો (ના) જાતો.
ઉદ્યમ (ના) વેપાર.
અટકાવ (ના) અડચણ.
સ્થાવર (વિ) જમીનને લગતી જે ખસે અથવા ઉપડે નહીં એવી મિલકતનું નામ.
મિલકત (ના) માલમત્તા.
વારસો (ના) વારસને જે મિલકત મળેછે તે.
વહેંચી (કૃ) ભાગ પાડી.
મિલકતદાર (વિ) મિલકત વાળો.
હિસ્સા (ના) ભાગ.
વંશના (ના) કુટુંબના.
અવસ્થા (ના) હાલત.
તવંગર (વિ) પૈસાદાર.
હિંમત (ના) છાતી.
દોલત (ના) માલમત્તા, પૈસો વગેરે
રોકાવું (ક્રિ) ઘેરાવું.
શોધ (ના) તપાસ.
પરવાર (ના) ફુરસદ.
કળા (ના) હુન્નર.
ખબરદાર (વિ) હોશિઆર.
મોટાઇ (ના) ભપકો.
દાખલ (વિ) સામેલ.

પાઠ ૩૨ મો.

અગર (ના) મીઠું પાકે છે તે જગ્યા.
લૂણ (ના) મીઠું.
ગચીઆં (ના) મોટાં ઢેફલા.
પાહાણા (ના) પથરા.
જગત્કર્ત્તા (ના) જગતનો પેદા કરનાર, ઇશ્વર.
બેતૃતીયાંશ (વિ) ત્રણ-ભાગ કરેલા તેમાંના બે ભાગ.
મહાસાગર (ના) મોટા સમુદ્ર (પૃથ્વીપર એવા પાંચ છે).
ભંડાર (ના) વખાર.
અઘરૂં (વિ) મુશીબત.
ઝરણુ (ના) ધીમે ધીમે પાણી વહે તે.
કકડીને (કૃ) સખત.
કયારડો (ના) ખાડો.
મેલ (ના) કચરો.
પારદર્શક (વિ) જેમાંથી આરપાર જોવાય તે.
છાંટી (કૃ) ઓલવી.
વખારો (ના) માલ ભરવાનું ઠેકાણું.

પાઠ ૩૩ મો.

તીર્થ (ના) નદી કાંઠાની પવિત્ર જગ્યા.
ધોધવા(ના)મોટા ધોધ.
સરોવર (ના) મોટું તળાવ.
સ્થિર (વિ) હાલે ચાલે નહીં તે.
ફેરાવો(ના) ફરતો ઘેર.
ઊગમણી(ના)પૂર્વદિશા.
ઝરો(ના) પાણી વેહેવાનું ઠેકાણું.
કુંડ(ના)છોથી બાંધી લીધેલું નાનઃ તળાવ જેવું.
ફુટ (ના)સુથારી અડધો ગજ.
ભય (ના) બીક.
ઇમારત (ના) ઊંચી

બાંધણીનાં ઘર.
ખંડેર (ના) પડી ગયલા જમીન અમલા વગેરે.
થર (ના) પડ.
દર વરસે=એકેક વરસે.
પેદાશ (ના) ઉપજ.

પાઠ ૩૪ મો.

ભલાઈ (ના) સાલસાઈ.
ધમકી (ના) ધુરકી.
બળાત્કાર (ના) જોર જુલમ.
ઉમંગ (ના) ઉમેદ.
કઠોર (વિ) વજ્જર.
અણગમો (ના) નાખુશી.
માયનો (ના) અર્થ.
બરાબરીઆ (ના) સરખા.
એકાદું (વિ) એક, કોઈ પણ.
જોર જુલમ (ના) જબરાઈ, જબરજસ્તી.
ઇચ્છા (ના) મરજી.
નાખુશી (ના) દલગીરી.
મન (ના) દિલ, ચિત્ત.
વેર (ના) અદાવત, ખાર.
જોઇએ તેવું (વિ) મનને ગમે તેવું.
ફેર (ના) તફાવત.
રૂપ (ના) આકાર.
વિનતિ (ના) નરમાશથી કેહેવું તે.
અસર (ના) લાગણી.
નરમાસ (ના) નમનતાઈ.
દુખાય (ક્રિ) દુભાય.

પાઠ ૩૫ મો.

સુવાક્ય (ના) સારૂં વચન.
કુવાક્ય (ના) નઠારૂં વચન.
સ્નેહ (ના) હેત, પ્રીત.
સદૈવ (અ) હમેશાં.
વાધે (ક્રિ) થાય.
કલેશ (ના) કંકાસ.
હમેશ (અ) રોજ.
લાધે (ક્રિ) થાય.
વિવેક (ના) સલુકાઇ.
વીર (ના) ભાઈ.
ઉચ્ચાર (ના) બોલ
વાણી (ના) વેણ, શબ્દ.
વિશ્વ (ના) જગત.
કીર્તિ (ના) આબરૂ.
પડેચડે (ક્રિ) પડતી ચઢતી થાય.
પ્રજા (ના) રૈયત.
ઘુડ (ના) ઘુવડ પક્ષી.
બુરી (વિ) ખરાબ.
બુરાઈ (ના) વેર.
રાજકુમાર (ના) રાજાનો છોકરો.
અમૂલ્ય (વિ) જેની કિમત થઈ શકે નહીં તે.
માનવી (ના) માણસ.
વેણ (ના) શબ્દ, સુકન.
મૂક્યું (ક્રિ) બોલ્યો.
વિમાસશો (ક્રિ) પસ્તાશો.
હાણી (ના) નુકસાન.
છરા (ના) એક જાતના ચપ્પુ.
છેદ (ના) કાણું, છિદ્ર.
સુઝે (ક્રિ) જણાય.
રૂઝે (ક્રિ) આરામ થાય.
ભડાકો (ના) મોટો અવાજો.
હડાકો (ના) અવાજ
વદો (ક્રિ) બોલો.
વણશે (ક્રિ) બગડશે.
ભારતોલ (ના) ભારવકર.
જન (ના) માણસ.

(કવિતાની સમજુતી). (૩).

સારૂં વાકય બોલવાથી સદાકાળ હેત પ્રીત વધે; નઠારૂં વાકય બોલવાથી નિરંતર કજીઆ કંકાસ થયા કરે; માટે અરે ભાઈ મનમાં જરા સલુકાઈ આણીને જે શબ્દ બોલો તે વિચારીને બોલો. (૧).

સારૂં વાકય બોલવાથી બધી દુનિઆ વખાણે; નઠારૂં વાકય બોલવાથી કોઈ આપણી આબરૂ જાણે નહીં; માણુસની પડતી ચડતી (પૈસાની) થાયછે તે જીભ વડેજ; માટે જે શબ્દ બોલો૦ (૨).

જુઓ કે રૈયત પોપટ ઘેર પાળેછે; ને માળામાં ચેનથી ઘૂવડ પક્ષી સૂઈ શકતું નથી (લોકો તેને પથરા મારેછે); બોલવાનું કારણ એવુંજ સમજીને, જે શબ્દ બોલો૦ (૩).

ભાઈ તું સારા બોલ બોલીને લોકોમાં નેકી (કીર્તિ) મેળવ કેમકે નઠારી જીભે લોકો નઠારા શબ્દ પણ બોલેછે, પછી ગરીબ હોય કે રાજાના છોકરાની રાણી હોય પણ જે શબ્દ બોલો૦ (૪).

સારૂં વેણ બોલવાથી દૂધનું દહીં ઘી સો થશે એટલે (કોઈ કામ નહીં કરતું હશે તે કરશે); ને જેની કિમત ઘણી બેસતી હશે તે સેહેજમાં આવશે; નઠારૂં વચન બોલવાથી કોઈ પળી ભાર પણ પાણી પાય નહીં (બારણે ઉભો ન રાખે), માટે જે શબ્દ બોલો૦ (૫).

અરે માણુસ મોહડેથી જે શબ્દ બોલ્યો; તે જેમ થુંકેલું ફરીથી ગળાતું નથી તેમ (બોલેલું ફરાતું નથી); પછી એવું નુકસાન વેઠીને પસ્તાશો; માટે જે શબ્દ બોલો૦ (૬).

છરીથી કપાયલું હોય તેનો ઈલાજ માલમ પડે; પણ નઠારાં વાકયના કાપને કદી રૂઝ આવે નહીં (તે બોલ મનમાંથી ખસે નહીં); કાચની કોઠી કાણી હોય તે કદી સંધાતી નથી; માટે જે શબ્દ બોલો૦ (૭).

સારો કે નઠારો તોપનો ભડાકો તે હવામાં જોરસાથી દોડયો જાય છે; હવે બોલો તેને કેમ ખેંચીને અટકાવી રાખી શકાય; માટે જે શબ્દ બોલો૦ (૮).

તમે વિચારી શબ્દ બોલો, તમારૂં કામ કદી બગડશે નહીં; દુનિઆમાં ભાર વક્કર, તો સારા લોકો રાખેછે, એમ દલપતરામકવિ કહેછે. (૯).

પાઠ ૩૬ મો.

વાદ (ના) તકરાર.

વટેમાર્ગુ (ના) રસ્તેજતો મુસાફર, પંથી.

બળ (ના) જોર.

જબરો (વિ) જોરાવર.

તપીગયા (ક્રિ) ગુસ્સે થઇ ગયા.

ધીમા (વિ) ઠંડા.

અજમાવો (ક્રિ) વાપરો, ચલાવો.

ઉતરાવે (ક્રિ) કહડાવે.

બળવાન (વિ) જોરાવર.

વાવાઝોડું (ના) પવનનું જોરથી વાવું.

લપેટતો (ક્રિ) વિંટાળતો.

વળ્યું (ક્રિ) ફાવ્યું.

ખસેડી (કૃ) આઘાકરી.

તપ્યો (ક્રિ) ગરમથયો.

બફારો (ના) પસીનો.

અંતે(અ)છેલ્લે, આખરે.

સહેવાયો (ક્રિ)ખમાયો.

છાયા (ના) શીળો.

આકળા (વિ) ગાભરા.

જોડી કાઢેલી(કૃ) બનાવટની.

શીખામણ (ના) બોધ.

મારફાડ (ના) સખતાઇ, જોર કરવું તે.

પાઠ ૩૭ મો.

અંગજ્ઞાન (ના) પોતાની મેળે જે શીખવું તે.

તર્કશક્તિ (ના) વિચાર બળ.[છાપરી.

મરૂડી (ના) ઝુંપડી,

રાફડો (ના) નાનુંદર.

સમજાશે (ક્રિ) ધ્યાનમાં આવશે.

લાડુ(ના) લાડવો.

ગળ્યો (વિ) મીઠો.

ટેકો (ના) આધાર, મજબૂતી.

ભાર (ના) બોજો.

જંગલી (વિ) બેવકુફ.

મેળવી (ક્રિ) સરખાવી.

કડાકૂટ(ના)ખટપટ.

ગુમાવે (કૃ) ગુજારે.

ભેદ(ના)તફાવત,જૂદાઇ.

ખોરાક (ના) હમેશાં ખાવાનો પદાર્થ.

સંઘરવા(ના)એક ઠું કરવા

કોઠાર (ના) અનાજભરી મૂકવાનો ખજાનો.

બીવર (ના) એક જાતના સસલાં.

ધાન્ય(ના)અનાજ.[લુંતે.

સંઘરો (ના) રાખી મૂકે.

પાઠ ૩૮ મો.

શોચના (ના) ફિકર.

વાદવિવાદ (ના) ચકચાળ, ચોળા ચોળ.

વૈદું (ના) વૈદનો ધંધો.

પ્રેરણા (ના) અંગજ્ઞાન.

ઉદાસ (વિ) દલગીર.

બેડોળ=ખરાબઆકારનું

તકરાર (ના) વાંધો, છેદ.

મંડળી (ના) ટોળી.

વૈદ્ય (ના) વૈદું કરનાર.

મંદવાડ (ના) બીમારી.

ઓસડ (ના) દવા.

ગુચવણ (ના) ગુંચવડો.

ઠોકર (ના) ખતા.

નકામી (વિ) ફોકટ.

વધારો (ના) ઉમેરો.

મનુષ્ય (ના) માણસ.

કસર (ના) ખામી.
કમ (વિ) ઓછી.
તર્ક (ના) ખ્યાલ.
ચૂકો (ના) નાની ભૂલો.
ઉદ્યોગ (ના) મેહેનત.
ધીરજ (ના) હિમ્મત
ભીલ(ના) લુટારા લોકો.
મહેલ (ના) રાજાનો રેહેવાનો મૂકામ.
ભક્તિ=ઇશ્વરનું ભજન.
ઉતરતી (વિ) હલકી
પંક્તિ (ના) જાતિ, વર્ગ.
ઉત્તમ (વિ) મોટો.

પાઠ ૩૯ મો.

મગજ (ના) ખોપરીની અંદરનો ભાગ.
કોરેમેલી(કૃ) પડતીમેલી
રચના (ના) ગોઠવણ.
વચ્ચોવચ(ના) વચગાળે.
ટટાર(વિ) હોશીઆર.
કરોળીઓ (ના)જાળામાં રેહેનાર જીવડો.
ચોપગાં (ના) ચાર પગવાળાં પશુ.
નહોર (ના) નખોરીઆં.
માફક (વિ) અનુકુળ.
કૃપાળુ (વિ) દયાળુ.
ડોક (ના) ગરદન.
સર્જ્યાં (વિ) પેદાકીધાં.
ગરજ=જરૂર, ખપ.
પાર(ના) છેડો, છેવટ.

પાઠ ૪૦ મો.

અચરજ (ના) નવાઇ.
ચોખ્ખા (વિ) સાફ.
લીલ (ના)પાણીમાંલીલી ફુક બાઝેછે તે.
સુંવાળા(વિ)નરમ,લીસા.
લટકતાં (કૃ) ટીંગાતા.
માદા (ના) બઇરી
ચારો (ના)ચરવાનું ઘાસ.
ઠરતી (ક્રિ) થોભતી.
ક્ષણ (ના) લેહેજો.
વીલાં (વિ) સુનાં,છૂટાં.
નર (ના) મરદ.
બચાવ (ના) રક્ષણ..
કૂકડી (ના) મરઘી

પાઠ ૪૧ મો.

ગુણ (ના) પાડ.
પારણું (ના)બાળકને સુવાનું નેતર કેપાટી ભરેલું ઝુલતું ચોકઠું
પોઢવું (ક્રિ) સુવું.
કડુ(વિ) કડવું.
ખાજું(ના) ખાવાનું.
ખમા (ના) માફ.
મુક્તિ (ના) ઓદ્ધાર.
પુત્ર (ના) છોકરો.
છેક (અ) બહુ.
મહા(વિ)મોટી,ઘણી.
હેતવાળી=પ્યારવાળી.
દયાળી (વિ)મેહેરવાળી.
સૂકામાં=સૂકી જગામાં.
પંડે(સ) પોતે, જાતે.
તજી (ક્રિ) છોડી, મૂકી.
ઓચી (ના) ઓકી.
પ્રેમ (ના) હેત, વહાલ.
જુકતી(ના) હીકમત.
ટળે (ક્રિ) દુર થાય.
રૂડું (વિ) સારૂં.

(કવિતાની સમજુતી). (૪).

જ્યારે કે હું નાનો છોકરો હતો ને પારણામાં સૂતો હતો; ત્યારે મને બહુ રડવું આવતું તે વખતે મને કોણ છાનું રાખતું? તે વખતે મને દુ:ખી જોઇને બીજું દુ:ખી કોણ થતું? મારી ઘણી વાહાલી દયા, લાવનારી મા તુંજ. (૧).

મા પોતે ભીનામાં (મૂતરમાં) સુએ ને મને સુકામાં સુવાડે, ને હું દુઃખ પામું તો પોતે સ્વાદ છોડી દેતી; મને સુખ થાય તેને વાસ્તે કડવું કડવું કોણ ખાતું ? મારી ઘણી વાહાલી૦ (૨).

મને છાતીએ બઝાડીને મારા ગાલ ઉપર બોકી કોણ લેતું, ને તરતનું ખાવાનું બનાવેલું કે આવેલું હોય તે, હે મા તું પોતે ન ખાય ને મને કોણ આપતું ? મને મોહોડે મીઠા મીઠા ગીત કોણ ગાતું ? મારી ઘણી વાહાલી૦ (૩).

હું કેથે પડું કે અથડાવું તો મોહોડેથી ખમા ખમા આણીને તારી આંખમાંથી પ્યારના આંસુ પડતા હતા; પછી મને પોતાના સ્થાનમાંથી કોણ દૂધ પાતું ? મારી ઘણી વાહાલી૦ (૪).

મને પરમેશ્વરની પ્રાર્થના કરવા વિશેની રીત કોણ કેહેતું ? જેથી કરીને તાપ ને પાપ સમાઈ જાય ને મારો ઓદ્ધાર થાય; એક ચિત્તમનમાં ફિકર રાખી મારૂં સારૂં કોણ ચાહાતું ? મારી ઘણી વાહાલી૦ (૫).

પાઠ ૪૨ મો.

જળ (ના) પાણી.
ગણિત (ના) હિસાબનું કામ.
ચાકરી (ના) બરદાસ.
આકરી (વિ) કપરી.
અમૂલી (વિ) જેની કિમત થઇ શકે નહીં તે.
સદા (અ) રોજ.
દાસ (ના) ચાકર.
સાટું (ના) બદલો.
દેવ (ના) ઈશ્વર.
આનંદ (ના) સંતોષ.
દાતા=દાતાર, આપનાર.
માતા (ના) મા.
સમો (ના) વખત.
વાળવા=બદલો આપવા.
જોગ (ના) તક, દાવ.
નિત્ય (અ) રોજ.
પાઠે (ના) મોહેડે.
રીઝી (કૃ) ખુશી થઇ.
સર્વ (વિ) સઘળું.
ઠામ (ના) ઠેકાણું.
રચ્યા (ક્રિ) બનાવ્યાં.

(કવિતાની સમજુતી). (૫).

હજી તારૂં હેત તેવું ને તેવુંજ છે, જેમ કે માછલી ને પાણીને હેત મળ્યું છે (પાણી વગર માછલીને જરાએ ચાલે નહીં) તેવું; તે હિસા-

બની રીતથી ગણુવા જાણીશું તોપણુ તેનો પાર આવતો નથી? મારી ઘણી વાહાલી૦ (૬).

અરે મા મેં તારીપાસે જે આ સખત ઘણીજ કિમતી ચાકરી કરાવી એ બધું તારૂં કરેલું હું શું ભૂલી જઇશ; તારો આખી જીંદગાની સુધી ચાકર થઇને એનો બદલો વાળી આપીશ; મારી ઘણી વાહાલી૦ (૭).

હે મોટા પ્રભુ! સંતોષ આપનાર, મારી મા જેવો મને ફાયદે (આભાર) કરે તેવો; તે બદલો વાળવાને મને હમેસાં તું વખત આપજે મારી ઘણી વાહાલી૦ (૮).

આટલા આઠ છંદ શીખે ને સાંભળે, ને પછી તેને હેતે કરી રોજ મોહોડે રાખે; તો ઈશ્વર ખુશી થઈ સઘળે ઠેકાણે તેને કુશળ રાખે, આ સારા છંદ કવિ **દલપતરામે** બનાવ્યાછે. (૯).

પાઠ ૪૩ મો.

ચીનાઇ (વિ) ચીની.
ચીની=ચીનાઇમિટોડીના
ચકમક (ના) એક જાતનો પથ્થર જેમાંથી દેવતા નીકળે છે તે.
ઝારીને (કૃ) ગરમ કરીને.
કંદીલ=કાચનું પ્યાલું.
બિલોરી (ના) હાંડાની જાતનો કાચ.
ભૂકો (ના) ચુગદો.
પલાળતા (કૃ) ભીનાળતા
બારીક(વિ)ઝીણો[રૂપનો
પ્રવાહી (વિ) પાણી જેવા.
લીસો (વિ) સાફ, પાલીસ.
ચાક (ના) ગોળ ચક્કર.
ફળવાએલી (કૃ) ગુંદીને સાફ કરેલી. [આરી.
ચતુરાઈ (ના) હોંશિ-

પાઠ ૪૪ મો.

સંઘાડો (ના) ચુડા રમકડા વગેરે ઉતારવાનું ગોળ હથિઆર.
ડોળીઆં (ના) ખોખાં.
ખરાદી (ના) લાકડાંની ચીજો સંઘાડા પર ઉતારનારો માણુસ.
નાળચાં (ના) નળી.
બીબાંમાં (ના) આકાર વાળા ખોખાંમાં.
મેળવણી (ના) ભેગ.
લોંદો (ના) મોટો લચકો.
ચાદાની (ના) ચાહ ઉકાળવાનું વાસણુ.
આંચ (ના) ઝાળ.

પાઠ ૪૫ મો.

સફેદ (વિ) ધોળો, ઉજળો.
રંગીત (વિ) રંગેલા.
અસમાની (વિ) ભુરો.
સરસ (વિ) સારાં, મજાના
ચીતારા (ના) ચિત્ર પાડનારા.
વિલાયત (ના) અંગ્રેજ લોકનો દેશ.
સુઝે (ક્રિ) દેખાય, જણાય,

પાઠ ૪૬ મો.

છેટે (અ) આઘે, દુર.
નબળી (વિ) કમજોર.
ધર્મશાળા (ના) પરદેશીઓને ઉતરવા સારૂ બાંધેલો મકાન.
સવાર (ના) ઘોડે બેસનારો
લાલચોળ = ધગધગતી.
મેદો (ના) ઝીણો આટો.
સાજો (વિ) સારો.
ઉઘડયાં (ક્રિ) નીકળ્યાં.

પાઠ ૪૭ મો.

વર્ણન (ના) બ્યાન, વાત.
વિદ્યાશાળા (ના) નિશાળ.
પ્રતિષ્ઠા (ના) સ્થાપના, આબરૂ.
રાજધાની (ના) રાજગાદીનું મોટું શહેર.
વનરાજ (ના) વનનો રાજા
વસાવ્યું (ક્રિ) સ્થાપ્યું, ખરીદ કીધું.
તાબા (ના) હવાલો, કબજો
મામલતદાર (ના) સબઓરડીનેટ માજીસ્ત્રેટ.
ઉજડ (વિ) જ્યાં લોકોની આવજાવ નહીં તે.
પંચાસરા (ના) પંચાસર નગરના.
પારશનાથ (ના) જનધર્મના દેવની મૂર્તિ.
મૂર્તિ (ના) પુંતળું.
મૂરત (ના) શરૂઆત, સુકન. [મંડાણ.
થાપના (ના) સ્થાપના,
પોશાળ (ના) નિશાળ.
સહસ્ત્રલિંગ (ના) હજાર લિંગ, હજાર મૂર્તિ.
શિવલિંગ (ના) શિવની મૂર્તિ.
દેરીઓ (ના) નાનાં દેરાં.
પડખે (ના) પાસે, સોડે

પાઠ ૪૮ મો.

મૂળસ્થાન (ના) ઉત્પત્તિનું ઠેકાણું, વતન.
કુળદેવી (ના) ગોત્રજની માતા.
કુમારિકા (ના) કુવારી છોકરી, બાળકી.
જૈન (ના) શ્રાવક લોકોનો ધર્મ—આચાર.
પુસ્તકભંડાર = ચોપડીઓનો સંગ્રહ. [ત્રાં.
તાડપત્ર (ના) તાડનાપાંદ
પટોળાં (ના) બાયડીઓના રેશમી લુગડાં.
ડાબલીઆળી (વિ) ડાબડીવાળી.
જાર (ના) જુવાર.
મૂળ (વિ) વતનની જગ્યા.
દેવી (ના) માતા.
ઉપડાવે (ક્રિ) ઊંચકાવે.

પાઠ ૪૯ મો.

ખંડ (ના) જમીનનામોટા ભાગ જેમાં ઘણાં દેશો આવેલા તે.
ગગન (ના) આકાશ.
ઝગઝગે (ના) તેજ કરેછે.
અરૂણપ્રકાશ (ના) સૂર્યનું તેજ, સૂર્યનું અજવળું.
રત (ના) મોસમ.
ઠીંગણાં (વિ) બટકા.
કદરૂપાં (વિ) ખરાબ શીકલના, બેડોળ.
ગંદાં (વિ) ગોબા.
રેતાળ (વિ) રેતી વાળા.
રબારી (ના) બકરાં ઘેટાં ચરાવનાર.
મુકામ (ના) રેહેઠાણ.

પીળચટો(વિ)જરા પીળો.
ઉદ્યમી (વિ) મેહેનતું.
કસબ(ના)હુન્નર, કીસબ
તજાના (ના) મસાલા.
જવાહીર (ના) ઝવેર (હીરા માણેક વગેરે)
વર્ણ (ના) રંગ.
શામળો (વિ) જરાકાળો.

પાઠ ૫૦ મો.

ઉત્પત્તિ=પેદાશ, નીપજ.
પણ(ના) નીમ, બાધક.
જોદ્ધા (ના) લડવૈયા.
બેસુમાર (ના) ઘણીજ.
રૂપસુંદરી (ના) ખુબસુરત દેખાવડી સ્ત્રી.
ફૂટડી (વિ) શોભાયમાન.
મહાબળવાન (વિ) ઘણો જોરાવર, જોદ્ધો.
દરબાર (ના) રાજકચેરી.
પાયદળ (ના) પગે ચાલનારૂં લશ્કર.
ચઢાઈ(ના હુમલો, હલ્લો
વાટ (ના) રસ્તો, રાહા.
ભાટચારણો (ના) એક જાતના કવિ લોકો.
લશ્કર (ના) ફોજ, સેન્યા
પરાક્રમ (ના) ભારે કામ

પાઠ ૫૧ મો.

પોફાટતાંજ (અ) સવાર થતાંજ.
ગર્ભવંતી=દહાડાવાળી.
ફળાદિ (ના) ફળ વગેરે.
લાંછન (ના) એબ, કલંક.
રાન (ના) જંગલ, વન.
શત્રુ (ના) દુશ્મન, વેરી.
રણ (ના) સંગ્રામ, મેદાન.
ગત (ના) ગતિ, હાલ.
વગડો (ના) વન, રાન.
અવતર્યો (ક્રિ) પેદાથયો.
સમજણો = અક્કલવંત.
કાસદ (ના) ખેપીઓ.
અમલદાર (ના) હકુમત કરનાર.
નગર (ના) શેહેર.
રચ્યો (વિ) બનાવ્યો
ઇન્સાફી (વિ) વાજબી ન્યાય કરનારો.
ઉલટું=સામું, બમણું.

પાઠ ૫૨ મો.

બખેડા=બળવા, હુલ્લડ.
રાજપાટ=રાજની ગાદી, રાજનું કામકાજ.
ગાદી=તખત, આસન.
વંશ (ન) ઓલાદ, કુળ.
મુદ્દલે=જરાએ, બીલકુલ.
કાંપતા (ક્રિ) ધ્રુજતા.
ઠાઠ (ના) ભપકો, દોર.
સંતાન (ના) છોકરૂં.
પડયા (ક્રિ) મુઆં.
સમાપ્તિ=આખર, છેડો.
વેરે (અ) સાથે.
કુંવર=રાજાના છોકરો.
મહાસમર્થ (વિ) ઘણો જોરાવર, જબરો,
લૂંટારો (ના) ચાંચીઓ.
વટેમાર્ગુ (ના) રસ્તે જતો મુસાફર, પંથી.
ક્ષેત્ર (ના) ખેતર.
ઉગમણી=પૂર્વતરફની.
શ્રીસ્થળ=સારૂં ઠેકાણું.
દાન (ના) ધર્મ, પુન્ય.
દેહછોડી (ના) મરીગયા.
વંશજો=કુટુંબી, કુટુંબના
પડતીદશા (ના) નબળો દહાડો. [રસ.
માંહોમાંહે(અ) અરસપ-
બહાદુરી (ના) જોર, શૂર.
રાજકન્યા (ના) રાજાની છોકરી.

પાઠ ૫૩ મો.

સર કરવું=તાબે કરવું, જીતી લેવું.
ચિતા (ના) ચેહે.
તૂટીપડયા (ક્રિ) એકદમ ધસારો કીધો.
તુર્કી (ના) તુરકસ્તાનના.
હુમલો (ના) ચઢાઇ, હલ્લા.

સરદાર=સગદાર, ઉપરી.
રક્ષણુ (ના) સંભાળ.
ખડકીને (કૃ) ગોઠવીને.
ગંધાતા(વિ)વાસ મારતા.
ગુલામ (ના) વેચાણુ
લીધેલો ચાકર.

પાઠ ૫૪ મો.

કુમક (ના) મદદ.
આપઘાત (ના) કોઈમાણુસ પોતાને હાથે જીવ કાહાડીને મરે તે.
ખરચી (ના) ખરચને વાસ્તે નાણું.
થડ (ના) પાડોશ.
મેદાન (ના) ખુલ્લી જગો
ગભરાયો (ક્રિ) અકળાયો
છાવણી (ના) મુકામ.
તમામ (અ) બીલકૂલ.
ગુજરી (ક્રિ) મરી.[ગરૂ.
અપમાન (ના) ગેરઆ-
સહેવાયું (ક્રિ) ખમાયું.
સંપ (ના) એક દિલ, એક મત.
ભેગા (અ) એકઠા, સાથે
દગો (ના) કાવતરૂં, કપટ
વખેરાઇ (કૃ) જૂદા પડી
તળેટી (નામ) તળીઉં, તળીએનો ભાગ.
રોકડાં (વિ) નગદ.
સુમારજ(ના)પાર, અડસ-
દ્રવ્ય (ના)પૈસા, ધન.[ટો

પાઠ ૫૫ મો.

વતન=સ્વદેશ, જાગીરી.
ખાલસા (વિ) સરકારી.
હરડતા(વિ)કદ્દા, જુલમી
લૂટફાટ (ના) જબરજસ્તાથી ખુંચીલેવું.
બુરી(વિ)ખરાબ, નઠારી.
મતલબ (ના) સ્વાર્થ.
મંદિર (ના) દેહેરૂં, દેવળ
દોસ્તી (ના) મીતરાઇ.
કોલકરાર (ના) વચનસાથનો બંદોબસ્ત.
જાથુ (અ) હમેશાં.
પ્રસન્ન (વિ)ખુશી, મગન
મહાપાપી (વિ) ઘણોદુષ્ટ
બાદશાહ (ના) રાજા, પાદશાહ. [કસીરે
વગર વાંકે (ના) બીનત
ખૂન(ના)જીવલેવો, હથીઆર વતા મારવું તે.
તૈયાર(અ હાજર, તત્પર
જમાવ=એકઠું કરવું તે.
રણુ (ના)રેતીનું મેદાન.

પાઠ ૫૬ મો.

મંડપ (ના) માંડવો.
શિવલિંગ (ના) મહાદેવની મૂર્તિ.
સૂબો (ના) હાકેમ.
હોડી (ના) મછવો.
દરિયાવાટે=દરિયાને રસ્તે.
નાઠા=જતા રહ્યા. [થી.
ભંડારમાંથી=ખજામાં-
તવારિખ=ઇતિહાસ.
પાછોવળ્યો=ગયો.
માંડયા=કબુલ કર્યા.
દેવળ=દેહેરૂં, દેવસ્થાન.
માન (ના) કીર્તિ, જશ.
ખાળ્યો (ક્રિ)અટકાવ્યો.
તંગાશ (ના) ખોટ, તાણ.
હોંસેહોંસે (ના) ઘણી ખુશીથી, ઉમંગભેર.

પાઠ ૫૭ મો.

પાઠશાળા (ના) નિશાળ.
શૂરાતન (ના) બાહાદુરી.
સ્થાપી (ક્રિ) રચી.
ઇતિહાસરૂપ (વિ) ઇતિહાસની ઢપથી.
કાવ્ય (ના) કવિતા.
રચના (ના) શોભા.
તરજુમો(ના)એકભાષામાંથી બીજીભાષામાં ઉતારો કરવો.
કઠોર=ઘાતકી, વજ્જર
અવગુણ(ના) નઠારીટેવ.

ગુલામગીરી=દાસપણું.
સાબિત (વિ) સિદ્ધ, નક્કી.
લોભી (વિ) લાલચું.
પરમૂલક (ના) પારકો દેશ.
કાળજી (ના) ચોટક, અરે.
કારભારી (ના) કામકાજના કરનાર, કરતાહરતા.
પ્રસરી (વિ) ફેલાઇ.
લાલચોળ (વિ) માતેલા.
બંડી (ના) બદન. [જોડા.
બૂટ (ના) ચાંચવગરના
પહેરવેશ (ના) પેહેરેલો પોશાક; (પેહેરવાનાજે કપડાં).

પાઠ ૫૮ મો.

સૂબો (ના) પરદેશમાંરાજા તરફથી કરતો હરતો.
મર્યાદશીળ (વિ) સલુકાઇવાળા, સભ્યતાવાળા
વખો (ના) દુઃખ, આફત.
અમલ=સતા, અધિકાર.
અફઘાન=પઠાણુ લોકો.
ભોગજોગે=એકા એક.
ઉગર્યો (ક્રિ) બચ્યો, જીવ્યો
હાકેમ (ના) સરકાર.
તખ્ત=ગાદી, રાજ્યાસન
મમતા (ના) પ્યાર, હેત.
અધિકાર (ના) અખત્યાર, પદવી, દરજ્જો.

તૈયારી (ના) પેરવી, તાકીદ
પેંગડા (ના) પાવડા
બચાવ્યો (ક્રિ) ઉગાર્યો.
સોંપ્યો (ક્રિ) હવાલે કર્યો, તપાસી આપ્યો.

પાઠ ૫૯ મો.

ભોળો (વિ) નીખાલસ, કપટી નહીંતે, સાલસ.
ધાણુ (ના) નાશ, નખોદ,
સહિત (અ) સાથે
સંતોપ=આનંદ, હરખ.
દત્તક=છોકરો કરી લેવો.
ઝેર (ના) વિખ, સોમલ.
નબળા (વિ) કમજોર.
મોખરે (અ) અગાડી.
અસ્વારો (ના) ઘોડે બેસનારૂં લશ્કર.
ટૂકડી (ન) કકડા, ભાગ.
દુસ્મન (ના) શત્રુ, વેરી.
જખમી (વિ) ઘાયલ.
સહીસલામત (વિ) વગર જોખમે, સારીપેઠે.

પાઠ ૬૦ મો.

ખુન્નસ (ના) ઝેર, કીનો
છાપોમારવો (ક્રિ) એકદમ તુટી પડવું.
કતલ (ના) ખુનામરકી, ખુનરેજી, કાપાકાપી.
નિરાંતે (અ) ચેનથી.

લશ્કરી (વિ) લશ્કરમાં ઘાલવાની.
જડાવ (વિ) જડેલાં.
બખ્તર (ના) લડાઇનેસારૂ લોઢાનો અંગરખો.
જમાવીને (કૃ) એકઠી કરીને.
વીણી (કૃ) ચુંટી, તારવી.
હલ્લો=હુમલો, ધસાવરો.
ધૂળધાણી (વિ) ખાખાવીખી, પાએમાલ.
સેનાપતિ (ના) ફોજનો સરદાર.
તંબુ (ના) નાનો ડેરો.
રઝળતા (વિ) રખડતા.

પાઠ ૬૧ મો.

નામના (ના) નામદારી.
સાવધ (વિ) હોંશીયાર.
ઠારકરવું (ક્રિ) કાપીનાખવું
સ્વતંત્ર (વિ) આપ અખ્તીઆર.
ફત્તેહ (ના) જશ, યસ.
ચહાનાર (વિ) પસંદ કરનાર.
કાળ (ના) વખત, મોત.
કળા (ના) તદબીર, યુકિત.
ગાંઠે=પતકરે, ગણકારે.
ટાંપી (કૃ) તાકી, ધારી.
દશા (ના) હાલ, હવાલ.

ફાંસામાં (ના) કબ્જામાં.
ભળ્યો (ક્રિ) મળ્યો.
આથમણી (વિ) પશ્ચિમ તરફની.
સમાચાર (ના) ખબર.

પાઠ ૬૨ મો.

ઉલટ (ના) હોંશ,ઉમંગ.
ભેર (અ) સાથે.
મિજાજ (ના) પ્રકૃતિ
હાથરો=મોંચડાવવુંતે.
વદ્દી=દશકે દશકે એક ગણીએ છીએ તે.
ખોડ (ના) ખામી,ચૂક.
ગુણાકાર (ના) ગણાકરવાનો હિસાબ.
માથાકૂટીઆ=કડાકુટીઆ, ગુંચવણવાળા.
સુસ્ત (વિ) આળસુ.
ચીડાઇ (કૃ) ખીજવાઇ.
ચૂક (ના) ભૂલ, ગફલત.

પાઠ ૬૩ મો.

દયામણું (વિ) દયા ઉપજે એવું.
ડસકા (ના) રોતા આંચકા ખાવા તે.
દડદડ (અ) ટપકટપક.
ફળીઉં(ના)શેરી,મોહોલો
રોય (ક્રિ) રડે.
અકળામણ=ઘભરાટ.
કડણ (વિ) અઘરા.
ઉમંગ (ના) ઉમેદ, ઉલટ
આનંદ=સંતોષ,હરખ.
લોહી (કૃ) લુછી.
સાંભરતા=યાદ આવતા.
જવાબ (ના) ઉત્તર.

પાઠ ૬૪ મો.

આનંદી=મગન, ખુશ.
ધુંધવાતું (વિ) રીસાળ, ચહડેલું.
વસમું (વિ) અઘરૂં.
પડોશ (ના) પાસેનું ઘર.
કાયર=હેરાન, દુ:ખી.
કહેવત(ના)કેહેતી,કેહેણી
ગોખી (કૃ) પાઠે કરી.
પેટભરૂં(વિ) ગુજારોકરૂં.
હસમુખી (વિ) મગન.
તાળો (ના) કાંટો.
સ્વભાવ (ના) ખાશિયત.

પાઠ ૬૫ મો.

સમશ્યા(ના)ઉખાણા,કોહેડા,ભેદમાં પુછવાનું.
શ્વાન (ના) કૂતરો.
સુજાણ (વિ) સારીપેઠે જાણીતો.
મૃગ (ના) હરણ.
નર (ના) ભાયડો, મરદ.
ગળ્યો (ક્રિ) ઢાંકયો.
શોભે (ક્રિ) સારો દેખાય.
ઉત્તમ (વિ) મોટો, શ્રેષ્ઠ.
સજંન=સારા માણસ.
તાત (ના) બાપ, પિતા.
વીવા=સગપણ, સગાઇ.
ફાળ (ના) કુદકો, છલંગ.
ચતુર=ડાહ્યો, શાણો.
નારી (ના) બાયડી, સ્ત્રી.
નિર્બળ (ના) કમજોર.
કોલ (ના) કોયલ.
વસેદરે=દરમાં રેહે.
પઢતો (ક્રિ) ભણતો.
પંડિત (ના) વિદ્વાન.
પૂર્યો (ક્રિ) ગોંધ્યો.
ચેતજો (ક્રિ) જાણજો.
મધુરો (વિ) મીઠારાગનો.
સામળભટ=એક મ્હોટો કવિ થઇ ગયો.

(કવિતાની સમજુતી). (૬).

એક નરેનરને ઢાંકયો, તેથી શરીર સારૂં દેખાય; તેમાં એક તો

ઘણો ઉમદા માણસ છે, ત્યારે તમે ચતુર પુરૂષ હોય તો સમજી લેઓ. એ શું છે? (જામો).

મોટા કુળથી (દૂધથી) ઉપજી તેના બાપનો જે બાપ (દહીં તેનો બાપ, ને તેનો બાપ દૂધ) તેની સાથે સગપણ કર્યું (છાશ નાંખી દૂધ જમાવ્યું) તો તમે શાણા એ વાત સમજો એ શું છે? (છાશ).

કુદકો મારે પણ હરણ નથી. સસલો પણ નથી ને કૂતરો પણ નથી તેમ મોં ઊંચુંછે પણ મોર નથી ત્યારે તમે ડાહ્યા સારી પેઠે જાણીને સમજી લેઓ એ શું છે? (દેડકો).

રંગે પીળોછે પણ પોપટ નથી; કાળોછે પણ નાગ નથી, તેમ પાંખો છે પણ પંખી નથી; ને તે ઉડેછે ખરો પણ કાગડો નથી; ત્યારે એ શું છે બોલો? (ભમરો).

તે જાતે સ્ત્રી જાત છે પણ કમજોર નથી; કાળીછે પણ કોયલ નથી; તેમ દરમાં વસેછે પણ સાપણ નથી ત્યારે એનો જવાબ બોલો એ શુંછે? (તરવાર).

ભણ્યો પણ વિદ્વાન નથી; ને ગોંધ્યો છે પણ ચોર નથી તમે ડાહ્યા હોય તો સમજી લેજો; એ મધુર રાગનો છે પણ મોર નથી; ત્યારે એ શું છે બોલો? (પોપટ).

પાઠ ૬૬ મો.

પોરા(ના) ઝીણાજીવડાં.
વિદ્વાન (વિ) પંડિત.
સંખ્યા (ના) કંઇઆંકડો.
સૂક્ષ્મદર્શક (વિ) સૂક્ષ્મતે ઝીણી, ને દર્શક તે દેખાડનાર, એટલેઝી ણી ચીજમોટીદેખાય એવો કાચનો સંચો, મોટી ચીજ દેખાય એવું યંત્ર.
ખાડો.
ખાબોચીઉં (ના) નાનો
અબજ (વિ) સો, કરોડ
જેરવે (ક્રિ) પચાવે.
ચતુરાઇ (ના) ડહાપણ.
ગળી (ના) એક જાતનો કાળો રંગ.
મેળ્યું (ક્રિ) મેળવ્યું.
પારદર્શક=જેમાંથીઆરપાર જોવાય તે.
ગળીએર(વિ)કાળોરંગ.
કુંડાળા (ના) ચકરડાં.
ભક્ષ (ના) શીકાર.
આમળા (ના) વળ.

છીપ (ના) છીપાણી.
નકશી (ના) કારીગરી.
કોહેલી (વિ) સળેલી.

પાઠ ૬૭ મો.

વર્ણન (ના) બ્યાન.
રમણીય (વિ) ખુશલાગે એવી, ખુશનુમાં.
ગેંડી (ના) નાની ભેંસના જેવું જાનવર થાયછે.
પુણ્યશાળી(વિ)ધર્માત્મા.
પ્રખ્યાત (વિ) નામીચો.
બાગ(ના)મોટો બગીચો.
ધર્મશાળા=પરદેશીઓને ઉતરવાનો મુકામ.
માંડવી (ના)રવેશ
મહારાજ(ના)મોટારાજા
બેડોળ(વિ)ઘાટ વગરનું.
વેપારી(ના)રોજગાર કરનારા, રોજગારી.
બૂડાડે (ક્રિ) ડુબાવે.
તોપખાનું(ના)તોપો રાખવાનું ઠેકાણું.
સાહુકાર (ના)પૈસાવાળો, આબરૂદાર ગ્રહસ્થ.

પાઠ ૬૮ મો.

ભદ્ર(ના) ભદ્રકાળી માતા ઉપરનું મકાન.
મોદીખાનું(ના)સીધું સામાન વેચવાની દુકાન.
ઘીકાંટો (ના) જથાબંધ ઘી વેચવાનુંઠેકાણું.
તમામ (અ) બીલકુલ.
પૂર્વજો (ના) પિત્રૂ.
કાંપ (ના) છાવણી.
સાહેબલોક(ના)ગોરાલોક
લશ્કર(ના) ફોજ, સેન્યા.
હવેલી (ના) ઊંચી બાંધણીનું ઘર.
સવારી (ના)સ્વારી, હાથી ઉપરનો વરઘોડો

પાઠ ૬૯ મો.

અરૂણ (ના) સુરજ.
ઝગઝગે (ક્રિ) તેજ કરે.
વ્હેલ (ના) એક જાતનું મોટું મચ્છ, જેનેલોકો મગરમચ્છ કહેછે તે.
જળચર (વિ) પાણીમાં રેહેનારૂં જનાવર.
ચરબી (ના) જનાવરના ચામડાના પાતળા પડમાંથી જે ચીકણી વસ્તુ નીકળેછે તે.
વનસ્પતિ=લીલોતરી.
ગુજરાન (ના) ગુજારો
નિર્મળ=ચોખ્ખું, સાફ.
ગરમી (ના) તાપ.
પુષ્કળ (વિ)ઘણું [ગ.
શિખર=ટોચ,ઉપલોભા-
જવલે (અ) કોઇવખત.
બોલી (ના) ભાષા.
લિપિ (ના) ભાષા.
ગોરા (વિ) સફેદ,ઉજળા
આછા(વિ)થોડા. [ની.
માંજરી (વિ) ભુરાડોળા
ખ્રિસ્તિ(વિ)ઇશુખ્રિસ્તને માનવું તે.

પાઠ ૭૦ મો.

પરોપકાર=પરકલ્યાણ.
અભણ=વગરભણેલા.
દરકાર(ના) પરવા, જરૂર.
રળવા (કૃ) પેદા કરવા.
બરદાસ (ના) બાહાસ.
જ્ઞાન=સમજણ, અક્કલ.
પાડોશ (ના)પાસનું ઘર.
ધંધેલાગીશ (ક્રિ) રોજગારે વળગીશ.
દેવું (ના) કરજ, રૂણ.
સ્થાપન (ના) મંડાણ.
વખાણ (ના) તારીફ.

પાઠ ૭૧ મો.

સ્વધર્મી=પોતાનાધર્મનો
ભુંડું (ના) ખરાબ.
ભાંડે (ક્રિ) ખરાબ બોલે.
ખુલ્લું=ઉઘાડું, સાફ.
સદ્દગુણી(વિ) સદાચરણ.
લાયક (વિ) ઘટારત.
આદમી (ના) માણસ.

પ્રીતિ (ના) હેત, પ્યાર.
આજ્ઞા (ના) હુકમ, રજા
પ્રસન (વિ) ખુશ, મગન
વેરી (ના) દુશ્મન. શત્રુ.
કલ્યાણ (ના) સારૂં,રૂડું
દેશી(વિ)વતની, પોતાના દેશનો.

પાઠ ૭૨ મો.

દૃષ્ટાંત (ના) દાખલો.
કૌવચ=એકજાતના વળતા પાંદડાંનું ઝાડ.
મોગરો (ના) એકજાતનું ખુશબોદાર ફુલ
વાવ્યાથી (કૃ) રોપ્યાથી.
બેટા (ના) દીકરા.
અગત્ય (વિ) જરૂર.
મારરૂપી=મારનારૂપનું.
મીઠાશ=ભલાઇ,નમ્રતા.
ભૂલવી (ક્રિ) વીસરવી.
અંતે (અ)છેલ્લે,આખરે

પાઠ ૭૩ મો.

ભલુંભુંડું=સારૂં નઠારૂં.
આશ (ના) આશા.
વંદન=નમસ્કાર, નમવું.
નિંદક (વિ) ચુગલીખોર.
માણસ (વિ) સારો,નમ્ર.
પડછંદો=પડઘો.
માનવી (ના) માણુસ.
કદાપિ(અ) કોઈ વખત.
લેશ (અ) જરા.
પ્યાર (ના) હેત,ચાહેતો.
ખાર (ના)અદાવત, વેર.
દોષ (ના) ઠપકો.
ચઢાવીએ (ક્રિ) દઇએ
શુણો (ક્રિ) સાંભળો.
નંદો (ક્રિ) બદબોઇ કરે
ખંધું (વિ) લુચ્ચું.
ગંદું (વિ) ગોબરું.
વદે ક્રિ) બોલે.
જન(ના)માણસ,સખસ.
તુર્ત (અ) તરત, ઝટ.
પડે (ક્રિ) થાય.

(કવિતાની સમજુતી). (૭).

લોકમાં પ્યાર મેળવનારા મોગરાનાં બી જેવા (બી હોતા નથી ફુલ જેવા) માણુસના મીઠા બોલ તેમજ ખાર-મેળવનારા કૌવચનાબી બી જેવા (બી હોતા નથી ફાફડા જેવા) કે જે જરા ડીલે લગાડીએ તો ખજવાળ આવે ને લાલ ચકામાં પડી રેહે તેવા કડવા બોલ કહીએ; મોગરાની કલમ કાપીને વાવી હોય તો તેમાંથી કૌવચ ન ઉગે તેમજ કાવચ વાવી હોય તો તેમાંથી મોગરો ઉગશે એવી જરાએ આશા રાખવી નહીં (એટલે કોઈનું ભુંડું કરીશું તો તે ભલું કરશે એવી આશા થોડી): તે માટે એકવાર આપણે વિવેકથી વિચારી જુઓ, કે જેવા બી વાવીએ તેવાંજ ઝાડ ઉગેછે. ભોકોની પ્રીતિ કે ખાર મેળવવો એનો ઇલાજ આપણા હાથમાં છે. તે માટે **દલપતરામ** કવિ કહેછેકે દુનિઆના લોકને તેટલા સારૂ ઠપકો ન દેવો. (૧).

નમસ્કારનો શબ્દ કહીને નમસ્કારનો શબ્દ સાંભળો ને જો તમે કહી

કોઇની નિંદા કરે તો તમે ચુગલીખોર કેહેવાઓ; સભ્યતાનો શબ્દ કહીને સભ્યતાનો સાંભળો લુચ્ચો કહ્યાથી તે તેમને લુચ્ચો કહે; ચોખ્ખો શબ્દ કહીને ચોખ્ખા શબ્દ સાંભળો ગોજ્ો કહ્યાથી તે તમને પાછો ગોજ્ો કેહે, માટે માણસો એક બીજામાં જેવા સામસામા શબ્દ બોલે તેવોજ તુરત તેનો પડઘો પડે. (એટલે) સામો માણસ પણ તેવુંજ બોલે. (૨).

પાઠ ૭૪ મો.

લક્ષ (ના) ધ્યાન.
ઓલાદ (ના) વંશ, કુળ.
મિનારો=એક જાતની ગોળઉંચીપોહોળીછોથી બાંધેલી ઇમારત.
પક્કો(વિ)ખરો, સાબિત.
નાનપણુ (ના) બચપણ
ઉછરેલો(ના)મોટોથયલો
અવસ્થા=હાલ, હવાલ.
વેઠતો=ખમતો, સેહેતો.
હોશિયારી (ના) ખબરદારી, ચાલાકી.
જોગ (ના) દાવ, તાલ.
દરજ્જે=પદ્વીએ, જગે.
હકૂમત=સત્તા, હાકમી.
ખૂબસુરત (વિ) રૂપવંત.
મૂળ (ના) કાસળ,નખોદ.
મહાકાળેશ્વર (વા) મોટી કાળકા માતા.
કુતુબમિનાર (ના) કુતબુદીનનો મિનારો.

પાઠ ૭૫ મો.

દૃઢ (ના) પક્કા, ખચિત્ત.
બંડ (ના) હુલ્લડ,બળવો.
બદચાલ=ખરાબચાલ.
બખેડો (ના) હુલ્લડ.
અમલ (ના) સત્તા.
આધીન (ના) તાબે,વશ.
દમ (ના) હોંસ, રામ.
રામ (ના) દમ, જોર.
સ્ત્રી(ના)બઇરી, બાયડી.
રક્ષણુ=સંભાળ,બાલાસ
બેગમ (ના) બાદશાહ કે નવાબનીધણીઆણી.
રાજકાજ (ના) રાજાનું કામ કાજ.
આડોઆંક (વિ) બેહદ.
ઇન્સાફ (ના) ફેંસલા.
અમીરો=મોટા માણસ.
સંકટ=દુઃખ, આપદા.

પાઠ ૭૬ મો.

પુસ્તકો(ના) ચોપડીઓ.
લખામણી (ના) લખાઇ.
ફકીરી=ફકીરના જેવી.
ખોટ (ના) ચૂક, ભૂલ.
ફેરફાર (ના) સુધારો, બદલવુંતે.
અક્ષર (ના) હરફ,દસ્કત.
મૂળથી (અ) પેહેલાંથી.
દૂભાવાય (ક્રિ) દુખવાય.
ફેરવ્યા (ક્રિ) બદલ્યા.
વજીર(ના)પ્રધાન,દીવાન.
એક (અ) સાથે, ભેગા.
ઠરાવ્યો (ક્રિ) મુકરર કર્યો.
સત્તા (ના) અખત્યાર.
બૂમાટ (ના) પોકાર,સોર.
હોલવી (ક્રિ) મટાડી.

પાઠ ૭૭ મો.

એલચી (ના) વકીલ.
સન્માન=માન, આબરૂ.
વિસામો (ના) આરામ, વિશ્રામ.

દાવો (ના) હક.
ખુંચી (કૃ) છીનવી.
આશરો(ના)છાયા,કુમક.
કવિ=કવિતા બનાવનાર.
અસીલ=નરમ, સાલસ.
ગણકારે (ક્રિ) પતકરે.
નિર્દયપણે=ઘાતકીપણે
ગરદનમાર્યો(ક્રિ)ઠારકર્યો.
નીવડે (ક્રિ) નીકળે.
અણબનાવ=એબનાવ.

પાઠ ૭૮ મો.

ભોગ (ના) કમબખ્તી
સલાહ(ના)વિચાર, મત.
ઊંધી (વિ) ઉલટી.
ભંભેર્યો (ક્રિ) કાનભ-
રીને શીખવ્યો ઉલટું
સમજાવ્યું. [શીખ.
એશઆરામ (ના) મોજ
ઉદાસ (વિ) દલગીર.
નાદાન(વિ)અણસમજુ.
મતિ(ના) વિચાર, બુદ્ધિ
દીવાન (ના) પ્રધાન.
દગો ફટકો(ના)છળભેદ.
હોશ (ના) ગાતર, રામ.
છીનવી (કૃ) ખુંચી.

પાઠ ૭૯ મો.

સહવાસ (ના) પરીચય
બળવો(ના) હુલ્લડ,દંગો.
અધિકાર (ના) દરજ્જો.
અમીરી (વિ) મોટા
માણસ, ઊંચા.
ખાનદાન (વિ) ઊંચું કુળ
વારામાં (ના) વખતમાં.
ફતેહ(ના)ઝીતણી, ઝીત.
કટ્ટો (વિ) હરડતો.
શિક્ષા (ના) સજા.
દયાળુ (વિ) રેહેમ
નજરવાળા.
કોમળ=કુમળા, નાજુક.
અપરાધ(ના)ગુનો, વાંક.
બુદ્ધિમાન=અક્કલવંત.
ઝાંપો (ના) દરવાજો.
કુંવર=રાજાનો છોકરો.

પાઠ ૮૦ મો.

કુપાત્ર(વિ)નઠારોછોકરો.
અણઘટતુ=નાલાયક.
તકસીર=વાંક અપરાધ.
પરાજય (ના) હાર.
ફિતૂરી(ના)ઢોંગકરનારા.
ગુનેગારો(ના) અપરાધી.
જાસ્તી (અ)વધારે, ઘણું.
પચાવી (કૃ) દબાવી.
ઘોરી (વિ) શરીઆમ.
કેવળ(વિ)બીલકુલ,તદન
ઠંડા (વિ) ધીમાં, ટાઢા.
ગડબડ (ના) તોફાન.
મટાડીને (કૃ) દુર કરીને.
આડ (ના) હદ, સીમા.
સમાચાર (ના) ખબર.
વચગાળે(ના) મધ્યભાગે.

પાઠ ૮૧ મો.

દ્રવ્ય (ના) પૈસો ધન.
ઝવેર=હિરામોતી વગેરે.
દર્શન (ના)દેખવું, ઝાંખી.
બેશુમાર (વિ) ઘણોજ.
ખોટી (વિ) જુઠી, બના
વટની. [કોથળી.
ગૂણો (ના) ગુણપાટની
મદદ (ના) કૂમક.
નિભાવ (ના) ગુજારો.

પાઠ ૮૨ મો.

વિશ્વાસઘાતી (વિ) ભરો.
સો આપી દગો દેનાર.
કાળજું (ના)હૈડું, હૃદય.
ભુંડાઈ (ના) બુરાસ,વેર.
ઉમરાવો (ના) અમીરો.
નિશ્ચય (ના) નક્કી ઠરાવ.
અતિશે (વિ) ઘણો,બહુ.
ભરોસો (ના) વિશ્વાસ.
વહેમ (ના) શક, સંદેહ.
ઉલટો (વિ) સામો.
સાન (ના) ઈશારત.

પાઠ ૮૩ મો.

ચઢિઆતો(ના) ચહડતો.
લેખામાં(વિ) હિસાબમાં.
ગ્રેટબ્રિટન=અંગ્રેજ લો-
કોનો દેશ ઇંગ્લંડ,

સ્કૉટલંડ ને વેલ્સ.)
ડાંગર (ના) ભાત.
નીપજે=પાકે, પેદાથાય.
વચ્ચોવચ્ચ(અ) બરાબર વચમાં, વચગાળે.
સુરંગ (ના) નેહેર.
આવજા—આવવું જવું.
નામદાર (વિ) પ્રખ્યાત. કીર્તિવંત, નામીચો.
દર (વિ) હરએક.
વસ્તી(ના) વાસો, મુકામ.

પાઠ ૮૪ મો.

મહારાણીજી (ના) મોટાં રાણી સાહેબ.
અચળ (વિ)જે ખસે નહીં તે હમેશાં કાયમ.
કરૂણા(ના) દયા. [શાલ.
કુશલ(ના)તાજગીર, ખુ-
વિધવિધ=તરેહ તરેહ.
સંહાર (ક્રિ) નાશ ધાણ
હામ (ના) હિમ્મત.
વિજયાકુંવરી=વધારે જશવાળી છોકરી.
અમરવેલ (ના)મરે નહીં એવો વેલો.
કૃપાનાથ(ના) દયા રાખનાર ધણી.
અખંડ (વિ) ખાંડો નહીં તે, આખો.
સોહાગ (ના) શોભાગ.
પરિવાર=કબીલો, વંશ.
દીપાવડો(વિ) શોભાવંતો
સમાજ=મંડળી, સભા.
અફળ(વિ) ફોકટ,મિથ્યા.
વડી (વિ) મોટી.
કૃપા (ના) મેહેરબાની.
હૈડું (ના)દીલ,મન,હેયું.
હર્ષ (ના) હરખ, ખુશી.
કલ્યાણ (ના) સારૂં, રૂડું.
દિનદિન=દહાડે દહાડે.
ચડતીકળા=આબાદાની, આબાદી.
સંહારજો=નાશ કરજો.
દુષ્ટ (વિ) પાપી, ખુની.
વિજય(ના)વધારે જશ, વધારે આબરૂ.
જગતપતિપણું (ના) દુનિયાનું ઉપરી પણું.
અખૂટ(વિ)ખુટે નહીતે.
સમય(ના)વખત,વેળા.
સહાય(ના)દુઃખ, સંકટ.
કષ્ટ (ના) દુઃખ, સંકટ.
કૃપાનિધિ (ના) દયાનો ભંડાર.
ઊપજ્યો (વિ) થયો.
અથાગ (વિ) જેનો થાગ નહીં, ઘણોજ.
જગ (ના) જગત; પૃથ્વી.
ન્યાય (ના) ઇનસાફ.
સુજશ=સારો જશ, કીર્તિ
જામજો (ક્રિ) પથરાજો.
ગુણીજન(ના)ગુણવાળો.
દયાવંત (વિ) દયાવાળો.
દિસેછે (ક્રિ) દેખાયછે.
રાજસમાજ (ના) રાજમંડળી, રાજસભા.
રક્ષા (ના) રક્ષણ, સંભાળ.
જયજયકાર (ના) ફતેહ.

(કવિતાની સમજુતી). (૮).

હે પ્રભુ ! હમે એટલું માગીએછી એ કે, મોટી દયાળુ વિક્ટોરીઆ રાણી ઘણાં વર્ષ જીવો; તમો કરૂણા કરીને એટલું આપો કે હમારા દીલમાં પૂરો હરખ પામીએ (વિક્ટોરીઆ ઘણાં વર્ષજીવો). (૧).

સદાકાળ એની હકુમત હમારા પર રાખજો. અને દયા લાવી એનું

રક્ષણ કરી કલ્યાણ કરજો; દહાડે દહાડે એની આબાદાની થઈને દોલત વધજો; જેથી કરીને એ ઘણી કીર્તિ પામો (**વિકટોરીઆ**) (૨).

એના સઘળા દુશ્માનોનો ઘાણ વાળજો પાપી માણુસની મેહનત ફોકટ જજો; એ વધારે જશવાળી કુંવરીનો વધારે જશ વધારજો, જે કે દુનિઆનૂ ઉપરીપણું ચલાવવા જોગ છે. (**વિકટોરીઆ**) (૩).

પ્રભુ તું ખુટે નહીં તેટલી દોલત એને આપજે, ને સઘળા વખતે એની મદદમાં રેહેજે; હે દયાના ભંડાર ઇશ્વર એના સઘળા દુઃખ કહાડી નાંખજે; કે જેની કીર્તિ જગમાં ઘણી થાય. (**વિકટોરીઆ**) (૪).

એના રાજમાં માણુસ સુખી થયા. સદાકાળ એનો શોભાગ આખો રેહેજે (ખંડીત થતો નહીં); જેથી કરીને જુલમના દુઃખ દુર થયા, ને મનમાં અથાગ હરખ ઊપજે (**વિકટોરીઆ.**) (૫).

આખી પૃથ્વીપર સદાકાળ એ કાયમ રહેજો. એનો ઇનસાફ સદા વાજબીજ છે; એનો સારો જશ જગત મધ્યે **પથરાજો** કે જે ગુણીજન માણુસ પુસ્તકમાં લખી જાય (**વિકટોરીઆ.**) (૬).

જેના સદ્ગુણ રાજનું મંડળ દયા ભરેલું મઝાનું દેખાવડું જણાય છે; એને ચિનેચોગણી હિમ્મત વધજો, ને મહારાજ (**ઇશ્વર**) એનું સારૂં રક્ષણ કરો. (**વિકટોરીઆ.**) (૭)

જેનો નાશ નહીંજ થાય એવો જેમ વેલો વધે, તેમ એનો પરિવાર વધજો; **દલપતરામ** કવિ કેહે સઘળા સારા માણસો, બોલો એકવાર **વિકટોરીઆ રાણીની** જે, જે જે (**વિકટોરીઆ.**) (૮).

પાઠ ૮૫ મો.

ફૂટડાઇ (ના) શોભા.
ટાપટીપ(ના)તાલમેલથી શણગારવું તે.
ચાલ (ના) રીત.
જંગલી=બેવકુફ,મૂર્ખ.
અજ્ઞાન(વિ) વગર કેળવાયલા ભોળા.
હોંસેહોંસે(ના)ઉમંગથી.
ડોળ(ના)ચેહેરો,ભપકો.
જન્મથીજ (ના) અવતરે ત્યારથીજ.
ચોખંડાં (વિ) ચોડા.
ડામ (ના) ધગધગતા લોઢાનો ઉનો ચપકો.

પાઠ ૮૬ મો.

શિકલ (ના) મોંનો-ચેહેરો.

નામાંકત (વિ) નામીચો.
કદરૂપાં (વિ) બેડોળ.
કસર (ના) ખામી.
વેહ (ના) કાણું, છિદ્ર.
ચીપું (વિ) બેઠેલું, ચપટું,
રૂપાળું (વિ) દેખાવડું.
બૂઠ (ના) કાનની લાલી ઉપરનો વચગાળેનો. ભાગ.
વજન (ના) ભાર, બોજો
દુઃખી (વિ) હેરાન, કાયર.

પાઠ ૮૭ મો.

કરોડ (ના) બરડાની. વચમાંનું હાડકું.
પાંસળીઓ (ના) પાસાત રફની હાડકીઓ. [ર
દરદ (ના) દુખાવો, કળત-
સણકા (ના) ચસકા
હડપચી (ના) દાઢી આગળની જગો.
મેશ (ના) કાજળ.
ટપકાં (ના) છુંદણાં.
નીચવર્ણ (ના) હલકી જાત, હલકા લોક
વેદના (ના) દુઃખ, આપદા.
ખોટ (ના) તંગાસ, તોટો.
રેખો (ના) મેખો.

પાઠ ૮૮ મો.

ચોઘડીયું (ના) ચાર ઘડીનો વખત.
ગૃહસ્થા=મોટા માણસો
આરસ પાહાણ (ના) આરસનો પથ્થર.
માનતા (ના) બાધા આકીન, નીમ.
સિંહાસન (ના) ગાદી, (સિંહનું આસન).
દેવલ (ના) દેરૂં, મંદીર.
સૈકા (ના) સેંકડો.
સ્તંભે (ના) થાંભલાએ.
સલાટ (ના) પથ્થર ટાંકનારા કડીઆ.
દાંતા (ના) ગૂજરાતની ઉત્તરે એ ગામ છે.
રાણા (ના) રાજા.
જાત્રાળુ (વિ) જાત્રાવાસી
ભેટ (ના) નજરાણું.
કર (ના) વેરો. [ર
પાળીઆ (ના) કોરણ, કોઆબુ (ના) ગૂજરાતની- ઉત્તરે એક પર્વત છે

પાઠ ૮૯ મો. [ગ

જ્વાળા (ના) બળતા, આ-
કમાણી=રળતર, કમાઇ
દશાંશ (ના) દશમો ભાગ.
નગરશેઠ (ના) શેહેરનો- શેઠીઓ.
ગુમાસ્તા (ના) વાણોતર.
બારસાખ=બારણાં સાથેનું ચોખઠું.
લેખ (ના) દસ્તાવેજ.
દરસાલ=દર વરસ.
અર્પણ (ના) આપવું, ચડાવવું [ર્વત.
ગબ્બર (ના) જબરો પ-
જબર (ના) જબરા.
ચઢાવ (ના) ઢોળાવ.
જ્વાળામુખી (ના) બળતામોંનો પર્વત.

પાઠ ૯૦ મો.

માયાળુ (વિ) દયાળુ.
ભાઈબંધી (ના) દોસ્તી.
ભાઇબંધ (ના) દોસ્તદાર.
વાંક (ના) તકસીર, ગુનો.
વેંત (ના) બીલ્લસ.
નમીએ (ક્રિ) વાંકાવળીએ
ઇલાજ (ના) ઉપાય.
આપસ્વાર્થી (ના) પોતાની મતલબના, ગરજાઉ.
પરવા (ના) દરકાર, જરૂર.
સોબતી (ના) સાથી.
પરગજુ (ના) પરકલ્યાણી.
દયાળુ (વિ) માયાળુ. [આ
ગોઠીઆ (ના) મસલતી-
મોટા (વિ) ઉદાર, સખી.
દોષ (ના) અપરાધ, પાપી.

પાઠ ૯૧ મો.

રમુજી=ગમત પડે એવી.
ખડખડાટ (ના) અવાજ.
બીનાં (ના) બીધાં.
હિંમત (ના) છાતી.
છાજલી (ના) છાબડી.
બચરડાઈ (કૃ) દબાઇ.
ઘાટ (ના) આકાર, ડોળ.
ચતુરાઇ (ના) ડાહાપણ.
ફસાઈ (કૃ) કબજ આવી.
ધાસ્તી (ના) બીક, ડર.

પાઠ ૯૨ મો.

ભોજનક્રિયા(ના)જંબાની તરેહ-રીત.
સાહેબલોક(ના)અંગ્રેજ.
તરેહ (ના) રીત, યુક્તિ.
અણીદાર (વિ) અણી વાળી.
અવઘડ (ના) અડચણ.
નરમ (વિ) પાણી જેવી.
વેલા (ના) આપદા [ક.
ઘરધણી(ના)ઘરનોમાલિ
ફાવતું (કૃ) ઠીક પડતું.
ટગરટગર(કૃ)એકીનજરે.
કકડીને (કૃ) ઘણીસખત.
ઘેંસ (ના) ભડકું.
ધુણાવ્યું (કૃ) હલાવ્યું.
ગટગટાવી (કૃ) ઠાંસી, પી.
તરેહવાર (વિ) અજબ.

પાઠ ૯૩ મો.

ચોરસ (વિ) ચોખંડા.
પરોણો (ના) પરોણા ઉતરેલા તે, મેમાન.
ફાડીને (કૃ) ચીરીને.
ઠલવી (કૃ) ખાલવી.
ખૂમચા (ના) મોટીથાળી જેવું છાછરૂં વાસણ.
કાવો (ના) ઉકાળો.
મોળી=ગળપણવગરની.
સુરમ (ના) સુગંધ, વાસ.

પાઠ ૯૪ મો.

સંઘ=જાત્રાજનારૂં ટોળું.
ટુંક (ના) શીખર, ટોચ.
રળિયામણો (ના) શોભાવંતો, સારો.
મોકળો (વિ) પોહળો.
આનંદ=હરખ, સંતોષ
બાટ(ના)ઓવારો,આરો
વિસામા (ના) વિશ્રામ લેવાના ઠેકાણાં.
વગડો (ના) રાન, જંગલ
નામીચા (વિ) પ્રખ્યાત.
ધનવાન (વિ) પૈસાદાર.
શિલાલેખ(ના)પથ્થરપર કોતરેલો દસ્તાવેજ.
હરસાલ(ના)વરસોવરસ.
ઉચકો (ના) ઉધડ માપ, ઠેરવેલી રકમ.
પૂજારા (ના) પુજાકરનાર.

રાતવાસો=રાતનો મુકામ, રાતનો પડાવ.
ઠાકોર(ના)રાજા,રાણો.
સદાવ્રત (ના) ધર્મદા સીધુંસામાન આપવાનું મોદીખાનું. [ળ.
મરકી (ના) મરવાનોરો-

પાઠ ૯૫ મો.

ભૂમધ્ય (વિ) જમીનની વચમાં આવેલો.
રેતાળ (વિ) રેતીવાળી.
રણ (ના) રેતીનું મેદાન
વાયરો (ના) પવન, વા.
જવલે (અ) કોઇવખત.
ઝાડપાન(ના)ઝાડપાલો.
વાડી (ના) ઝાડપાન વાળી જગો.

પાઠ ૯૬ મો.

સારેછે(ક્રિ) પૂરી પાડેછે.
સાલ (ના) વરસ.
પૂર (ના) રેલ.
કાંપ (ના) કચરો.
શામળા (વિ) કાળા.
સીધી (ના) હબસી.
કદરૂપા(વિ)બદશીકલના.
નિમકહલાલ (વિ) ખાધેલા અન્નનો ઉપકાર કરનારો.
કેપ (ના) જુસીર.

હિંસારી(વિ)હત્યાકરનારા
ઝોળેઝોળાં(ના)ટોળેટોળાં
ખૂની(વિ)ઘાતકી, નિર્દય.

પાઠ ૯૭ મો.

પિતા (ના) બાપ, તાત.
સેવા(ના)ચાકરી,બરદાસ
છડો (ના) એકલો.
છોટો (વિ) નાનો.
પાળીપોષી(કૃ) ખવડાવી પીવાડી. [પાડ
આભાર (ના) ઉપકાર,
અંતર (ના) દિલ, મન.
ભેદ(ના)સમજણ,કારણ
કોટીકોટી(વિ)ઘણીઘણી
કાયા (ના) શરીર, દેહ.
છત્ર (ના) ઢાંકણું.
પ્યાર (ના) હેત, ચાહના.
અત્યંત(વિ)ઘણો, ખુબ.
પાજી (વિ)નઠારો,કપુત.
વડા (વિ) મોટા.
વાંક (ના) ગુન્હો.
રાંક(વિ)ગરીબ, અનાથ.
સ્નેહ (ના) હેત, પ્યાર.
દેહે (ના) શરીર, કાયા.

(કવિતાની સમજુતી). (૯).

જ્યારે હું છેક નાદાન નાનો છોકરો હતો, ત્યારે પીતાજી તમે મને પાળી પોશીને મોટો કીધો; તે વખતે સારી રીતથી મને ખુશીને ખુશી રાખતા; હવે એ તમારો પાડ હું કેમ વીસરૂં. (૧).

જે વખતે હું નાનો હતો તે વખતે છાતીએ ચડી તમારી મૂછ ખેંચી ત્યારે તમે દિલમાં જરા પણ રીસ નહોતી આણી; ને જે મેં મ્હોડે કહ્યું તે બધી વાતની હા હા કહી; હવે એ તમારો૦ (૨).

મને સારી શીખામણ દઇને સુધાર્યો, અને વિદ્યા શીખવીને વિવેકથી વધાર્યો; તેમ મને બધી વાતની સમજણ બરાબર આપી, હવે એ હવે તમારો૦ (૩).

તમારી કાયાપર મારેવાસ્તે ઘણું ઘણું દુઃખ વેઠ્યું, મને છાતીએ દાબીને મારી આસનાવાસના કીધી; ને ખરા ભાવથી મારા ઉપર હેત રાખતા, હવે એ તમારો૦ (૪).

મને જોતાં ત્યારે મનમાં ઘણો સંતોષ પામતા, ને જે વસ્તુ મ્હોડે મેં માંગી તે તરત લાવી આપતા; જે નઠારોછોકરો હોય તેજ એ તમારો પાડ ભૂલે, તો હવે એ તમારો૦ (૫).

મારાથી કંઈ ખોટું કામ થાય ને મોટા ગુનામાં આવું તો નાદાન જાણી શિક્ષા કરવાને બદલે તમે મારાપર દયા લાવતા; ને પ્રીતિ ન ઉતારતા મારા

અંગને કંઇ પણ દુઃખ ન દીધું, હવે એ તમારો૦ (૬).

પાઠ ૯૮ મો.		
લાવ (ના) લાવો, લાભ.	સેવના (ના) સેવા, ભક્તિ.	સજ્યા (ક્રિ) બનાવ્યા.
સજવું (ક્રિ) રચવું.	ભાગ્યશાળી (વિ) નશીબવાન, નશીબવાળો.	નેત્ર (ના) આંખ, લોચન.
નિરખવું (ક્રિ) જોવું.	તુચ્છ (વિ) હલકો, નીચ.	નીર (ના) પાણી.
જગન્નાથ (ના) જગતનો ધણી, ઈશ્વર.	ટાળી (ક્રિ) મટાડી.	ઉરે (ના) દીલે, હૈયે.
હયાતી (ના) જીન્દગાની.	જનો (ના) માણસો.	ભાવ (ના) ચાહના, હોંશ.
	મધ્ય (અ) વચ્ચ, માંહે.	પિતુ (ના) બાપ, તાત.
		શુભ (વિ) સારૂં, મંગળીક.

(કવિતાની સમજુતી). (૧૦).

મને ભણાવી ગણાવી નસીબવાન (લાહેર) બનાવ્યો, ને મારી ખરાબ તોછડી આદત મૂકાવી; જેથી કરી લોકોમાં મારી આબરૂ ફેલાઇ ગઇ, હવે એ તમારો૦ (૭).

મેં આ સારો (ઉપભોગ) ઓરીઓ લીધો ને જે હવે લઇશ તેનો આભાર બધો પિતાજી તમારો માનું છું એ બધા ઉપાયો મારા સુખને સારૂ તમે રચ્યાં છે, હવે એ તમારો૦ (૮).

તમારી આંખોમાં પ્યારના આંસુ લાવીને મને જોતા ને પોતાના કલેજા સાથે લગાવીને દાબતાં; તે વખતે મ્હોડે મીઠા શબ્દ બોલતા, હવે એ તમારો૦ (૯).

હું આજ સુધી નાદાન બચ્ચું ને અજાણ્યો હતો તેથી તમારો ગુણ મેં મનમાં એકે જાણ્યો નથી; આજ હું હવે જાણીતો (મોટા સમજણો) થયો છું, હવે એ તમારો૦ (૧૦).

જગતનો ધણી જે ઇશ્વર તે જો મને હયાત રાખે, અને મારી ને તમારી જીંદગાની સલામત રહે, તો સાચે ભાવે નિરંતર તમારી સેવા કરૂં હવે એ તમારો૦ (૧૧).

હોંસથી ભણીને આ સારા છંદ ગણી રાખે, તો પિતાની સેવા કરવાને

નઠારા થશે નહીં; સારૂં જ્ઞાન મેળવીને પછી સારે કામે લાગશે ને આ સારા છંદ **દલપતરામ કવિએ બનાવ્યા છે.** (૧૨).

પાઠ ૯૯ મો.

વેરીઓ (ના) દુશ્મનો,
ઘાતકી(વિ)નિર્દય, ખુની,
શિકાર (ના) ભક્ષ.
લાગ (ના) દાવ, તક.
બેશુદ્ધ (વિ)ભાનવગરનો
ઉડાડી (ક્રિ) ફેલાવી.
નિમકહરામી (ના) ઉપકારને બદલે અપકાર કરવો તે.

પાઠ ૧૦૦ મો.

ખોરાક(ના) હંમેશાં ખાવાનો પદાર્થ. [ઇર્શા
અદેખાઇ (ના) ખાર,
નિર્દય (વિ)દયા વગરનો.
વાઘેલા (વિ) સોલંકી.

પાઠ ૧૦૧ મો.

વજીર(ના)પ્રધાન,દીવાન.
પાધર(વિ)સીધો,પાધરો.
કુલ (વિ) બધા, તમામ
કાફુર(ના)લુચ્ચોઆદમી.
મજલ (ના) વાટ, ટપ્પો
પાટવી (વિ)ગાદીનો અધિકારી, મ્હોટો.

પાઠ ૧૦૨ જો.

ફુરસદ (વિ) નવરાસ.
ઊગમણી (વિ) પૂર્વદિશા.
ખંડણી (ના) ચોથ કર
આવકાર (ના)આદરમાન
ચડાઇ (ના) હુમલો.
સમાપ્તિ (ના) આખર છેડો.
સિંહલદ્વીપ=લંકાબેટ
પડતીદશા=નબળોદહાડો

પાઠ ૧૦૩ જો.

નિમકહરામ (વિ) ધણીનું અન્ન ખાઇને તેનું ભુંડું કરે તે.
વિશ્વાસ (ના) ભરોસો
અવિશ્વાસ (ના) બીનપતીજ, ભરોસો નહીં તે.
ઘડપણ (ના) બુઢાપણ
ક્લેશ=કજીઓ, કંકાશ.
પંડિતો (ના) વિદ્વાનો.
અહંકાર(ના)અભિમાન.
બુદ્ધિમાન=અક્કલવંત.
આબાદી (ના)ચઢતી.
ખાનપાન (ના) ખાવુંપીવું, ખોરાકી, પોષાકી
નીમ (ના) હદ, સુમાર.
સપરમે (વિ) સારે ટાણે.
ગુલામગીરી (ના) ચાકરડાપણું, દાસપણું.

પાઠ ૧૦૪ થો.

મારા=કસાઇ, મારનારા.
માલિક (ના) ધણી.
કાચો (વિ) નબળો.
નીવડત (ક્રિ) નીકળત.
રંડીબાજી=વેશ્યાનો સંગ કરવોતે, છીનાળુ[જી)
મોજશોખ (ના) ચેનબા·
લપટાઇ (કૃ) વીટલાઇ,ફસાઇ.
સમાવતાં= નરમપાડતાં.
રીબાવીને (કૃ) દુઃખદઇને
નિર્દય પણે=ઘાતકી પણે
કારભાર (ના) મુખ્ય કામ કાજ.
સંતોષ=આનંદ, હરખ.
વગના (ના) તરફેણના.
નસંતાન (ના)સત્યાનાસ

પાઠ ૧૦૫ મો.

રંગમહેલ=રંગતાન કરવાનો મોટો મેહેલ.
દેવડી (ના) મથક, મકાન.
ઓલાદ (ના) વંશ, કુળ.
દુવાઇ (ના) આણ.
નીતિ (ના)રીતસર ચાલ

વાનું ધોરણ.
ગડબડ (ના) તોફાન.
બંદોબસ્ત(ના) ગોઠવણ.

પાઠ ૧૦૬ ઠ્ઠો.

સુબેદાર (ના) સરદાર, પલટણનો ઊપરી.
કાયમ (અ) બાહાલ.
મેલાપ (ના) મુલાકાત.
કાવતરૂં (ના) દગો.
ઓચિંતો (વિ)એકાએક.
ભોગજોગે(અ)એકાએક.
બનાવ (ના) હકીકત.

પાઠ ૧૦૭ મો.

ગોળાર્દ્ધ(ના) અડધોગોળ
વહાણવટી (ના) નોકાશાસ્ત્રના જાણનારા.
સમધાત (વિ) સરખો.
શુમારે (અ) આસરે.
વળગીને (ક્રૃ) બાઝીને
કડકા (ના) ભાગ.
ખબરદાર(વિ)હોશિયાર.
ખરેખાત (અ) સાચોસા[ચ.
ઢગલેઢગલા=ઘણુંજ.
નીપજ (ના) પાક, પેદાશ

પાઠ ૧૦૮ મો.

અજ્ઞાની(વિ)અણસમજુ ભોળા, વગર શીખેલા
ભૂત (ના) પીશાચ.
નજર (ના) કુદ્રષ્ટિ.
ઝોડઝપટ (ના) સપડાવું.
પ્રકાર (ના) રીત, તરેહ.
સમજુ (વિ) વિચારવંત.
કરડી (વિ) આકરી.
ધગધગતા(વિ)ઉનાંઉનાં.
અંગારા(ના) દેવતાનાસળગેલા કોયલા.

પાઠ ૧૦૯ મો.

પ્રયોગ=કરી જોવું, અજમાસ કરવી તે.
મંછા (ના) ઇચ્છા.
શંકા (ના) વેહેમ.
ચીસ (ના) ફીકીઆરી.
લગડી (ના) ઢાળકી.
પડછાયો (ના) ઓળો.
કસર (ના) ખામી.
પરસેવો(ના)પસીનો.
યુક્તિથીબંધ=હીકમતથી
ખબરદારી=હોંશિયારી.
ચોકશી=બારીક તપાસ.
ડાકણ (ના) ચૂડેલ.*

પાઠ ૧૧૦ મો.

વંત્રી (ના) ડાકણ, ચૂડેલ.
આણુ (ના) દુવાઇ.
રોણ (ના) તોફાન.
ભાવસાર (ના) જૈનધર્મ પાળનાર હિંદુ લોક.
મધરાત (ના) વચલીરાત.
ચાંદરણું (ના) ચંદ્રમાનું અજવાળું.
ધ્રૂજવા (ક્રૃ) બ્હીવા.
હામ (ના) હિંમત, છાતી.
ચોકીવાળા=પોહોરેદાર.
ડામચીઓ (ના)માચડો.
સ્વામી=ગુરૂ, ઉપદેશી.
શોરબકોર(ના)અવાજ.
વિગત (ના)તપસીલ.
વિખ્યાત (વિ) નામીચું.
મસાણ (ના) સ્મશાન.
ફાસ્ફરસ (ના) હવામાં ખુલો મૂક્યાથી જલદી સળગીઉઠે એવા એક પદાર્થનું નામ.

(કવિતાની સમજુતી). (૧૧).

પવન આવ્યાથી નેવા આગળનું નળીઉં ખસીને હેઠે પડ્યું તે જોઇને કૂતરૂં બસવા મંડયું ત્યારે ત્યાં ઘણો હોહાકાર થઇ રહ્યો; ત્યારે

માંહે કોઇ કહેવા લાગ્યો કે હા મેં ચોર દીઠોતો, પછી એ વિષે મ્હોટી મ્હોટી વાતો ઘણીએ કરે. (પણ તેમાંનું શું?) તો એ પ્રમાણે અખોસ્વામી કહેછે કે ભાઇ વેહેમની વાત એવી સમજવી.

પાઠ ૧૧૧ મો.

વશીકરણ (ના) વશ કરવાનો મંત્ર.
અપશુકન(ના)ખરાબનિશાની,ખરાબ શુકન.
શુકન=ચિન્હ, નિશાની.
પોગળ(વિ)પોલું, જૂઠું.
ભૂવો (ના) ભૂતપીશાચ કાહાડનાર, ઢોંગી.
શીખાઉ (વિ) ચેલો.
ચોટ (ના) ખેલ.
અજમાવી (ક્રૂ) વાપરી.

પાઠ ૧૧૨ મો.

હરતાળ=એક જાતની પીળા રંગની ધાતુ.
કાળ (ના) મોત.
અડતાં (ક્રૂ) અડકતાં.
ખાલ(ના)છાલ, ચામડી.
ગાણા(ના)ગાયનસારંગી નરઘાંથી ગાવું તે.
કુડાં(વિ)નઠારા, ખરાબ.
આળ (ના) તોહોમત.
અગ્નિ (ના) દેવતા.
ઝાળ (ના) આંચ.
લખમી (ના) પૈસા.
વાસીદુ(ના)કચરો, પુંજો.
તાલ(ના) મઝા, રમૂજ.
છછુંદર(ના) ચેણુ.
છીંડુ(ના)વાડ કે ખેતરમાં જવાનો રસ્તો.
છૂટ (ના)જગો, બારી.
ફાંસ (ના) સરાક.
થોબ (ના) પાર, છેડો.

(કવિતાની સમજુતી). (૧૨).

અન્નમાં જેમ કાચો (માર્યા વિનાનો) પારો ખાવો તેવું ચોરીનું ધન છે, કાંચી હરતાલ ખાવી તેવો ચોરીનો માલ છે. (૧). માથા ઉપર જેમ મોત ભમેછે, તેવો ચોરીનો માલ છે, કૌવચ લાગેથી ખાલ-ઊપડે (ચેળ આવે) તેવો ચોરીનો માલછે, (૨). ગાયન ગાતાં કે સાંભળતાં હોય ત્યાં આવીને કોઇ નઠારાં શબ્દ બોલે તેવો ચોરીનો માલ છે. (૩). દેવતાની કેવી ઊંની ઝાળ લાગેછે તેવો ચોરીનો માલ છે. કોઇ સખસ જીવતી માખ ગળે (તે પેટમાં રહે નહીં) તેમજ ચોરીનો પૈસો કોઇને પચે નહીં (૪). આખા કોળાનું શાક નહિ થાય (મોળેલા કોળાના શાકમાં આખું કોળું ભૂલથી જાય નહીં) તેમ કચરો વાળતાં ભૂલમાં સાંબેલું કહાડી નંખાયે નહીં; અને જો કહાડી નાંખીએ તો જોવા જેવો તમાશો થાય, તેવો ચોરીનો માલ છે. (૫). સાપ છછુંદરને મ્હો-

ડામાં ઘાલે છે, હવે જો તે ગળી જાય છે તો સાપ મરી જાયછે. ને જો સાપ તેને છોડી દે છે તો આંધળો થાયછે તેવો ચોરીનો માલ છે. (એટલે એ માલ રાખે તોપણ દુખને બીજાને આપે તોપણ દુઃખ થાયછે) (૬). છીંડું એટલે જવા આવવાનો રસ્તો માળી મોટો રાખે અથવા જવા આવવાની છુટ રાખે તો બકરું ક્હાડતા ઊંટ પેસે (કરવા જાય કંઇ પાકું તો થઇ જાય કંઇ વાંકું,) સરાક ક્હાડતા કંઇ મોટો ખીલો પેસી જાય (સાત સાંધે તો તેર તૂટે) તેવો ચોરીનો માલ છે (૭). ચોરીનો માલ કંઇ રાત દાહાડો છાનો રહે નહીં, તેનીવાત તો વા લઇ જાય; જેમ બિલાડી મોભા મોભ ઊતરી જાય, તેમ અટકાવ કરતાં તેનો પાર આવે નહીં. (૮).

પાઠ ૧૧૩ મો.

પ્રસિદ્ધ (વિ) નામીચા.
ધામ (ના) જગો, ઠેકાણું.
રચના (ના) શોભા.
ઢાળીઆં(ના)ઢળતાં છાપરાંની અડાળી.
ગૌશાળા(ના)ગાય બાંધવાના ઠેકાણાં.
રસોડું (ના) રાંધણી.
નગારખાનું (ના) નગારાં વગાડવાની જગો, નોબત ખાનું.
ચોરશી(ના)ચોડા પથ્થર.

પાઠ ૧૧૪ મો.

સિંહાસન=ગાદી, તખ્ત.
ઝાકઝમાળ (વિ) ચળક ચળક, તેજદાર દેખાવું
છપરખાટ(ના) પલંગ.
શણુગાર (ના) લૂગડાઘરેણાં વગેરે ભૂષણ.
માણકઠારી (વિ) આસો-સુદ પૂનમનો દિવસ.
તલપૂર (ક્રિ) જરાક.
ખરીદી(ના) સોદો.

પાઠ ૧૧૫ મો.

અંગે (ના)તાબે, હવાલે.
સારેછે (ક્રિ)પૂરી પાડેછે.
આરા(ના)ઓવારા, ઘાટ
કમળ(ના) એક જાતના ફૂલ તળાવમાં થાયછે
દેવસ્થાન=દેવનું ઠેકાણું.
સાધુ(ના)બાવો, વેરાગી.
વસૂલ (ના) જમે.
દેવસ્થળ(ના)દેવનું ઠેકાણું
ખીચો ખીચ(અ) પાસે.

પાઠ ૧૧૬ મો.

ઇસ્પિતાલ(ના)દવાખાનું.
દાકતર(ના)અંગ્રેજી વૈદ્ય.
કળતર(ના)દુખાવો, દરદ
કરાર(ના)સુખચેન [કવું.
ઝારવું(ક્રૃ ઊનાપાણીથીશે
બળતરા (ના) આગ.
જળો (ના) ખરાબ-લોહી ચૂસી લેનારા લાંબા જીવડા.
ખપાટીઆં (ના) કામડી

પાઠ ૧૧૭ મો.

ગંઠાઇ=સંધાઇ. બંધાઇ.
કોકીલું(વિ) જરા ઊનું.
ટેભા (ના) ટાંકા.
ઘાએલ (ના) જખમી.
દરદ(ના)દુખાવો,કળતર.

પાઠ ૧૧૮ મો.

પાસે (અ) બાજુએ.

ફેફસું (ના) જેણે કરીને દમ લેવાય છે તે. [લ.
હચમચાટ (ના) હાલચા-
શ્વાસોચ્છ્વાસ (ના) દમ પરદમ, સાસ.
શેક (ના) દેવતાનીગરમી.
ઉલટી (ના) ઓકારી.
સરવળસરવળ = ખવળ ખવળ.
બૂન (ના) કાફી.
કાવો (ના) ઉકાળો.

પાઠ ૧૧૯ મો.

વિકટ (વિ) ભયંકર.
અનાડી (વિ) મૂરખ.
ઝોળેઝોળાં (ના) ટોળેટો-
ટક્કર (ના) ચોટ. [ળાં.
જોડાજોડ (અ)સાથેસાથે
વતની (ના) દેશી.

પાઠ ૧૨૦ મો.

પાટવી (વિ) મોટો ગાદીનો અધિપતિ.
‘કોર્ટ (ના) દરબાર.
ન્યાયાધીશ (ના)ઇનસાફ કરનારા.
અદાલત (ના) કચેરી.
ખાતર (ના) શરમ.
તરફદારી (ના) તરફેણ.
બહેકેલો (વિ) છાકેલો.
કુકર્મ (ના) નઠારાં કામ.
ગોઠીઓ(ના)મળતીઓ.
ઠર્યો (ક્રિ)) સાબીત થયો.
સ્નેહી (ના) મિત્ર.
ક્રોધ (ના) રીસ, તામસ.
બેઅદબી(ના)અસભ્યતા
ન્યાય(ના)ફેંસલો,ચુકાદો.
લપડાક (ના) તમાચો.
અમલમાં=બજાવવામાં

પાઠ ૧૨૧ મો.

નિર્ભયપણું (વિ) બેધડકપણુ,કશોભોનહીં તે.
ઉમરાવ(ના)મોટામાણુસ
આતુર (વિ) હોંશીલા.
દુરાચરણી (વિ) ખરાબ ચાલચલણના
દરમાયા=પગાર, મુસારા.
વીલો (વિ) ઝંખવાણો.
કારભારી=કરતા હરતા.
સુધરશે (ક્રિ) સમરશે.
તંગી (ના)ખરચનીવેલા
નભે (કૃ) ગુજારોથાય.
બહાલ (ના) મુકરર.
હિંમતવાન=બાહાદુર.

પાઠ ૧૨૨ મો.

સપૂત (વિ) સારોછોકરો.
કપૂત (વિ)નઠારોછોકરો.
છિદ્ર (ના) એબ, કાણું.
સવાઇ (ના) ચડિઆતા પણું, સારૂં કામ.
કલંક (ના) એબ, દુષણ.
વહેવાઇ (ના) કામમાંઆણીને.
પૂઠ (ના) પાછળ.
જૂઠ (ના) જૂઠાણું.
દાઝે (ના) દલગીર થાય.
દાતા (ના)સખી, દાતાર.
નૂર (ના) પાણી, તેજ.
લજવ્યો (ક્રિ)શરમાવ્યો.
કવિજન(ના) કવિતાજોડનાર, કવિલોક.
સકળ(વિ)સંપૂર્ણ,આખી
લેશ (અ) જરાએ.
દુષ્ટ (વિ) પાપી.
રૂએ (ક્રિ) રડે.
બાપીકો (વિ) બાપનો.
બોલે (કૃ) ડબોવે.
આધીન (વિ)તાબે,વશ.
મરજાદા (ના) આબરૂ, અદાજો, ભાર, વક્કર.

(કવિતાની સમજુતી). (૧૩).

જે પોતાની કમાણીનું ખાય ને બાપથી સરસાઇ (ચડયાતા પણું)

કરે; શરીરને રોજ કામમાં આણીને (કસરત કરીને) કુળની એબ ઢાંકે જેના પાછળ દુનિઆનાં લોકો વખાણ કરે ને જૂઠું બોલતાં જેનો જીવ ઘણો દુખાય; ને સારા સજ્જન બાહાદુર નરથી જે શરમાવ્યો શરમાય જેના કવિલોકો વખાણ કરે તે સંપૂર્ણ બધાએ ગુણ જેનામાં હોય, તે વિષે **સામળદાસ** કવિ કહેછે કે હું સાચું કહુંછું કે તેનેજ લોકો સારો છોકરો કેહેછે. (૧).

જેને જરાપણ કુળની આબરૂ (શરમ) નહીં હોય ને પોતાના બાપથી માયાપુંજી જે કંઇ પહોંચી હોય તે ખોવે, દુશ્મનને નમતો જાય ને જે પાપી માણસના મ્હોડા આગળ પોતાનુ દુઃખરડે પોતાના કુળની એબ ઊઘાડે ને બાપનો બોલ ઉથાપે (ડુબાવે); સારા આદમીને દુઃખ દે ને પોતાની એબ ઉઘાડે=તાએ રહીને વાંકી મુડી ઘાલી, અન્ન ખાય (પ્રસાદ લયા કરે) ને લજ્જા આબરૂ કશી ગણે નહીં, તેને વાસ્તે **સામળદાસ** કવિ કહેછે કે હું સાચું કહુંછું કે તેજ નઠારો છોકરો કેહેવાય છે. (૨).

પાઠ ૧૨૩ મો.

એકલશૂરો (વિ) જાતે બાહાદુર, એક્લો શુરો.
ઉદમાત=તોફાન, મસ્તી
લક્ષણ (ના) ગુણ, ટેવ.
મશ્કરો (ના) ટોળિઓ
ચપળ (વિ) હોંશિયાર.
ઠાવકું (વિ) ડાહ્યું, શાણું
ઉદ્યોગ (ના) મહેનત.
ગેરહાજર=હાજર નહીં.

પાઠ ૧૨૪ મો.

નિભાવ (ના) ગુજારો.
તુરંગ(ના)વિચાર, ખ્યાલ.
રાંડીરાંડ=વિધવા સ્ત્રી.
દળણું (ના) લોટદળવાનુ મજુરીનું કામ.
વેલા (ના) આપદા.
શિક્ષક (ના) શિખવનાર.
ઉમેદ (ના) હોંસ,ઊમંગ.
ભરણપોષણ=ગુજરાન.

પાઠ ૧૨૫ મો.

ભાઇડો (ના) મરદ,ધણી.
વહાલ (ના) હેત, પ્યાર.
વાજ આવે=મરી જાય.
સરદારી(ના) ઊપરીપણું
ભંગ (કૃ) ભાંગીનાખવું.
મળતાવડો (વિ) હળી જાય એવો.

પાઠ ૧૨૬ મો.

ભંડાર (ના) ભરપૂર ખજાનો.
ખરાબો (ના) દરિઆના પાણીમાં ઢંકાયલ-મજબુત પથરા.
લગભગ (અ) ઘણો ખરો.
ખડક (ના) ખરાબો.
ધોરી (વિ) શરીઆમ.
ગાળીઆ=ગાળા, કરાડી.

કુહપ્યા (કૃ) અટકળથી નામ આપ્યાં.
વિસ્તાર (ના) પથારો.

પાઠ ૧૨૭ મો.

ધારણકર્યું (ક્રિ) રાખ્યું
ચરિત્ર(ના) હેવાલ, ચેન.
ઝીણી (વિ) બારીક.
ભાન (ના) શુદ્ધિ, વકુફ.
વેરો (ના) કર.
વોહોરવાને (કૃ) ખરીદકરવાને.
રૂપ (ના)કાન્તિ, ડોળ
પરગણાં (ના) તાલુકા.

પાઠ ૧૨૮ મો.

નિર્દય (વિ) દયા વગરનો
ગડબડ (ના) તોફાન
ઉતરડી (કૃ) ઉતારી.
સર્યો (કૃ) મટી ગયો.
બળવાખોર(ના) હુલ્લડ મચાવનાર, ફીતુરી.
ગોઠવણ(ના)બંદોબસ્ત.

પાઠ ૧૨૯ મો.

માઠીદશા=નબળા હાલ.
બેવકૂફી (ના)મૂર્ખાઈ.
આવકાર(ના)આદરમાન
સ્વતંત્ર (વિ) આપ અખ્તિયારી.
વસુલ (ના) જમાં, ઉઘરાત.
ઇજારદાર (ના) ઇજારોરાખનારા.
રાજકારભાર (ના) રાજનું કામકાજ.
શાહજાદો (ના) બાદશાહનો છોકરો.
બરતરફ (વિ) નોકરીથી રજા આપવી તે.

પાઠ ૧૩૦ મો.

દવાખાનું(ના) ઓસડ કરવાનું ઠેકાણું.
હમામખાનું (ના)નાહાવાની જગ્યા.
તરાપા (ના)લાકડા ઉપર પાટીઆં કે બારણાં બાંધી પાણીમાં ચલાવેછે તે.
પૌત્ર=છોકરાનો છોકરો
ઉઘરાતદાર(વિ) વસુલ એકઠું કરનાર.
અણબનાવ=બેબનાવ.
બદી (ક્રિ) તાબે રહી.
રાજ્યચિન્હ (ના)રાજની નિશાની.

પાઠ ૧૩૧ મો.

પુરૂષ(ના)માયડો, મરદ
અભય વચન (ના) મારૂં નહીં એવી કબુલાત
કાપાકાપ(ના)ખુનામરકી
કોગળીઊ(ના) અધઓક
ગેરબંદોબસ્ત=બેતાલ.
અવસ્થા=હાલત, દશા.

પાઠ ૧૩૨ મો.

ઉપમા (ના) મૂકાબલે.
રાજકાજ=રાજનું કામ.
ઢોંગી (વિ) બહાનાખોર.
આસ્તિક (વિ) પરમેશ્વરને માનનાર.
નાહક (અ) વિનાકારણે.
સ્તુતિ=સ્મરણ; પ્રાર્થના.
લોભી (ના) લાલચુ.
બાદશાહી (ના) રાજગાદીનો હોદો.

પાઠ ૧૩૩ મો.

ખ્રિસ્તી (વિ) વિસવાસી.
ઇશારત (ના) નિશાની.
મસળવા (કૃ) ચોળવા.
વાયદાસર(ના) ઠેરવેલી મુદતપ્રમાણે.
અબધડી (અ) હમણાંનેહમણાં
સઇ (ના) સુઇ, દરજી
ભજન (ના) પરમેશ્વરનું સ્મરણ.
ઘૂમટો (ના)માથાનો છેડો મોંપર ખેંચવો તે.

પાઠ ૧૩૪ મો.

મુસાફરી=રટણ, અટણ.

અઠીંગી (અ) અઘેલી.
બિરાજી(કૃ) દીપી, શોભી
ટકાઉ (વિ) મજબુત.
ચાપાચીપીઆ(વિ) તપાસી કામ કરનાર.
ઘાઘરો (ના) ચણીઆ-જેવું ઝુલતુ લુગડું.

પાઠ ૧૩૫ મો.

બેડોળ (વિ) કદરૂપી.
બેઢંગું=કઢંગું,ઢંગવગરનું
શામિલ (અ) દાખલ
બહાવરૂં (વિ) ગાભરૂં.
ખુંધ (ના) ઢેકો.
ઉદાસી (વિ) દલગીરી.
ઠીંગણી(વિ) બટકી
હૈયું (ના) મન, દીલ.
હિંગ (અ) અજબ, છક.

પાઠ ૧૩૬ મો.

જટા (ના) ચોટલાની પેઠે ગુચવાયલા માથાના બાલ
ડાંગ(ના)લાકડી, ડંગોરી.
થરથરી=ધ્રુજી, કાંપી.
ખેતરવા (ના) ટીબા.
બેનપણી (ના) સહીયર.
ઉઝરડા (ના)કાપા,નોહર.
ચીલો (ના) ઘરેડ.

પાઠ ૧૩૭ મો.

દિલાસો (ના) ધિરજ.
સરભરા=સેવા, ચાકરી.
લોથ (ના) મુડદુ, લાસ.
વીતેલી(ના) સહન કરેલી.
થાક=આરામ, વિસામો.

પાઠ ૧૩૮ મો.

વીસામા=આરામ, થાક.
સંકટ (ના) દુખ, વિપત.
પજવી (કૃ) દુખ દીધુ.
અપરાધ(ના)ગુનો, વાંક.
કોપ (ના) ગુસ્સો.
દોહિલી(વિ) દુ:ખ,હેરાન.

પાઠ ૧૩૯ મો.

ઉપસેલી (વિ) ઉપસી આવેલી.
ચપટી (વિ) બેઠેલી
જોશી (ના) જ્યોતિષ વિધા જાણનાર.
દૂરબીન (ના) આઘેની ચીજ જોવાનું યંત્ર.
વખૂટા (વિ) જુદા.
ઢાલ=ઢોળાણ, ચઢાવ.

પાઠ ૧૪૦ મો

ટોચ(ના) ઉપલોભાગ.
ગાળો (ના) ભાગ.
નિશ્ચય (અ) નક્કી,ઠરાવ.
અટકળ (ના) કલ્પના.
સંદેહ (ના) વહેમ, શક.
ભાસે=દેખાય, જણાય.

પાઠ ૧૪૧ મો.

સાર(ના)મતલબ, તત્વ.
વિભક્તિ=શબ્દની સાથે આવેલો સંબંધી દેખાડનારો પ્રત્યય.
સંબોધન (ના) સંબંધ રાખનાર, (આઠમી વિભક્તિ). [બીજા.
ઇત્યાદિ (અ) એશિવાય,
સંબંધ (ના) વળગણુ.
પધારો(ક્રિ)આવોજાઓ.

પાઠ ૧૪૨ મો.

વિશેષણ(ના) ગુણ તથા સંખ્યા બતાવનારો.
સવાલ(ના) પ્રશ્ન. [શબ્દ.
ભારે (વિ) મોટુ.
ઇનામ (ના) સરપાવ.
મુકરર (વિ) નક્કી કરેલો.

પાઠ ૧૪૩ મો.

ક્રિયાપદ (ના) ક્રિયા સ્થિતિ વગેરે બતાવનાર શબ્દ.
શકયભેદ (ના) શક્તિ બતાવનાર ભેદ.
સકર્મક (વિ) કર્મ સહિત.
વર્તમાન(વિ)ચાલતોકાળ
અકર્મક (વિ) જેમાં કર્મ નહીં તે.
ભૂત (ના) ગયો કાળ તે.
મૂળભેદ(ના)નક્કી બતાવ

નાર ભેદ. [કાળ.
ભવિષ્ય (વિ) આવતો

પાઠ ૧૪૪ મો.

ઉભયાન્વયી (વિ) બે શબ્દને જોડનારોઅવ્યય.
શબ્દયોગી (વિ) શબ્દને જોડનારો અવ્યય.
કેવળપ્રયોગી (વિ) હરખ શોક ગભરાટ વગેરે બતાવનાર અવ્યય.
ક્રિયાવિશેષણુ (વિ) ક્રિયાપદનો ગુણ બતાવનાર શબ્દ.
અવ્યય (ના)જે શબ્દમાં ફેરફાર થતો નથી તે
અચરતી (ના) નવાઇ.
શોક (ના) દલગીરી.
ઉભરા (ના) જોસ્સા.

પાઠ ૧૪૫ મો.

સંપ=એકદીલ, એક્કો.
મોઝાર (અ) માહે.
પહેરણ (ના) પેહેરવાનાં [લુગડાં.
અતુળ=ઘણુંજ
અબળ (વિ) નબળા.
સબળ (વિ) જબરા.
જૂથ (ના) જથો, ટોળું
સૃષ્ટી(ના)દુનિયા, પૃથ્વી.
દેહે (ના), શરીર, કાયા.
મતિ (ના)બુદ્ધિ, વિચાર.
સુસંપ (ના) સારોસંપ.
સંપતિ (ના) દોલત.
સાપડે (ક્રિ) મળે, જડે.
તાંતણો (ના) તાર.
ઝુંડ (ના) જથો
એકલ (વિ) એખલું,નિરાધાર.
નિજ (સ) પોતાની.
તસ્કર (ના) ચોર.
ત્રાસ (ના) બીક, ડર.
ધકાવે (ક્રિ) ધસડી જાય
મેહ (ના) વરસાદ, મેઘ
પોઢી (વિ) મોટી.

(કવિતાની સમજુતી). (૧૪).

જ્યારે પૃથ્વી ઉપર લોકોમાં જરાએસંપ હતો નહીં ત્યારે તેઓ જંગલમાં રહેતા, અને એક બીજાથી ઘણા ડરતાં. (૧) તેવારે લુગડાંને બદલે ઝાડની છાલ તથા પાંતરાં ગુંથીને પહેરતાનેજંગલમાં રહીને પોતાની કાયાપર ઘણું દુઃખ ભોગવતા (૨) પછી જ્યારે ઇશ્વરે તેમનામાં સંપ કરવાની બુદ્ધિ આપી ત્યારે એક બીજાની મહેનતના ફળે તેઓને રહેવાને ઘરબાર મળ્યાં (૩) પછી જેમ જેમ સારો સંપ વધતો ગયો તેમ તેમ હરકત દૂર થતી ગઇ પછી લોકો દુઃખી ન થાય તેને વાસ્તે જોઇએ તેવી ગોઠવણુના ઉપાયોરચ્યા (૪) એવી રીતે નબળા જોરાવર (ગરીબને પૈસાદાર) બધા શુખી થયા ને તેઓનાં દુઃખ નાસી ગયાં માટે જરૂરભાઇઓ તે બધું સંપના કારણથીજ છે એમ તમે સમજો. (૫) સઘળાં સુખ સંપ વડેજ મળેછે, જ્યાં સંપ નહીં ત્યાં ઉદાસપણું સમજવું; સપના યોગે

પૈસાની પ્રાપ્તિ થાયછે ને લોકોમાં આબરૂ મળે છે (૬)એક તાર હોય તો તોડવાની સૌ હિમ્મત ધરે પણ જ્યારે બધા તારનો સાથે જથો કરી તેની જાડીદોરી કરીએ ત્યારે તે કોઇ કાપી શકતું નથી. (૭) આપણા કુટુંબમાં સંપ રાખીએ તો દુશ્મન શું કરી શકે। ઝાડ છે તે બધી ઝાડી ઝાડના જથામાં રહેછે, જો એકલું હોય તોડાળ પાંખડાં ઉડીને કંઇ વારનું ભાંગી જાય (૮) છોકરા પોતાંની પાસે પડેલા પથરને સારે કાપેછે, તેજ પથરાનો જો કોટ બનાવીએ, તો પછી ચોરની ધાસ્તી રેહે નહીં. (૯) જ્યારે વરસાદનો ઊઠાવ થાયછે ત્યારે ધુળને ધોઇને તે ધસડી જાયછે. પણ જો પછી ધુળની મોટી પાળ બનાવીએ તો તેનું તળાવ બને (વરસાદનું પાણી ઘેરાઇ રહે) (૧૦) માટે હે માણસો તમે સધળા મળીને સધળે ઠેકાણે બેસતાં ઉઠતાં સંપ સંપ કરી રેહો. કે જેથી દલપતરામ કવિ કહેછે કે તમારા નશીબમાં હોય તેટલું સુખ દુઃખ તમે ભોગવો. (૧૧).

પાઠ ૧૪૬ મો.

વહેવાર (ના) લેવડદેવડ, કે જમવા ખાવાનો સંબંધ.
કાવતરૂં (ના) દગો દટકો.
દામ (ના) પૈસા.
માપ(ના)ભરત,પરમાણું.
શરત (ના) બોલી,પઠણ.

પાઠ ૧૪૭ મો.

બલા(ના)આપદા, પીડા.
ગેરવાજબી (વિ) ખોટું.
સંતોષ=આનંદ, હરખ.
ન્યાલ (વિ) નસીબદાર ગબ્બર.
અધર્મ (વિ) ખોટું
વક્કર (ના) ભાર, વજન.
જે(ના)જય, યશ, ફત્તેહ.
ખે (ના) ક્ષય, નાશ.
સોદો (ના) માલમતા.

પાઠ ૧૪૮ મો.

વીર (ના) બહાદુરનર.
લબાડી(વિ)જુઠો, લબાડ
સત્યવાદી (ના) સાચો.
ટેક (ના) નેક, મોટાઇ.
તોલ (વિ) ભાર, વક્કર.
ધીર(ના)ધીરજ, સબુરી.
શૂરવીરો(ના)બાહાદુરનર
વેણ (ના) વચન, સુકન.
અનાદી (વિ) અસલની, હમણાંની નહીં.
લાભકારી=ફાયદાકારક.
કાટે (ક્રિ) કરડે.
ઉપમા (ના) સરખાવવું.
લજ્જા(ના)લાજ,આબરૂ.
વારી (ના) વખત.
ઉંચ (વિ) મોટો, ઊંચો.

(કવિતાની સમજુતી). (૧૫).

ટેક વગરના માણસો જેઓ બોલેલું ફરી જાય તેઓ બહુ વાતો બકી જાયછે, પણ તેમાંનો એક બોલ પણ પાળતા નથી; માટે તમે તેવી ખરાબ આદત ન રાખો ને જેટલા બોલ પળાય તેટલાજ વિચારીને બોલો (૧). પોતાનો બોલેલો બોલ પાળે તેનો ભાર વક્કર વધે ને જેનો બોલેલો બોલ જૂઠો પડે તેનોવક્કર ઘટેછે; પછી ભાયડા કે બાયડી કોઈ તેનો વિશ્વાસ કરે નહીં, માટે જેટલા બોલ૦ (૨). નાણું જાય તો ભલે પણ બોલલો બોલ ફરશો નહીં, તેમ એ ગયલા નાણાં વિશે હું પસ્તાવો પણ કરૂં નહીં; મનમાં ધીરજ ધરીને એવો ટેક રાખો ને જેટલા બોલ૦ (૩). ઘણા બાહાદુર નરો સાચું બોલનારા સાંભળ્યાં છે, તે આ વેણમાં (બોલેલો બોલ પાળવામાં) ખૂઆર થઈ ગયા એવી અસલની રીત છે; તેમ એથી તેઓની જગત મધ્યે લાભકારક આબરૂ પણ વધી છે, માટે જેટલા બોલ૦ (૪). જે માણસ મ્હોડેથી બોલે ને તે કામ પછી કરે તેને મોટો જાણવો. ને જે બોલેલા બોલથી ફરી જાય તેને ખોટો સમજવો ભાઇ એથી લજ્જા આબરૂ જતી રહેશે માટે જેટલા બોલ૦ (૫). ભસે તે કૂતરો પગે કરડે નહીં (કહેતે કરે શું ?) તો લબાડ (જૂઠું લવનાર) પણ તેવીજ ઉપમાં લેછે; ખોટો લવારો કરવો એજ આબરૂ જવા જોગ વખત છે, માટે જેટલા બોલ૦ (૬). શરીરે સુખ થાય કે દુઃખ થાય તોપણ જે રીતે બોલો એવેજ રંગે રાત દહાડે રહો, (મતલબ કે બોલેલું પાળો), એથી કરીને લોકોમાં ઘણો જશ પામશો માટે જેટલા બોલ૦ (૭). સુતા ઉઠતા, બેસતા, સાચીજ વાત કહો; ને જો બોલેલો બોલ પળાય નહિઃ એવી શક્તિ કાચી હોય તો મ્હોડેથી મ્હોટું વેણ બોલો નહીં; એ થકી તમે ઉંચે ઠેકાણે (મોટી પદીએ) જઇ બેસશો; આ સારા છંદ કવિ **દલપતરામે** બનાવ્યા છે. (૮).

પાઠ ૧૪૯ મો.

અમલ(ના)સત્તા,હાકમી.
અદલ(વિ)વાજબી,ખરો
જય (ના) ફતેહ, જશ.
તિરસ્કાર (ના) ધિક્કાર,
તુચ્છકાર.
આકીન(ના)નીમ,આશા
અહંકારી (વિ) મગરૂર.
શખ્સ (ના) માણસ,

પાઠ ૧૫૦ મો.

બાળચરિત્ર (ના) બચ
પણના ચેન.
લંબાણ=લાંબો વિસ્તાર.
શોખ (ના) ચરસ,લત.
આદિ(ના)શિવાય, પેહેલું.
કુદ્રતી (વિ) સ્વભા-
વિક, ઇશ્વરી.
અવિચારી (વિ) વગ-
રવિચારના.

પાઠ ૧૫૧ મો.

અંકોડાબંધ (ના) આં-
કડા સાથે.
પાયદલ (ના) પગેચા-
લનારૂં લશ્કર.
ધુળીઓ (ના) ધુળને
વીખરાઇ(વિ)જુદીપાડી.
ભરતખંડ=હિંદુસ્તાન.
(ભરત રાજા પરથી
નામ પડેલું.

સાંકડે=કબજે, ફાંસામાં
કાળજાં (ના) હૈયા, મન.
ધડકવા (ક્રિ) થરથરવા.
કુરાન (ના) મુસલમા-
નનું ધર્મપુસ્તક.
સોગન(ના) કસમ, સપત
બારેવાટ (વિ) વેરાનખે-
સરહદ(ના)સીમા. [રાન.
તોબા (ના) કાયર.

પાઠ ૧૫૨ મો.

આયુષ્ય (ના) આવરદા.
પ્રદક્ષિણા = આસપાસ.
ગોળ ફરી વળવું.
ઉપાડી (કૃ) ઉચકી.
ઘોર (ના) કબર.
આરસ (ના) આરસાને
પથ્થર, સંગેમરમર.
વૃત્તાંત (ના) હેવાલ.
મળતીઆ (ના)ગોઠિઆ
નહેરો (ના) નીકો; નેળ.
ફળફુલાદિ (ના) લીલો-
મેવો ફુલ વગેરે.

પાઠ ૧૫૩ મો.

લાલચ(ના)લોભ, ગળકો
ઝુમી (કૃ) લટકી.
શળકી(ના)ગળકોલાગ્યો
વિશાત (ના) માલ, જીવ.
એકલપેટો = પોતાનુંજ
પેટ ભરી જાણે તે.

પાઠ ૧૫૪ મો.

ક્ષમા(ના)માફ,જવાદેવુંતે
વીલો(વિ) ઝાંખો.
કમનસીબ (વિ) અભાગ્ય
નિર્ધન (વિ) ગરીબ,રંક.
અમથા(વિ)જુઠા, ખોટા.
સમ (ના) કસમ,સોગન.

પાઠ ૧૫૫ મો.

ફેંદી નાંખવું (ક્રિ)
રોળી નાંખવું.
કઢાપો (ના) અફસોસ.
ખાતર (ના) ઘાસ
છાણ વગેરે કોહી
ગએલો કચરો.
ઉછેર્યો (ક્રિ) મોટો કર્યો.
ખાટું (વિ) દલગીર.
ભંગ (ક્રિ) ફોક, ભાગી-
જવું, નિષ્ફળ થવું.
ખડખડાટ (ના)અવાજ.
જોમ (ના) જોરસા, જોર
નિયમ(ના)ધારો, કાયદો.

પાઠ ૧૫૬ મો.

ચોળાચોળ(વિ)ચકચાળ
ઠીકઠાક (ના) દુરસ્ત.
ગાંઠ (ના) નિમ, નિશ્ચય.
મરણતોલ=મરવાજેવો.
અધમુઓ (ના) અડધો
મરેલો.
જળજળીઆં(ના) આંસુ.

પાઠ ૧૫૭ મો.

રહેણી (ના) ચાલ.
અલામણુ(ના) શીફારસ.
દેશાઇ (ના) જાગીરદાર.
આચરણ=ચાલચલણ.

પાઠ ૧૫૮ મો.

પરઠણુ(ના) કરાર, સરત.
જાન (ના) નુકસાન.
ખરખરો (ના) પસ્તાવો.
સામર્થ્ય (ના) જોર,બળ
ગળગળતે (અ) ધીમે.
ખટપટ (ના) કડાકુટ.
વય (ના) ઉમર, જીંદગી

પાઠ ૧૫૯ મો.

કષ્ટનષ્ટાષ્ટક (ના) દુઃખ
નીવારણ થાય તે
વિષે આઠ છંદ.
કળાપો (ના) કકળાટ.
વિલાપ=શોક, પશ્ચાતાપ.
નષ્ટાષ્ટક = નીવારણથાય
તેવિષે આઠ છંદ.
વારે (ના) મદદે, કુમકે.
તથાપિ (અ) તોપણ
દીન (વિ) ગરીબ, રંક.
વૃથા (વિ) ફોકટ, મીથ્યા.
પૂર્ણ (વિ) પુરો, બધો.
અત્યંત (વિ) ઘણોજ.
કૃપાનાથ=દયાના ધણી.
કથા (ના) વાત.
શિરે (ના) માથા ઉપર.
આરામ (ના) વિશ્રામ.
સંતાપ (ના) દુઃખ.
શ્રેષ્ટ (ના) મોટો, ઉત્તમ.
સિંધુ(ના)દરિઓ,સાગર.
સદ્ય (અ) તુરત.
પ્રલે (ના) નાશ, ફના.
સર્વદા (ના) સર્વ પ્રકારે.
સર્વથા(અ)હમેશાં, રોજ.
શુદ્ધ (ના) ભાન, ખબર.
કૃપાળુપણે (ના) દયાથી.
સાય (ના) મદદ, કુમક.
વેગ (ના) જોરસો.
દૃષ્ટિ (ના) નજર, નીઘા.
કલેશ=કંકાશ, કજીઓ.
સરે (ક્રિ) થાય, બને.
અર્થ=મતલબ, માયનો.
થાર(વિ)હાલેચાલેનહીંતે.

(કવિતાની સમજુતી). (૧૬).

ઓહો પ્રભૂ? હું તો તારો સદા સેવક છું; મારા આત્મા કરતાં તું મને ઘણો વહાલો છે; હવે તમે મને ઘણો સંતોષ આપો ને હે દીનદયાળ (કૃપાના ધણી) મારૂં મોટું દુઃખ કહાડી નાંખો. (૧).

હું ઘણો દુષ્ટ પાપી જીવડો છું; તોપણ તમો તો મોટી રેહેમવાળા-જણાઓ છો; તેથી જો આપની છાપ છાપો તો મારા પાપની મૂક્તિ થાય માટે હે દયાના ધણી૦ (૨).

મારો સગામા સગો વહાલો પ્રભુ તુંજછે, તે શિવાયના બધો અમથો ખાલી વાદછે તેની વાત હું શી વિસ્તારૂં! તોપણ તમો મારે મસ્તકે હાથ મૂકો તો સૌ સારૂં થશે; માટે હે દયાના ધણી૦ (૩).

આ પ્રસંગે મને કોણ સુખ કરે; ને બોલો તમો શિવાય બીજો આ પાપનો પરિતાપ કોણ સમાવે; હું તો નાનો બાળક છું, ને તું તો મારે માથે મોટો ગાજેછે, માટે હે દયાના ધણી૦ (૪).

મને આજને સમે આ દુઃખમાંથી બચાવો; ને શોકરૂપી દરિઆમાંથી તુંરત મારો ઓધ્ધાર કરો; ઇશ્વર તમે આ મારા સઘળા પાપ ફ્લે મુકામ કરી નાંખો; માટે હે દયાના ધણી૦ (૫)

તમે સઘળી રીતે રોજ મારી ખબર લીધી; ને દયા લાવીને દુઃખની વખતે મારી સહાય કીધી; તેથી તમે શિવાય હવે આ મારા દુઃખનો પોકાર કોણ જાણે; માટે હે દયાના ધણી૦ (૬).

હું મારા મનમાં એક તમારી ઉમેદ રાખું છું, ને તમારા મ્હોડા આગળ દુઃખે ગરીબાઇથી બોલું છું મારા બધા પાપને તમે માફ કરો (તાડો), માટે હે દયાના ધણી૦ (૭).

મોટો વેગ લાવીને જલદી મારી મદદે આવો; જ્યારે તમારી દૃષ્ટિ પશે ત્યારેજ મારી ફિકર મટી જશે, ને ત્યારે કાંઇપણ કંસાથી પછી કકળાટ કેમ રેહેશે। માટે હે દયાના ધણી૦ (૮).

કષ્ટનષ્ટાષ્ટક (દુઃખ નીવારણ થાય તેવા આઠ છંદથી), કોઇપણ માણસ પ્રભુની પ્રાર્થના પૂરો પ્રેમ આણીને કરે તો તેના મનની ઇચ્છા પાર પડે, સઘળા સ્થીર થઇને ઠેકાણે બેસે; આ છંદ કવિ દલપતરામે બનાવ્યા છે. (૯).

પાઠ ૧૬૦ મો.
દૈત્ય (ના) રાક્ષસ.
વસ્તારી (વિ) છોકરાં છૈઆં વાળા [ણુસ.
ઘરકું પાન(ના)ઘરડોમા.
ઉતારો (ના) મૂકામ, રાતવાસો.
કોઢારૂં (ના) ઢોર બાંધવાની જગો.
ઉતાવળા (વિ) આકળા.

પાઠ ૧૬૧ મો.
ડામાડોળ (વિ) વાંકુંચુકું, ડગમગ.
ગરક (કૃ) ડુબી જવું.
અગણોતરા (વિ) સંવત ૧૮૬૯ નો સાલ.
રાચરચીલું (ના) ઘર શણગારને શોભતો

લક્કડ વગેરે સામાન.
વાવાઝોડું (ના) વાનું તોફાન. [ચોબામાર્યા
ઢાંકયા (ક્રિ) ઢાંકણથી.
ચમત્કારી=નવાઇજેવી.
નિહાળીને (કૃ) ધારી ધારીને, નજર કરીને

પાઠ ૧૬૨ મો.

રાક્ષસ (ના) દૈત્ય.
પલાણ (ના) બેસણું.
હોઇયાં=ગટગળીજવું.
ભલમનસાઈ (ના) સાલસાઇ, નેકી.
સપાટાબંધ(અ)પાધરો.
ફાળ (ના) બીક, ધાસ્તી.
ભોગ (ના) કમબખ્તી.
પૂછપરછ(ના)તજવીજ.
પાંગોઠાં (ના) પગનાઘુંટણ આગળનો ભાગ.
દરકાર (ના)જરૂર,પરવા.

પાઠ ૧૬૩ મો.

શરદી (ના) ભીનાસ.
મેડો (ના) માળ.
કરવત(ના)બેજણ સામસામાં વેહેરે એવી દાંતાવાળી આરી. [આં.
પીઢીઆં (ના) ભારોટીઝપાટાબંધ=જલદીથી.
કાલાવાલા (ના) વારેવારે કરગરીને કેહેવું તે.
પટલાણી (ના) પટેલની બાયડી, પટલેણ
સંઘર્યો (કૃ) રાખી મૂકેલો

પાઠ ૧૬૪ મો.

ભેટ (ના) નજરાણું.
અલમસ્ત (વિ) જબરા.
મસ્તાન (વિ) ઉદમાતી
બૂમરાણ (ના) પોકાર, સોર.
જાજ (વિ) હલકી.
ધર્મદાન=ખેરાત, પુન્ય.
ઉદકપ્રવાહ(ના) પાણીનો ઘોધ, પાણીનું વેહેવું.

પાઠ ૧૬૫ મો.

ચર્ચા (ના) ગપસપ બુમાટો.
મગતરૂં=ઝીણું જીવડું.
વાતપ્રવાહ (ના) પવનનું નીકળવું.
બેસણે=બેઠકે, આસને.
મશ્કરી (ના) મજાક, હાંસી. [સાબાસ.
ધનધન (અ) સાબાસ
ચપટી (વિ)સાહેત,જરા
શેઠાણી=શેઠની બાયડી.

પાઠ ૧૬૬ મો.

ખો (ના) ખાઇ.
વેંતીઆ(વિ)બીક્ષસપુર.
જીકર (ના) જીદ, બેસ.
ટાઢો (વિ) ઠંડો, ધીમો.
સમરી (વિ) સુધારી.
અનેક (વિ) ઘણું, બહુ.

પાઠ ૧૬૭ મો.

ભાળ (ના) શોધ.
ઉષ્ણતા બાઇ (ના) ગરમી નામે સ્ત્રી.
ખતરી (ના) વણકરની એક જાત. [માણસ.
ગણતી (ના) હિસાબ,
બળીઓ (વિ) જોરાવર.
વિમાસવા(કૃ) વિચારવા.

પાઠ ૧૬૮ મો.

ડાટો (ના) ડટ્ટો, બુચ.
વરાળીઓ (ના) વરાળને રૂપે થયલો માણસ.
શીશોઇ(ના)સાંકડા મોંનું મુસાફરીમાં પાણી રાખવાનું વાસણ.
સજડ (વિ) મજબુત.
વેલા=આપદા, દુઃખ.

પાઠ ૧૬૯ મો.

દોલતવાળા(વિ)પૈસાદાર
બગાસાંખાય (ક્રિ) માખી મારે, જોયા કરે.
છૂટકો (ના) નીકાળ.
પસારીશ=પોહે ળીકરીશ

પાઠ ૧૭૦ મો.

અથડાવું (ક્રિ) અફળાવું.
બથંબથા=સામસામાં
વૈભવી (વિ) સુખીઆ.
વહેળા (વિ) નદી,નાળાં.
જળચક્કી (ના) પાણીના વેગથી ચાલે તે ઘંટી.

પાઠ ૧૭૧ મો.

પવનચક્કી (ના) પવનના જોરથી ચાલતી ઘંટી.
લક્ષ (ના) ધ્યાન.
સોબતીઓ(ના)સંઘાતી.
ખાતા (ના) કારખાના.
આગ્રહ (ના) બળાત્કાર.

પાઠ ૧૭૨ મો.

વનિતા(ના)સ્ત્રી,બાયડી.
દાવાનળ (ના) વગડાનો અગ્નિ.
સૂત્ર (ના) સૂતર.
મેડક (ના) દેડકો.
જસું (કૃ) જેવું.
મહિમા=મોટાઈ, રચના.
વિરલો=કોઇએક, શૂરો.
રણછોડ (ના) દેવામાંથી છોડનાર.
ખોડ (ના ખામી, ચૂક.
સુરજી (ના) સૂરજ.
કડવી (વિ) નઠારી.
મંગળ (ના) કલ્યાણ.

સુભકારી.
સુખમલ(વિ)સુખવાળો.
ઊપડે(વિ)ઊચકાય. [ળો.
પનોતો (વિ) પરિવારવાળો.
ધનપાળ (વિ) ધનસાચવનાર, પૈસાદાર.
ધરણીધર(વિ)પૃથ્વીધર.
ગિરધર (ના) પર્વત ધરનાર.
સંતોષી (વિ)આનંદી.
શીખ (ના) શીખામણ.
પ્રતાપ(ના)કીર્તિ, મેહેર.
નીર (ના) પાણી, તેજ.
કોય=કોઈ.

(કવિતાની સમજુતી). (૧૭).

પોતાના નામની મોટાઇ રાખે, એવો ભાગ્યે એકજ પુરૂષ હોય-નામ હોંશથી પાડેછે તો વખત બચપણમાંજ મરી જાય છે; (૧). રણછોડ નામ ધરાવે ને તે વ્યાજ ભરે એ તેનામાં મોટી ખામીછે; નામ **જોગીદાસ** (સાધુસેવક) ધરાવેછે તે પાસે બે બાયડીઓ રાખેછે. (૨). જેનું નામ **સૂરજ** જેવું હોયછે તે આંખે કશું દેખતો નથી; **શાકરનું** નામ ને મીઠી રીત રાખે પણ તેની બોલી નઠારીછે એવું જાણવું (૩). **હીરા, મોતીને, ને ઝવેર** રાખનારા પાસે ખોટો પૈસો હોતો નથી; તેમ મંગળ કલ્યાણ સરખું, પણ દાવાનળ દુઃખે તો પછાડી પલાણ કરેલું (૪). નામ વાઘનું ધરાવે ને હાથીની રીત રાખે, પણ તેથી શેરનો બોજો પણ ઉચકાય નહીં, **દેવકૃષ્ણને રામ** એ નામ હોય પણ તે શાકામ કરે છે

તેકાણ જાણે. (૫) કુળનું નામ રેહે એવો છોકરો મળે નહીં તે હીરનું નામ લઇ સૂતરથી કામ ચલાવે; તેમ ધનવાળો હોય તે ધંધો કરેને ધરણીધર તે મજૂરીએ ફરે છે. (૬) ગીરધર નામ ઘણાના છે. તેમાં દેવાભાઇને ભાર ઉંચકવો પડેછે,–ડાહ્યો નામ ધરાવે નેબોલે ત્યારે ઘેલું ઘેલું, તેમ સાચો તે ઓછું તોળીને આપે. (૭) ભલો કહીએ તે ભૂલવી નાંખે, ને સંતોષી તે ઘણું ખાય (પરમેશ્વર તેને આપ); રાજારામ ભીખ માંગે તો ઘેલો સૌને શીખામણ દે છે. (૮). નાનો નામ હોયપણ વખતે તેનામાં ઘરડા જેટલી અક્કલ હોય, તેવારે પ્રતાપ નામ (કીર્તિ) મેળવેલો માણસ હોય તેને પણ કોઇ ન પૂછે; જેનું નામ ચતુર હોય તે ચાડી કરે ને નાગ તે દેડકાથી બીએ; (એટલે વખતે મોટામાં નાના જેટલી હિમ્મત હોતી નથી.) (૯).

પાઠ ૧૭૩ મો.

ચાલ(ના)રીવાજ,ધારા
એકસંપ (ના) એકદીલ.
બાપદાદા(ના)ઘરડાવરડા
ખાદી (ના) હોટી.
બટાટા (ના) અલુખડા.

પાઠ ૧૭૪ મો.

ટેબલ (ના) મેજ.
વારામાં (ના) વખતમાં.
વહેલ(ના)સ્વારીનીગાડી.
ફરક (ના) ફેર, તફાવત.
લાંછન(ના)એબ, બટ્ટો.
બટ્ટો (ના) કલંક,દુષણ.

પાઠ ૧૭૫ મો.

આશીર્વાદ (ના)આશિષ, સારી દુઆ.
હજુરનો = ખીદમતગારીનો.
ઇર્ષા (ના) અદેખાઈ
દક્ષિણા (ના) ધર્મદાખલ બ્રાહ્મણને જે પૈસો આપવોતે.
ફજેતી(ના)ગેરઆબરૂ.
દેવડી (ના) મકાન.

પાઠ ૧૭૬ મો.

પાકું(વિ)વજ્જર, રીઢું
ફરવું (વિ) બોલ્યું નપાળવું, ઠગવું.
ફિટકાર (ના)તુચ્છકાર.
ડગમગતુ (વિ) હાલતું.
મરદ (ના) ભાયડો, નર.
આરંભ (ના) શરૂઆત.

પાઠ ૧૭૭ મો.

ગિરિરાજ (ના) પર્વતનો રાજા.
ખ્યાત (વિ) પ્રખ્યાત.
મિષ્ટ (વિ) મીઠો.
સ્વાદુ (વિ) સ્વાદદાર.
વીજ (ના) વીજળી.
ટાણે (ના) વખતે.
સોમ (ના)ચંદ્ર.
ઝુકી (ક્રુ) નમી.
નિર્મળાં વિ) ચોખ્ખા.

ઝર્ણાં (ના)ઝરા, નાળા.	રોજગારી (ના) વેપારી	જૈન (ના) શ્રાવક લોકો-ના ધર્મ.
શાગો (વિ)ઠંડો, ટાઢો.	પરાં (ના) વેગળા.	સ્થાન(ના)ઠેકાણું, જગો.
સુગંધી(ના)સુગંધવાળો	જતાંવેત=જતાં વારને.	દેવી (ના) માતા.
ઓપે (વિ) દીપે.	ટેવો (ના) ધારો.	

(કવિતાની સમજુતી). (૧૮).

જેમ આકાશમાં વરસાદ ચડી આવ્યો હોય, તેવો આબુ પર્વત વેગથી દેખતાં મનને ગમ્યો કુંડમાંનો દેવતા વીજળી જેવો દેખાય એવોજ આજે મોટો આબુ પર્વત (પર્વતનો રાજા) દીઠો. (૧) પૂનમને દહડે સાંજના ટાણે સૂર્ય ને ચંદ્ર એઊ ઘંટ બન્યા હોય ને કોઇ કહે કે દેવનો હાથી જેવો પર્વત દીપે છે, એવોજ આજે આબુ૦ (૨) તમે કદાચ ઉપર જઇને આંખ ઉઘાડીને જુઓ, તો ઝાડીનાં ઝુંડની ઘણી ઝાડીઓ ઝુલાઇ રહી છે,—ત્યાં માગ્યો ઘણો સ્વાદદાર મેવો મળે, એવો આજે મોટો-પર્વત૦ (૩). ત્યાં વાઘ, વાંદરાં, સિંહ ને હરણ રેહે છે. ને હમેશાં નિર્મળ પાણીનાં ઝરણ વહેછે, ઠંડો અને સુગંધદાર પવન વાય છે એવો આજે મોટો પર્વત૦ (૪) સારા ફૂલની ઝાડીઓ પણ લેહેકાઈ રહીછે, અને કુવા, વાવ કુંડ આગળ ઘણાં દીપેછે; મોટાં દેવનાં સ્થાનકોમાં દેવનો વાસોછે; એવો આજે મોટો પર્વત૦ (૫). જ્યાં બંગલાં બંધાઇને બજારો થઇછે, ને વેપારીઓ ધોકારે વેપાર કર્યા જાય છે; જેવો લેનારને માલ જોઇએ તેવો મળે છે. એવો આજ મોટો પર્વત૦(૬). ત્યાં તે તેર ગાઊ ઘેરાવાના તળાવમાં, અગ્યાર ગામનાં લોક પાણી પીવા આવેછે; જ્યાં કે જેઠ માસમા પ્રસેવો જરાએ જણાતો નથી એવો આજે મોટો પર્વત (૭) અખાડ મહિનામાં આગેનાં વાદળાં પાસે આવે, ને જતાં વારને જોવાની રીત દેખાય;-જેમ તમે ધૂણીનો ધુમાડો કેમ ધારો એવો આજે મોટો પર્વત૦ (૮) જેમાં જૈન ધર્મનાં હિંદુ લોકોનાં મોટાં દેવસ્થાનકો છે, અને એમાં મોટી પ્રખ્યાત અર્બુદા માતા છે; આ બધી વાતો જાણવાને વાસ્તેજ કહી છે, નેઆ સારા છંદ કવિ દલપતરામે બનાવ્યા છે.

મુખ્ય બનાવો.

ઇ. સ. પૂર્વે

૫૦૦૦ પાણીપતની લડાઇ કૌરવ અને પાંડવ વચ્ચે. પાંડવનો જય થયો.
૫૧૮ ઇરાનના બાદશાહ દારાયસનો હુમલો.
૩૨૭ જેલમની લડાઇ. સીકંદર તથા પોરસ રાજાની વચ્ચે. પોરસની હાર થઇ.

ઇ. સ.

૭૧૨ મહમદ કાસમની સરદારી તળે આરબોએ સિંધ પ્રાંત જીત્યો.
૭૧૪ મહમદ કાસમ મરણ પામ્યો.
૮૨૮ રજપૂતોએ સિંધ પ્રાંત પાછો લીધો.
૯૬૭ મહમૂદ ધઝનવીનો જન્મ થયો. [ભીમને હરાવ્યો.
૧૦૨૪ સોમનાથની લડાઈ. મહમૂદ ધઝનવીએ ગુજરાતના રાજા
૧૦૩૦ મહમૂદ ધઝનવી મરણ પામ્યો.
૧૧૭૩ મહમૂદ ઘોરી ધીઝનીની ગાદીએ બેઠો.
૧૧૭૮ મહમૂદ ઘોરી ગુજરાતપર ચઢી આવ્યો, પણ ભીમદેવે હરાવ્યો.
૧૧૮૬ મહમૂદ ઘોરીએ ધિઝની વંશના છેલ્લા રાજા ખુશરૂ પાસેથી લાહોર જીતી લીધું. [હાર્યો.
૧૧૯૧ થાનેશ્વરની લડાઈ મહમૂદ ઘોરી ને પૃથુરાજ વચ્ચે. ઘોરીશાહ
૧૧૯૩ ,, બીજી મહમૂદ ઘોરી તથા પૃથુરાજ વચ્ચે. પૃથુરાજ
૧૧૯૪ મહમૂદ ઘોરીએ કનોજના રાજા જયચંદરાયને હરાવ્યો. [હાર્યો.
૧૧૯૯ બખત્યાર ખીલજીએ બહાર પ્રાંત જીત્યો.
૧૨૦૩ બખત્યાર ખીલજીએ બંગાળા પ્રાંત જીત્યો.
૧૨૧૭ જંધીસખાંની સ્વારી.
૧૨૯૭ અલાઉદીને ગુજરાતની રાજધાની અણહિલવાડનો નાશ કીધો.
૧૩૦૩ અલાઉદીને ચીતોડ જીત્યું.
૧૩૮૮ ફિરોજશાહ તઘલખ મરણ પામ્યો.
૧૩૯૮ તેમૂરની દિલ્હી પર સ્વારી.
૧૪૦૫ તેમુર મરણ પામ્યો.
૧૫૨૮ બાબરે ચદેરીના કિલ્લાને ઘેરો ઘાલ્યો ને તે જીત્યો.
૧૫૪૩ અમરકોટમાં અકબરનો જન્મ થયો.

મુંબઈ:—ડાહ્યાભાઈ જગજીવનદાસ, ભૂલેશ્વર, રીરંગીના દેવળ પાછળ,
,, એન. ડી. મેહેતાની કું૦, કાળકાદેવી રસ્તા. [માવજી જેરામ ચાલ.
સુરત:—નગીનદાસ ફકીરભાઈ, સગરામપુરા.